। श्री स्वामिनारायणो विजयतेतराम् ।

અનાદિ મુક્ત

# પ. પૂ. શ્રી સોમચંદભાઈ

ના

# પત્રો દ્વારા ઉપદેશ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૧૩


શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

અમદાવાદ ૩૮૦ ૦૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનનું
## પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણ-કમળ દર્શાવ્યા છે. શ્રી ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે :

* જમણા ચરણકમળમાં નવ ચિહ્નો :

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે,

**અષ્ટકોણ** ઉત્તર - દક્ષિણ - પૂર્વ - પશ્ચિમ - અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્ કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે,

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે,

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે,

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય પતાકા છે,

**વજ્ર** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે,

**પદ્મ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે,

જાંબુફળ — ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે,

જવ — અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

* ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો :

મીન — સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે,

ત્રિકોણ — જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે,

ધનુષ — અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે,

ગોપદ — ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે,

વ્યોમ — ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે,

અર્ધચંદ્ર — ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે,

કળશ — ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલાં ભગત્સ્વરૂપનાં મંગલમય ચિહ્નોને દષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ સેવા-પ્રવૃત્તિઓ સદૈવ કરતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

। श्रीं स्वामिनारायणो विजयतेतराम् ।

અનાદિ મુક્ત

# પ. પૂ. શ્રી સોમચંદભાઈ

ના

# પત્રો દ્વારા ઉપદેશ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૧૩

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
અમદાવાદ ૩૮૦ ૦૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

## સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

### સંશોધન – લેખન – સંકલન કર્તા

### પ્રકાશન સમિતિ


નારાયણભાઈ ઠક્કર
લાભચંદ્રભાઈ આદેશરા
રામકૃષ્ણભાઈ સોમૈયા
બિપિનભાઈ સ્વદાસ
હીરાભાઇ પટેલ
બાબુભાઈ વડોદરીઆ
કાન્તિભાઈ ગાંધી
જિતેન્દ્રભાઈ વ્યાસ



© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ)



આવૃત્તિ પહેલી
પ્રત ૨000

સં. ૨૦૪૫, પ્રબોધિની
૧૯૮૮, વીસ નવેમ્બર

પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
'શ્રી સ્વામિનારાયણ જ્ઞાનભવન'
૧ સર્વમંગલ સોસાયટી
નારણપુરા, અમદાવાદ ૩૮૦૦૧૩

મુદ્રક :
પરેશ કાંતિલાલ ગાંધી
સર્વોદય પ્રેસ
ટે : ઘ. ૪૦૩૦૪૦ ઓ. ૩૫૪૩૪૨
લેન નં. ૧૧, બં. નં. ૨૨૨
સત્યાગ્રહ છાવણી, અમદાવાદ–૫૪



સર્વોપરી ઉપાસ્યમૂર્તિ શ્રી સ્વામિનારાયણ ભગવાન

# અર્પણ

અનંતકોટિ મુક્તોના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા, એ દિવ્ય સ્વરૂપનું સર્વોપરીપણું સર્વત્ર પ્રવર્તાવિનારા અને અનાદિ મુક્તોની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા – આ રીતે સમગ્ર સત્સંગ પર મહદ્ ઉપકાર કરનારા

પરમ કૃપાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

સમર્પિત.

## સ્વામી-સેવક ભાવ

શ્રીજીમહારાજના સકામ ભક્ત બ્રહ્માથી લઈ અક્ષર સુધીની પદવીને પામે છે, અને નિષ્કામ ભક્ત પોતાની સમીપે પરમ એકાંતિક અથવા પોતાની મૂર્તિમાં રહેલા અનાદિ મુક્તની પદવીને પામે છે પણ **ભગવાન શ્રી પુરુષોત્તમ જે એક જ છે તે ભગવાનની પદવીને તો કોઈ પણ પામી શકતા નથી.** ને ભક્ત કોઈ દિવસ પોતાના સ્વામીની પદવીને ઇચ્છે જ નહિ.

શ્રી સ્વામિનારાયણ ભગવાન કૃપા કરીને અનાદિ મુક્તાને રસબસ પોતાની મૂર્તિમાં જ નિમગ્ન-લુબ્ધ રાખે છે, જેમ દૂધમાં સાકર રહે છે તેમ. છતાં પોતે સ્વામી ને અનાદિ મુક્ત સર્વે સેવક છે ને સદા સાકાર છે.

**શ્રી સ્વામિનારાયણ ભગવાન એક જ છે,** અને અનાદિ મુક્ત અનેક છે ને અનેક થાય છે ને અનેક થશે, તે સર્વેને સુખના દાતા છે અને **અનાદિ મુક્ત સર્વે એ એક જ મૂર્તિના સુખભોક્તા છે.**

**– શ્રી અબજીબાપા**



અનાદિ મુક્તરાજ પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી

# સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન એક એવી ગ્રંથ-શ્રેણી પ્રકાશિત – સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાંચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમ સુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિના સાધન બની ન રહેતાં, માનવીય આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે. સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્યસુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા તે માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે અને પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવું પ્રેરણાદાયી સાહિત્ય સર્જન કરવાનું છે.

માનવજાતના સાચા આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષ માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવનને સતત ઊર્ધ્વ

બનાવી આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વ સમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનના **'વચનામૃતમ્'** તથા **'શિક્ષાપત્રી'**માં તત્ત્વજ્ઞાનનું જે ઊંડાણ છે તે અનન્ય છે. તદ્‌ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તાપુરુષો દ્વારા ઉત્તમ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

આ ગ્રંથોમાં સાચી સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વ જનો – પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા આદર્શો ને જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાત્રી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ સિદ્ધાંતો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઈચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીના પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્ય ભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીના પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઈચ્છીએ છીએ અને મિશનના આ કાર્યમાં શ્રીજી-કૃપા ભળે એ જ અભ્યર્થના.

શ્રીહરિ જયંતી
૧૯૮૬, અઢાર એપ્રિલ
અમદાવાદ

**નારાયણભાઈ ઠક્કર**
પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

# નિવેદન

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત સર્વજીવહિતાવહ ગ્રંથમાળાના ૮ મા ગ્રંથમાં અ.મુ. પ. પૂ. શ્રી સોમચંદભાઇ જીવરાજભાઈ મહેતાએ સત્સંગમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય જ્ઞાનામૃતનો પવિત્ર પ્રવાહ વહેવરાવ્યો તે તેમના 'પત્રો દ્વારા ઉપદેશ' શિર્ષક હેઠળ ખંડ: ૨ તરીકે છાપેલ છે, જે આ સ્વતંત્ર પુસ્તિકારૂપે સત્સંગ સમક્ષ રજૂ કરતાં અમને આનંદ થાય છે.

શ્રી સોમચંદભાઈ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનાદિ મુક્ત હતા; એક સિદ્ધ પુરુષ હતા, એક આર્ષદ્રષ્ટા હતા. તેમનું જીવન શ્રીજીમહારાજે પ્રસરાવેલા સ્વ-સ્વરૂપના જ્ઞાનનું એક તેજસ્વી કિરણ હતું, જે સમગ્ર સત્સંગમાં પ્રસર્યું અને અનેક મુમુક્ષુ જીવોને સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપમાં જોડવામાં કારણભૂત બન્યું.

અ. મુ. સોમચંદભાઇ જીવોને મોક્ષના માર્ગે વાળવા, પોતાના આદર્શ જીવન દરમિયાન ગામડે ગામડે ફર્યા; અને જ્યાં જ્યાં તેમણે તેમનું ઉપદેશામૃત વહેવરાવ્યું ત્યાં ત્યાં તે પ્રવાહને તેમણે હેતવાળા હરિભક્તોને પોતાના નિયમિત અને અવિરત પત્રોના લેખન દ્વારા સજીવન રાખ્યો. તેમણે વહેવરાવેલ જ્ઞાનગંગાનો-વાતોનો સંગ્રહ જો એ સમયે થયો હોત તો કેવું સરસ થાત તેનો ખ્યાલ તેમના પત્રોનો સંગ્રહ જે આપણને સાંપડ્યો તે પરથી આવે છે. એ આપણું અહોભાગ્ય છે કે

તેમના જ્ઞાનોદધિનો થોડોએક આસ્વાદ અનુભવવાનું આ પત્રોરૂપી સાધન આપણને પ્રાપ્ત થયું.

શ્રીજીમહારાજની સાથે આવેલા સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી મુક્તાનંદ સ્વામી, શ્રી ગુણાતીતાનંદ સ્વામી, શ્રી બ્રહ્માનંદ સ્વામી આદિ મહામુક્તોનો સમાજ અવિદ્યા અને અજ્ઞાનનો નાશ કરવા પ્રગટ થયેલ દિવ્ય સૈન્ય (Salvation Army) હતું. તેમના દ્વારા અનેક મુમુક્ષુઓને શ્રીજીના સર્વોપરી સ્વરૂપમાં જોડવાનો દુર્લભ લાભ મળ્યો. સત્સંગરૂપી બગીચાને પોષણ આપનાર એવા કુશળ માળીઓ પૈકી પ. પૂ. સોમચંદભાઈ એક હતા. તેમણે શ્રીજીએ સીંચેલું જ્ઞાન તેમના જીવન કાર્ય દ્વારા પ્રસરાવ્યું. એ જ્ઞાન પ્રસાદી રૂપે આ પત્રો છે.

પ. પૂ. સોમચંદભાઈએ લખેલા પ્રેરણાદાયી પત્રો આશરે ૧૧૦૦ થી વધુ સંખ્યામાં ભેગા કરવામાં આવ્યા છે. તે પત્રો ક્રમાનુસાર ગોઠવી તેમાં રહેલો ઉત્તમ ઉપદેશ અક્ષરશ: તેમના પોતાના શબ્દોમાં જુદો તારવી લીધો, જે આ પુસ્તિકામાં સમાવી લીધેલ છે. આ પત્રોમાંથી તેમના દિવ્ય જીવન અને વિચરણ વિષે સ્પષ્ટ ચિત્ર ઊપસી આવે છે, જે મુમુક્ષુઓને શ્રીજીની પ્રસન્નતાના સાધનો કરવા પ્રેરે છે અને આત્યંતિક દિવ્ય સુખની દુર્લભ પ્રાપ્તિ તરફ ખેંચી જાય છે.

આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ મુંબઈ નિવાસી અ.નિ. પરમ ભગવદીય અ. મુ. તુલસીદાસભાઈ રણછોડદાસભાઈ સોમૈયા, જેઓ 'મીઠુભાઈ' ના હુલામણા નામથી જાણીતા હતા. તેમના સ્મરણાર્થે તેમના સુપુત્ર પરમ ભગવદીય અ.મુ. શ્રી રામકૃષ્ણભાઈની શુભ ઈચ્છાથી પ્રકાશિત થાય છે. શ્રીજીમહારાજ તથા સમગ્ર સત્સંગ તેઓશ્રી તથા તેમના

સમગ્ર કુટુંબ ઉપર, તેમજ આ પુસ્તિકાના સુંદર ને શુદ્ધ પ્રકાશન કાર્યમાં સેવારૂપ થયેલ સૌ ઉપર ખુબ પ્રસન્ન થાઓ એ જ અભ્યર્થના.

અંતમાં, આવો મોક્ષોપયોગી આ જ્ઞાન-સંગ્રહ શ્રીજી પ્રસન્નતાર્થે સત્સંગમાં સર્વ સુલભ બને એવા શુભ આશયથી અલગ પુસ્તિકારૂપે પ્રગટ કરેલ છે. આ પુસ્તિકા વાચકવૃંદને જ્ઞાનમાર્ગની માર્ગદર્શિકા બની નિત્ય મનનીય બની રહેશે એવી શુભ આશા સાથે સમગ્ર સત્સંગની સેવામાં અર્પણ કરી કૃતાર્થતા અનુભવીએ છીએ.

સં. ૨૦૪૫, પ્રબોધિની
૧૯૮૮, વીસ નવેમ્બર
અમદાવાદ

– પ્રકાશન સમિતિ
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

# શ્રીહરિનાં મનનીય બોધવચનો

* અનંત મુક્ત થઈ ગયા ને અનંત થાશે તેમાં ઉપાધિમાં રહીને નિર્લેપ રહે એવો કોઈયે થયો નથી ને થાશે પણ નહિ. અને હમણાં પણ કોઈયે નથી અને કોટી કલ્પ સુધી સાધન કરીને પણ એવો થવાને કોઈ સમર્થ નથ. (પ્ર. પ્ર. ૧૮)

* ભગવાનના નિશ્ચય અને માહાત્મ્ય રૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંત:કરણ ને દશ ઈન્દ્રિયો રૂપ જે ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે, જેને યથાર્થ ભગવાનનો નિશ્ચય ન હોય, ને યથાર્થ ભગવાનનો મહિમા જણાણો ન હોય તેના ઈન્દ્રિયો તથા અંતઃ-કરણ તે પોતપોતાના વિષયથકી યથાર્થપણે નિવૃત્તિ પામતા નથી. (પ્ર. પ્ર. ૨૪)

* ભગવાનને વિષે વૃત્તિ ક્યારે જોડાય તે જ્યારે સર્વે ઠેકાણેથી વાસના તૂટીને એક ભગવાનના સ્વરૂપની વાસના થાય ત્યારે તે વૃત્તિ કોઈની હઠાવી ભગવાનના સ્વરૂપમાંથી પાછી હઠે નહિ. (પ્ર. પ્ર. ૨૫)

* ત્યાગીને ને ગૃહસ્થને નિયમ કહ્યા છે તેમ જેને જેટલો ફેર પડે તેટલો તેને કલેશ થાય છે અને ભગવાનથી જે વિમુખ જીવ હોય તેને જે સુખદુ:ખ આવે છે તે તો પોતાના કર્મે કરીને આવે છે ને જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું સુખદુ:ખ થાય છે તે કર્મનું પ્રેર્યું થાતું નથી. ભગવાનના ભક્તને તો જેટલું દુ:ખ થાય છે તે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે. (પ્ર. પ્ર. ૩૪)

* જે ત્યાગી હોય તેને તો કચરોને કંચન એ બેય બરોબર હોય અને આ પદાર્થ સારું ને આ પદાર્થ ભૂંડું એવી તો સમજણ હોય જ નહિ અને એક ભગવાનને વિષે જ પ્રીતિ હોય. તે જ સાચો ત્યાગી છે. (પ્ર. પ્ર. ૩૬)
* જેને મનમાં ભગવાનના ઘાટ થાતા હોય ને જગતના ઘાટ ન થાતા હોય તે આપણા સત્સંગમાં મોટેરો છે ને એવો જે ન હોય તે નાનેરો છે. (પ્ર. પ્ર. ૩૮)
* પરમેશ્વરની બાંધેલ જે પંચ વર્તમાનની મર્યાદા તેમાંથી કોઈક વર્તમાનનો તે સાધુ ભંગ કરે ત્યારે તેનો અવગુણ લેવો પણ અમથો ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહિ. (પ્ર. પ્ર. ૫૩)
* રૂડા ગુણ આવ્યાનું કારણ એ છે જે મોટા પુરુષને વિષે જે નિર્દોષ બુદ્ધિ રાખે છે તે પોતે સર્વે દોષ થકી રહિત થાય છે અને જે મોટા પુરુષને વિષે દોષ પરઠે છે તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને કામાદિક જે શત્રુ તે સર્વે તેના હેયામાં આવીને નિવાસ કરે છે. (પ્ર. પ્ર. ૭૩)
* ભગવાનનું જે એક નિમિષ માત્રનું દર્શન તે ઉપર અનંતકોટી બ્રહ્માંડનાં જે વિષય સુખ છે તે સર્વેને વારી ફેરીને નાખી દઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંત કોટી બ્રહ્માંડના વિષય સુખ ભેળાં કરીએ તો પણ તેના કોટીમા ભાગની બરોબર પણ થાય નહિ. (સા. ૧)
* સિદ્ધદશા આવ્યા વિના રૂપને જોઈ જોઈને મરી જઈશ તો પણ તે રૂપ મળશે નહિ. અને ગ્રામ્ય

શબ્દને પણ સાંભળી સાંભળીને મરી જઈશ તો તેણે કરીને બુદ્ધિ તો અતિશે ભ્રષ્ટ થઈ જાશે પણ તેમાંથી કાંઈ પ્રાપ્તિ નહિ થાય એવી રીતે નેત્રને ને શ્રોત્રને ઉપદેશ દઈને એક ભગવાનની મૂર્તિમાં જ રાખવા. (સા. ૨)

* ઘડીક પોતાને આત્મારૂપ માને ને ઘડીક દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એને ગોબરો જાણવો, માટે એના અંતરમાં સુખ ન આવે. જેમ સુંદર અમૃત સરખું અન્ન હોય ને તેમાં થોડુંક ઝેર નાખ્યું હોય તો તે અન્ન સુખદાયી ન થાય સામું દુઃખદાયી થાય છે તેમ આઠે પહોર આત્માનો વિચાર કરીને એક ઘડી પોતાને દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એટલે એનો સર્વે વિચાર ધૂળમાં મળી જાય છે. (સા. ૪)

* જે ગાફલાઇ રાખશે ને તે ભગવાનનો ભક્ત હશે તો પણ તેને પ્રમાદ ને મોહ એ બે શત્રુ નડચા વિના નહિ રહે, જેમ મદિરા પીએ તથા ભાંગ્ય પીએ તો જેમ વિમુખને કેફ ચડે છે તેમજ ભગવાનનો ભક્ત હોય તેને પણ કેફ ચડે ને ગાંડો થાય. તેમ મદિરા ને ભાંગ્યરૂપ જે પ્રમાદ ને મોહ તે તો જેમ વિમુખ જીવને નડે તેમજ ભગવાનના ભક્તાને પણ નડે. (સા. ૧૪)

* જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ, જેમ ભગવાનનું ગમતું હોય તેમજ રહે. (કા. ૧૧)


* જ્યારે વિષયમાંથી આસક્તિ ટળે ત્યારે વિષય સારા કે નરસા તેનો ભેદ રહે નહિ. જેવી રૂપવાન સ્ત્રી

તેવી જ કુરૂપવાન સ્ત્રી ભાસે અને તેવી જ રીતે પશુ, પક્ષી, લાકડાં, છાણાં, પથરા, સુવર્ણ એ સર્વને તુલ્યપણે જુવે પણ સારું પદાર્થ દેખીને તેમાં મોહ ન પામે, એવી રીતે પંચવિષયને વિષે વર્તે પણ સારો કે નરસો એવો બુદ્ધિને વિષે ભેદ રહે નહિ. એવું જેને વર્તે તેને નિર્મોહી કહીએ. તે શ્રીકૃષ્ણ ભગવાને પણ ગીતામાં કહ્યું છે જે : "સમલોષ્ટાશ્મ કાંચન:" એવાં જેનાં લક્ષણ હોય તેણે ભગવાનનું સ્વરૂપ તત્ત્વે કરીને જાણ્યું છે અને એને જ અનન્ય ભક્ત કહીએ અને પતિવ્રતાનું અંગ પણ તેનું જ જાણવું અને જ્ઞાની પણ તેને જ જાણવો અને ભગવાન પણ તેની ઉપર જ રાજી થાય છે અને ભગવાનને એવો ભક્ત અતિશય વહાલો છે. (મ. ૧)

પંચવિષય છે તે તો પૂર્વે દેવ મનુષ્યાદિકને વિષે અનંત દેહે કરીને આપણા જીવે ભોગવ્યા છે તો પણ હજુ લગણ એ વિષયની તૃપ્તિ થઈ નથી. તો હવે ભગવાનના ભક્ત થઈને વર્ષ કે બે વર્ષ કે પાંચ વર્ષ વિષય ભોગવીને પૂર્ણ થવાશે નહિ. જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા માંડીએ તે ક્યારેય ભરાય નહિ તેમ ઈન્દ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહિ. (મ. ૪૭)

સર્વે સદ્‌ગ્રંથનું પણ એ જ રહસ્ય છે જે ભગવાન છે એ જ પરમ સુખદાયક છે, ને પરમ સાર વસ્તુ છે, ને તે પ્રભુ વિના જે જે બીજા પદાર્થ છે તે અતિશે તુચ્છ છે ને અતિ અસાર છે અને જેને ભગવાન જેવી બીજા પદાર્થમાં પણ પ્રીતિ હોય તેનો તો ઘણો જ પાયો કાચો છે. (મ. ૫૬)

એવા સંત શિરોમણિ ક્યાં મળે.
જેણે દેહબુદ્ધિ કરી દૂર;
કહે નિષ્કુળાનંદ એને સંગે,
ઊગે અંતરે આનંદ સૂર.



અનાદિ મુક્ત પ. પૂ. શ્રી સોમચંદભાઈ

# પત્રો દ્વારા ઉપદેશ

૧

આપણે સાધનથી મુક્ત થયા એમ ન માનવું. શ્રીજીમહારાજના કર્યા મુક્ત થયા છીએ.

૨

શ્રીજીમહારાજ અખંડ છે, અનાદિની સભા અખંડ સાથે છે. એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ છે. મહાપ્રભુ સૌને એકકાળાવિચ્છિન્ન સુખ આપે છે. મુક્ત સદાય સેવક છે. સૌના સ્વામી, સૌના નિયંતા, સૌના સુખદાતા શ્રીહરિ પુરુષોત્તમ નારાયણ છે. મુક્તોએ એ દિવ્ય મનોહર મૂર્તિના ગીત ગાયાં છે, એ ગીતને આપણે કીર્તન કહીએ છીએ. નખશિખા સુધી એ એક જ મૂર્તિનું વર્ણન કર્યું છે. જાનૈયા-જાનડિયું ઘણી હોય, વર તો એક જ હોય. આ અખંડ વર તે શ્રીજીમહારાજ. એ મૂર્તિને વરનારા અખંડ સોહાગી. આપણા અહોભાગ્ય જેથી આ કૃપાળુ ન્યાલકરણ મળ્યા. ખોટનાં ખાતાં કાઢી નાખ્યાં અને અખૂટ ખજાનો આપ્યો. અખૂટ ખજાનો બીજો નહીં, શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ.

"ખરચ્યું ન ખૂટે, એને ચોર ન લૂંટે,
દામની પેઠે એ, ગાંઠે બાંધ્યું ન છૂટે."

મોઢું નાનું ને ગુણ ગાવા મહાપ્રભુના! એ તો અક્ષરકોટિ સુધી કે મુક્તકોટિ સુધી કોઈ ગાઈ શકતા નથી. છેવટે 'અપાર, અપાર' કહી ચરણમાં નિવાસ કરે છે. ચરણ કહેવાય તોય રસબસ ભાવે મૂર્તિ જ. જુદા જુદા અંગની વાત તો દેહભાવ હોય ત્યાં સુધી છે. દિવ્યભાવમાં તો ચૈતન્યને સાકાર કરી રસબસ ભાવે મહારાજ પોતાની દિવ્ય મૂર્તિના સુખભોક્તા કરે છે. એ સુખના અનુભવનારા અપાર અપારપણું કહે છે, સમજે છે ને સમજાવે છે. શ્રીહરિ

વચનામૃતમાં કહે છે કે એ મૂર્તિનું એક ક્ષણવાર સુખ ભોગવ્યું હોય તો જાણે કોટાનકોટિ કલ્પ સુધી સુખ ભોગવીએ છીએ. એ દિવ્ય સુખમાં અખંડ રહેવા આપણે અખંડ અવિનાશી શ્રીહરિ સહજાનંદ સ્વામી ભગવાન ભેળું રહેવું. દેહભાવ કાઢી મૂર્તિ આપી છે. આપણે મૂર્તિ જ છે, મહારાજ જ છે, એવું મનન કર્યા કરવું. મૂર્તિ મૂકવી નહીં ને નિશાન ચૂકવું નહીં. એક મૂર્તિનાં જ ગીત ગાવા. બીજા નામ વચમાં શા માટે નાખવાં? સત્સંગ બધો દિવ્ય જાણવો, ખામી જણાય તે આપણી જાણવી.

૩

શ્રીજીમહારાજે ઘણી દયા કરી, એટલે સત્સંગમાં જન્મ આપ્યો, પોતાની ઓળખાણ કરાવી. લાલાબાબુએ તો સાત કરોડ વાપરી નાખ્યા હતા પણ મહારાજની ઓળખાણ એ ધન ખરચતા ન થઈ, પણ સંતો સાથે અત્તરની શીશી મોકલાવી હતી તે અત્તર મહારાજે સૂંઘી પ્રસાદીનું કર્યું, પછી સંતોને નાકે આંગળી વડે ચોપડી બોલ્યા :

"બીજા ભેખ થાશે ધૂળધાણી;
રહેશે તમારા મુખનું પાણી."

એક અત્તરની શીશી અંગીકાર કરી એટલે મહારાજ મળ્યા, સત્સંગમાં જન્મ આવ્યો. પણ સાત કરોડનું ફળ એટલું થયું નહી. આવી વાત આપણને હાથ આવી છે.

૪

સૂરજ પાસે તેજ માંગવું ન પડે, એ તેજના ભંડાર છે, તેમ મહારાજ આવે એટલે મોક્ષ આવી ગયો, કેમકે

"મોક્ષપતિ કુંવર ભક્તિધર્મના રે લોલ,
હરિકૃષ્ણ નારાયણ નામ, પ્રભુ પ્રગટ થયા છે આ સમે રે લોલ."

સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતમાં છે કે શ્રીજીમહારાજ

પોતાના આશ્રિતને સુખ આપવા પધાર્યાં છે. તેથી એ મૂર્તિ ને એમના વચન રાખતાં મોક્ષ માગવો પડે તેમ નથી.

૫

આપણે એવો અભ્યાસ પાડવો કે મહારાજ વિના ક્યારેય એકલા ન રહેવું.

મહારાજ દિવ્ય છે, તેમના જેવું આ લોકમાં કોઈનું રૂપ નથી, કોઈનું એવું સામર્થ્ય નથી. એવા ભગવાન આપણને દયા કરીને મળ્યા છે, પણ આપણી આંખોમાં આ લોકનું આવરણ હોય તેથી જેમ છે તેમ દેખી શકાતું નથી. આપણા આવરણવાળા દેહથી તેજોમય મહારાજ જોઈ ન શકાય તેથી દયાળુ ભગવાન મનુષ્ય જેવા થયા, એવી જીવ ઉપર ભગવાનની દયા છે.

૬

અક્ષરધામની ભૂમિ સર્વત્ર તેજોમય છે. એ સ્થાનમાં તેજોમય મહારાજ અને મુક્ત બે જ વસ્તુ છે. મહારાજને ફરતા મુક્તો બેઠા છે. બધાને એક સરખા દર્શન થાય છે, સુખ એક સરખું આવે છે. એ સભાને પરમ એકાંતિક નામે ઓળખાવેલ છે અને બીજા મુક્તો મહારાજની મૂર્તિના આકારે સાથે રહ્યા છે, તેમને અનાદિ મુક્ત કહેલ છે, એ મુક્તો દેખાતા નથી, એ મુક્તોને મહારાજ જ દેખાય છે, એટલે તેમને મૂર્તિરૂપ કહેવાય છે. શ્રીજીમહારાજ ને આ અનાદિ મુક્તો રસબસભાવે ભેળા જ રહે છે, જેથી ઓતપ્રોત, તદ્રૂપ, તલ્લીન એમ કહી બાપાશ્રી સમજાવે છે. આ અનાદિ મુક્તાને સર્વે ઠેકાણે મહારાજ દેખાય છે.

૭

આપણે મનન કરી મહારાજની દિવ્ય મૂર્તિમાં જોડાવું. જેમ સિંહાસનમાં મૂર્તિ પધરાવે પછી જ્યારે ત્યાં દષ્ટિ કરીએ

ત્યારે દર્શન થાય તેમ મોટાએ આપણા ચૈતન્યમાં શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવી દીધી છે, તેથી પ્રનિલોમ દષ્ટિથી એ મૂર્તિ આકારે દષ્ટિ રાખ્યા કરવી.

૮

આપણે મુદ્દો રાખવો. મુદ્દો શું? તો મહારાજની મૂર્તિ. આપણે સત્સંગમાં એ કરવા આવ્યા છીએ. મૂર્તિ સિદ્ધ થઈ તો બધું ય થયું. મૂર્તિ વિના બીજું કાંઈ નજરમાં જ ન આવે એમ કરવું. શ્રીજીમહારાજે આપણા ચૈતન્યને મૂર્તિરૂપ સાકાર કરી દિવ્યમૂર્તિમાં રાખેલ છે. આપણા ચૈતન્યના આધાર તો મહારાજ જ છે, એમ વર્તવું એ જ મનુષ્યદેહનું ફળ છે.

૯

મૂર્તિના સુખથી ભર્યા રહેવું. મોટા મુક્તો એ દિવ્ય સુખનો આહાર કરે છે, એ દિવ્ય સુખરૂપ અમૃત જમે છે, એ સુખનાં પારણાં કરવા, એ સુખને ઝીલવું, એ સુખરૂપ અમૃતમાં નાહવું.

બાપાશ્રીએ રમૂજ કરતાં કહ્યું કે અમારા દાંત સર્વે પડી ગયા છે, પણ અમારે કોઈ જીવને પડવા દેવો નથી!

૧૦

મને મંદવાડ છે પણ શરીરમાં છે. ચૈતન્યમાં તો આનંદ વર્તે છે. મોટા મુક્તને આ લોકનું કાંઈ હોય નહિ, તોપણ દેહભાવને લીધે જે કાંઈ બતાવે તે મહારાજની મરજીથી જાણવું.

૧૧

સુવાસિનીબાઈએ શ્રીજીમહારાજ નાના હતા ત્યારે મનુષ્ય લીલાથી મોહ પામી એક ધોલ મારેલી, તે ઘણા વખતે સાંભરી, તેથી એક દિવસ રોવા લાગ્યા અને કહ્યું કે હું ભક્તિમાતાને અક્ષરધામમાં શું જવાબ દઈશ? જેને મોટા મોટા અવતારો વંદે છે તેવા સર્વોપરી ભગવાનને મેં ધોલ

મારી! એ વિચારે પસ્તાવો કરી મહારાજ પાસે ગુનો માફ કરાવવા પ્રાર્થના કરી. ત્યારે મહારાજ કહે : તે તો તમે બહુ સારું કામ કર્યું હતું, કારણ કે હું ભગવાનપણું ભૂલી ગયો હતો પણ તમે મને ધોલ મારી ત્યારથી કોઈ દિવસ ભગવાન-પણું ભુલાતું નથી. હવે ધોલ માર્યાનું ફળ શું? તે હું નાનો હતો ત્યારથી મેં જે જે મોટા કામો કર્યા, અનંત જીવનો મોક્ષ કર્યો, મોટા મોટા જગન કર્યા, મોટાં મોટાં ધામ બાંધ્યાં, તેમાં અસંખ્ય જીવોનો મોક્ષ થયો તેનું જે ફળ થાય તે ફળ હું તમને આપું છું. આવો મહારાજે રાજીપો બતાવ્યો. એમ અવળાનું સવળું કરી પોતાના મુક્તને રાજી કર્યા. તેમ આપણે પણ પ્રાર્થના કરવી.

૧૨

મહારાજે એક વાર ઓખાઈ જોડા પહેર્યા, જાડો સૂંથણો પહેર્યો, ઘેરવાળું કેડિયું પહેર્યું, માથે દક્ષિણી પાઘડી બાંધી, ભાલમાં ચંદનની આડ ને વચ્ચે કુંકુમનો ચાંદલો, કાને ટીપણું ખોસ્યું, ગળામાં ફકીર પહેરે છે તેવી તસબીની માળાઓ પહેરી, એક હાથમાં માળા લીધી ને બીજા હાથમાં બંદૂક લીધી ને સભામા પધાર્યા! સૌને કહે : અમે કોના જેવા લાગીએ છીએ? પછી સૌ વિચારી રહ્યા, પણ કોના જેવા કહેવા એ સમજાણું નહિ. પછી તો એક વૃદ્ધ સંત ઊઠચા કે' મહારાજ? તમ જેવા તમે એક, કોઈ તમારા જેવા નહીં. આવા વચનથી મહારાજ બહુ રાજી થયા.

૧૩

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે મહાસમુદ્રમાં સો વરસ સુધી વહાણ ચાલ્યું જાય, પછી આગલો કાંઠો ન દેખાય, તેમ પાછલો કાંઠો પણ ન દેખાય, એને તો જ્યાં જુએ ત્યાં જળ જ દેખાય, તેમ મહામુક્તોને એક

શ્રીજીમહારાજની મૂર્તિ જ દેખાય છે. સ્થાવર-જંગમ જ્યાં જુએ ત્યાં મૂર્તિ દેખે છે.

૧૪

આ લોકમાં મહારાજ વિના બધુંય અસત્ય છે. બાપાશ્રીએ મૂર્તિ વિના 'વાની' કહી છે. સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ મૂર્તિ વિના 'રાખ' કહી છે. સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ મૂર્તિ વિના 'શેલી' કહી છે. શેલી, રાખ ને વાની ત્રણ એક જ છે. બધી રાખ જ છે. માટે મહારાજ ને મોટા રાખને મુકાવી મુર્તિ રૂપી દિવ્ય ચિંતામણિ આપે છે.

૧૫

સત્સંગમાં સત્સંગ ઓળખવો, એમ મોટા મુક્તો કહે છે. તે શું? તો શ્રીજીમહારાજ જેવા બીજા કોઈ નહિ અને તે જેવા ધામમાં છે તેવા જ અત્યારે મૂર્તિરૂપે દર્શન દે છે, અને એમના મુક્ત છે તે પણ જેવા અક્ષરધામમાં છે તેવા જ અહીં છે. આ બે સિવાય ક્યાંય હેત ન રહે તેવી ચોખ્ખી સમજણ કરવી.

બાપાશ્રી કહેતા કે મૂર્તિ, મુક્ત ને ધામ એ ત્રણનું આપણે કામ છે અને તે સદાય ભેળા છે. આત્માની ધામ સાથે એકતા કર્યા પછી આપણો ચૈતન્ય મહારાજના ધ્યાનથી સાકાર થાય છે, ત્યારે મૂર્તિ, મુક્ત ને ધામ એ ત્રણ સાથે જ સમજાય છે. એવું મનન થાય પછી બહાવૃત્તિએ જોવાની તાણ ન રહે, એ સત્સંગમાં સત્સંગ સમજાણો કહેવાય. દેહ મૂકીને ધામમાં જવું છે તેને બદલે હવે એમ મનાય છે કે આપણે મહારાજ ભેળા સદાય ધામમાં જ છીએ.

૧૬

ટપાલને અઠવાડિયું થાય તો જાણે ઘણા દિવસ પસાર થઈ ગયા એમ લાગતું હોય તો મૂર્તિ ભૂલી બહારવૃત્તિ શું કામ

કરવી પડે? અનંતકોટિ મુક્ત જેમ મૂર્તિરૂપે સદાય વર્તે છે તેમ અનાદિ મુક્તની સ્થિતિમાં જ રહેવું.

૧૭

શ્રીજીમહારાજ અને તેમની દિવ્યસભા પાસે આપણે સૌએ દાસભાવે વર્તવાનું છે. શ્રીજીમહારાજ જેવા સર્વોપરી ભગવાન અને એ મૂર્તિમાં રસબસ ભાવે રહેલા અનંત અનાદિ મુક્ત તેમ જ અક્ષરધામની સભા પાસે–આ લોકમાં રહેલા દેહભાવવાળાને એ સભાના દર્શન–સ્પર્શનો લાભ ક્યાંથી મળે? આ તો

**"નરવિગ્રહ ધર્યો કરુણા કરી રે લોલ,"**
**"હું તો તમ કારણ રે આવ્યો ધામ થકી ધરી દેહ,"**
**"આવી અક્ષરધામથી અવનીમાં જે દેહધારી થયા,"**

આ રીતે શ્રીહરિ પોતે તથા મહામુક્તોએ આપણને એ દિવ્યસભામાં ભેળવવા આ બધું કર્યું છે. શ્રીજીમહારાજ તો એક સંકલ્પમાત્રે અનંતને સુખિયા કરી મૂકે તેવા છે. અક્ષરધામમાંથી એક મટકું માર્યું એટલે ઓગણપચાસ વર્ષ સુધી આ લોકમાં નૌતમ લીલા બતાવી. તેને લખાણથી મોટા મુક્તો સમજાવે છે, છેવટે 'અપાર, અપાર' કહી અટકે છે.

આપણે તો દિવ્ય ચિંતામણિ શ્રીહરિની મૂર્તિ તેને જતન કરીને રાખવી. આ લોકમાં પણ એમની મરજી પ્રમાણે બધુંય થયા કરે છે. "મારી મરજી વિના રે કોઈથી તરણું ન તોડાય." ભક્ત એમ સમજે છે કે મારા સ્વામીનું કર્યું સર્વે થાય છે:
**"સ્વામી રક્ષક મારા સબળે, એમ ભક્તને વરતે સદાય."**

૧૮

આપણને તો બાપાશ્રીએ કૃપા કરી મુક્ત કર્યા છે. મૂર્તિમાં રહેલા મુક્તને ઓળખાવ્યા છે. જેમ શ્રીજીમહારાજ સદાય દિવ્ય સાકાર છે તેમ મહામુક્તો પણ તેવા જ દિવ્ય સાકાર છે.

૧૯

દિન પ્રતિદિન સત્સંગનો ચડતો રંગ રાખવો. શ્રીજીમહારાજે અક્ષરધામમાંથી આ લોકમાં પોતાની દિવ્યસભાએ સહિત દર્શન આપ્યા અને એ સભા મૂર્તિ સાથે જ છે. અક્ષરધામમાં મુક્તોની સભા તેજોમય ફરતી બેઠી છે. મૂર્તિમાં પણ રસબસભાવે અનંત મુક્ત છે. મૂર્તિ ભેળા મુક્તો છે. તે બહાર આવતા જ નથી. જેમ દેહ અને જીવ સાથે જ છે તેમ મહારાજની મૂર્તિ આકારે આકાર, દિવ્ય તનુએ સદા દિવ્ય સાકાર અનાદિ મુક્તો છે. તેવી સમજણ તે અનાદિની સ્થિતિની છે. પરમ એકાંતિકને દિવ્ય સાકારપણે સન્મુખ દર્શન છે, તે પણ મૂર્તિ આકારે મુક્તો છે.

૨૦

આપણે તો શ્રીજીમહારાજને જ્યાં ને ત્યાં ધારવા. મૂર્તિ ભુલાય નહીં એવો આગ્રહ રાખવો. એક વૃત્તિએ વ્યાવહારિક કામકાજ કરવું, પણ બીજી વૃત્તિ તો મૂર્તિમાં જ રહે તેવો ખટકો રાખવો.

૨૧

જેમ બાહ્યવૃત્તિમાં ચૈતન્ય ને દેહ ભુલાતો નથી તેમ અનાદિ મુક્તાની સમજણમાં ચૈતન્ય ને મૂર્તિ ભુલાય નહી. જ્યાં દેહનો દેખાવ છે ત્યાં પ્રતિલોમપણે મૂર્તિ ધારતાં એમ થઈ જાય કે હું તો મહારાજની મૂર્તિ ભેળો જ છું. દેહભાવ તો અજ્ઞાનકાળે હતો, હવે તો શ્રીજીમહારાજે મારા ચૈતન્યને પોતાની મૂર્તિના દર્શને મૂર્તિ જેવો દિવ્ય સાકાર કરી મૂર્તિ ભેળો જ રાખ્યો. દેહ મૂકીને જે મહારાજને પામવાનું હતું તે દેહ છતાં સમજણ કરાવી. આપણને એમ થાય કે મૂર્તિ દેખાતી નથી, તો સન્મુખ દેખાય છે તે જ મૂર્તિને પ્રતિલોમ ધારવી ને એમ જાણવું કે અનંત કોટિ બ્રહ્માંડના આધાર શ્રીજીમહારાજ મારા આધાર કેમ ન હોય? આપણે મૂર્તિઓનાં દર્શન

કરીએ છીએ ત્યારે ચિત્ર-પ્રતિમા-ધાતુ કે કાષ્ટાદિક પ્રતિમામાં આ લોકનાં ભાવ દેખાય છે, પણ અક્ષરધામના પતિ આ મહારાજ છે એવો ભાવ રાખવો જોઈએ. ધામમાં છે તે જ મૂર્તિ આ છે, ધાતુ-પાષાણ કે ચિત્ર ભાવ આવે તો અપરાધ થાય, એ રીતે સદાય આપણે દેહભાવ વિસારી દેવાનો છે. દેહભાવ તો અજ્ઞાને કરીને માની લીધો છે. મહારાજ કહે છે કે તમે તમારી પોતાની જાતને ધામરૂપ, બ્રહ્મરૂપ માનો. બ્રહ્મ એ મહારાજની મૂર્તિનું તેજ. એ ધારણા સમજણમાં થાય ને મનાય, પણ દેખાય તો જ્યારે ધામમાં પહોંચાય ત્યારે. દૃષ્ટાંતથી મોટા સમજાવે છે કે કોટિ રવિ-ચંદ્રની કાંતિ ઝાંખી થઈ જાય એવું એ તેજ :

"તેજ તેજ જ્યાં તેજ અંબાર."

"તેજોમય તન તેનો" —એવા ધામરૂપ, મહાતેજરૂપ આપણે પોતાના ચૈતન્યને માનવાની આજ્ઞા છે. પરમકૃપાળુ બાપાશ્રીએ 'બ્રહ્મ' નો અર્થ ઠેઠ મૂર્તિ સુધી પહોંચાડયો છે કે બ્રહ્મ ભગવાન. તે ભગવાનની મૂર્તિનો આકાર ચૈતન્યમાં ધારવો, ચૈતન્ય મૂર્તિમાં જ છે, હું તો અનાદિ મુક્ત જ છું. મહારાજ જેમ ધામમાં અખંડ છે તેમ મારો ચૈતન્ય દિવ્ય-ભાવે મહારાજના જેવો સાકાર થઈ તે મૂર્તિમાં રસબસ થઈ અખંડ નિવાસ કરી રહ્યો છે-મહારાજે દયા કરી એટલે આ વાત સમજાણી. હવે તો અખંડ તેનું અનુસંધાન રાખવું.

## ૨૩

કારખાનામાં કામ કરનારા મીસ્ત્રીઓને પણ સમજાવવું કે સહજાનંદ સ્વામી ભગવાન છે અને છેલ્લી વખતે એ એક જ કામમાં આવે છે. આ લોકમાં પણ ક્ષણે ક્ષણે તેમનું કામ પડે છે અને એથી જ એ આપણું સર્વ સુખ છે, તેથી શ્રી હરિકૃષ્ણમહારાજની મૂર્તિને સંભારવાનો ખટકો રાખવો.

શ્રીજીમહારાજ નિજાશ્રિતની રક્ષામાં છે. એમનું પ્રગટપણું અનંતજીવના કલ્યાણને અર્થે છે. તે માટે આપણે દરેક ક્રિયામાં એમને સાથે રાખવા. એ મૂર્તિનો સંબંધ રાખતા મોટા મુક્તો પણ સહેજે રાજી થાય છે. મોટા મુક્તને શ્રીજી-મહારાજના દિવ્ય સુખનો આનંદ વર્તતો હોય એટલે આ લોક ને લોકના ભોગ-સુખ સામી નજર ન હોય :

"મુક્તાનંદ કહે હરિ-હરિજનની ગતિ છે ન્યારી,
એને દેહદર્શી દેખે પોતા જેવા સંસારી."

દેહભાવવાળાને મોટા મુક્તનો જેમ છે તેમ મહિમા જાણવામાં આવતો નથી, તેથી બાપાશ્રીએ વાતોમાં મોટા મુક્તની સ્થિતિનું વર્ણન ઘણું કર્યું છે. સત્સંગમાં ચાલો ચાલ અને એકાંતિક ભાવવાળા પણ હોય એટલે તેમની ગતિ પ્રમાણે તે મહારાજને વર્ણવે, પણ જે સિદ્ધમુક્ત છે, પરમ એકાંતિક અને અનાદિ મુક્ત છે તેમને તો મૂર્તિ વિના બીજું નજરમાં જ નથી. આપણા દરેક શાસ્ત્રમાં મોટા મુક્તોના સામર્થ્ય, સ્થિતિના લખાણ છે તે વિચારીએ તો ખબર પડે કે તેમની દૃષ્ટિમાં એક શ્રીજીમહારાજ જ છે. બાપાશ્રીના કૃપાવચનમાં આ બધું છે. "આપણે એક છોગલાવાળા સ્વામિનારાયણ ભગવાનનું કામ છે. એ એક રહે એટલે હચ્યો : શ્રીજીમહારાજ આજ સત્સંગમાં પ્રગટ બિરાજે છે, આજ્ઞા લોપે તેને ચાબૂક મારે છે; આપણને શ્રીજીમહારાજ ન્યાલકરણ મળ્યા છે; અક્ષરધામના ધામી શ્રી પ્રગટ પુરુષોત્તમનો ચાંદલો આવ્યો એ કેવડી વાત! આપણે એક શ્રીજીમહારાજનો રસ લેવો; શ્રીજીમહારાજે આ સમયે મોક્ષનું સદાવ્રત ચલાવ્યું છે; મોક્ષની દૃષ્ટિમાં ને રાજીપામાં આવ્યા હોય તે મૂર્તિ વિના રહી શકે નહીં; મોટાના જોગથી મહારાજનો સાક્ષાત્કાર થાય છે; જંઈનો વેપાર ને લાખનો લાભ એવું મહારાજના મુક્તનું છે; તેમના જોગે શ્રીજીમહારાજની પ્રસન્નતા સહેજે થઈ જાય છે; સત્સંગમાં બધા શ્રીજીમહારાજની

કૃપાએ સુખિયા છે; મુંબઈ જેવા પ્રવૃત્તિવાળા શહેરમાં પણ અક્ષરધામ જેવું મંદિર એ કેવડી દયા કહેવાય? માટે સદાય આનંદમાં રહી મૂર્તિનો સંબંધ રાખવો; આપણે એ મૂર્તિના આધારે છીએ; આપણને મહારાજે ન્યાલ કર્યા છે; આપણા ચૈતન્યને આકર્ષણ કરીને મૂર્તિમાં રાખેલ છે; આપણા ચૈતન્યને એક મૂર્તિનો જ આધાર છે; અનંત કોટિ મુક્તના સ્વામી, અનંત અવતારના અવતારી, અનંત આત્માના આત્મા, અનંત પ્રાણના પ્રાણ, સર્વોપરી, સર્વકારણ શ્રીહરિ સહજાનંદ સ્વામી ભગવાન – એમને આશરે આપણે છીએ; એ એક જ આધાર છે; આટલી દઢતામાં બધુંય આવી ગયું; કથા-વાર્તા, ધ્યાન-ભજન-ભક્તિ બને તેટલાં કર્યા કરવાં, કામકાજ કરતાં પણ મૂર્તિનું અનુસંધાન રહે એવો ખટકો રાખવો.

૨૪

સત્સંગીને મહારાજે આવકમાંથી દશમો–વીશમો ભાગ કાઢવા કહેલ છે તે પ્રમાણે આજ્ઞા પાળવા મોટા મુક્તો કહેતા અને તે પ્રમાણે વર્તાવતા. હવે એ ઉપદેશ ગૌણ થતો જાય છે. ભગવાનનો ભાગ હોય તો જરૂર બરકત થાય, એમ મોટા સંતો કહેતા. રૂા. ૧૦૦ આપે પછી પાંચ એમના ભાગના આપી દેવા તેમાં શું? પણ એ વખતે ગણતરી થાય છે; આવી બુદ્ધિ મહારાજનાં વચન પાળવામાં આડી આવે છે, એમ મોટા મુક્તો કહે છે. માટે જેને વ્યવહાર નિર્ગુણ કરવો હોય તેણે ભગવાનના વચને ભગવાનનો ભાગ કાઢવો જોઈએ. શ્રીહરિ દયાળુ છે, એને તો આપણું કાંઈ જોઈતું નથી, એ તો અનંત બ્રહ્માંડમાં સૌનું પોષણ કરે છે, પણ આ તો આપણા લાભ સારુ મહારાજ અલ્પ સેવા અંગીકાર કરે છે. બાકી તો અખંડ મૂર્તિરૂપ રહેવું એ મોટી આજ્ઞા છે, મૂર્તિનો સંબંધ સળંગ રહેતો હોય તો સહેજે બધું નિર્ગુણ થાય. જેમ હીરે હીરો વીંધાય, અગ્નિને પ્રસંગે કાષ્ટ અગ્નિ-

રૂપ થાય તેમ મૂર્તિના અખંડ સંબંધથી ચૈતન્ય બ્રહ્મરૂપ – મૂર્તિરૂપ થઈ જાય છે. માટે એક મૂર્તિનું જ મંથન કરવું. મોટાને એ એક જ કરાવવું છે કેમકે પોતે અખંડ મૂર્તિ ભેળા રહે છે અને વારેવારે એમ જ કહે છે. સુખ મૂર્તિમાં જ છે, બીજે રોગી વાની ઊડે છે, માટે મૂર્તિ ભૂલીને હલરવલર ન કરવું. સાધન કરવામાં પણ મૂર્તિ સાથે હોય તો ફળરૂપ થાય. શ્રીજીમહારાજે તથા સંતોએ આપણને શીખવવા બધું કર્યું છે, એમના ચરિત્રો તો કેવળ કલ્યાણકારી છે, તેમાં આજ્ઞા-વચનથી વિશેષ પ્રસન્નતા થાય છે.

૨૫

આપણે વ્યવહારમાં રહી મોક્ષ સિદ્ધ કરવો છે, એ અનુસંધાન કાયમ રાખવું. આગળના મુક્તોએ આપણને પોતાના વૃત્તાંત બતાવી દીધાં છે. આ લોકમાં જે કામ માટે આપણે આવ્યા છીએ તે પૂરું કરી લેવું. વડતાલની સભામાં વડોદરાના શાસ્ત્રીઓએ શ્રીજીમહારાજને કહ્યું કે : "મહારાજ! તમે મોટા માણસને ચમત્કાર દેખાડો તો ઘણો સમાસ થાય." તેના ઉત્તરમાં મહારાજ કહે : "અમારે મોટા માણસ સાથે ઝાઝું બને નહીં કેમકે તેને રાજ્યનો ને ધનનો મદ હોય અને અમારે ત્યાગ ને ભક્તિનો મદ હોય તેથી કોઈ કોઈને નમી દે તેવું કામ નથી. અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યમાં સુખ નથી." આ વચન શ્રીજીમહારાજે વડતાલના ૧૬મા વચનામૃતમાં કહ્યાં છે. એ અનુસંધાન આપણે રાખીએ તો મૂર્તિના ધ્યાનમાં કાંઈ બાકી રહેતું નથી, એમ સમજાય. સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી કહે છે કે અમે તો મૂર્તિ વિના કાંઈ દેખતા નથી. સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે અમે તો મૂર્તિ ભૂલીએ તો તાળવું ફાટી જાય. અ. મુ. પર્વતભાઈએ તથા અ. મુ. બાપાશ્રીએ તો મૂર્તિ વિના કાંઈ

દેખતા નથી એવા સમ ખાધા છે. તેથી એ માર્ગ સનાતન છે ને અનાદિ છે.

૨૬

અનાદિની સભામાં મહારાજ વિના બીજી વસ્તુ જ નથી. મૂર્તિ જ છે એવું મનન કરવા બાપાશ્રી તથા મોટા મોટા મુક્તોની આપણને સૌને આજ્ઞા છે. આપણે દેહરૂપ માનીએ તેમાં કાંઈ ન મળે, પણ ધામરૂપ કે મૂર્તિરૂપ માનીએ તો ભગવાનથી જરાયે અંતરાય રહે નહિ. બાપાશ્રી તો મૂર્તિ-રૂપ રહેવાની સમજણ કરાવે છે અને એવી કૃપા પણ કરી છે. એવા મોટા જોગમાં આપણે આવ્યા તેનો કેફ જરૂર રાખવો. પૂર્ણ પુરુષોત્તમ એવા સર્વોપરી ભગવાન શ્રીજીમહારાજ તથા તેમના અનાદિ મહામુક્તોની પ્રાપ્તિ આપણને થઈ તેનો આનંદ ને કેફ રાખવો. આપણા જોગમાં જે જે આવે તેમને પણ એ કારણ મૂર્તિના મહિમાની ને પ્રાપ્તિની વાતો કરવી. તેમના વચનમાં સાવધાની રાખવી. આટલું કરતાં કરતાં દેહ છતાં કૃપાની ચૈતન્યમાં હા પડી જાય. શ્રીજીમહારાજે મારા ચૈતન્યને દિવ્ય સાકાર; પોતાની મૂર્તિના આકારે અનાદિ મુક્ત કરી, મૂર્તિમાં રસબસભાવે રાખેલ છે. એ વાતની દૃઢતા થાય તેવાં જે જે વચનો હોય તેને વધુ મનન કરવાં. સત્સંગમાં મુમુક્ષુ, ચાલોચાલ, એકાંતિક, પરમ એકાંતિક, અનાદિ એ બધી સ્થિતિની વાતો સમજાવાય છે. શાસ્ત્રોમાં લખાણ પણ એવા પ્રકારનાં છે. તેથી જેના જેવા અંગ હોય તેને તેવી તેવી વાતે પોષણ થાય. વર્ષાઋતુમાં જળ વરસે છે ત્યારે જેવા જેવા બીજ હોય તેને તેવું તેવું પોષણ થાય છે. તેમ આપણને શાસ્ત્રો તથા સત્પુરુષ પોષણ કરે છે. તે માટે પાત્ર થવાની મોટા ભલામણ કરે છે. મહારાજ કહે છે કે અમારાથી લાખ ગાઉ છેટે હોય પણ અમારા પાસે છે અને અમારા ખોળામાં બેઠો હોય તોય લાખ ગાઉ છેટે છે. આ વચનથી સમજાય

છે કે મહારાજને ઉત્તમ સ્થિતિ કરાવવી છે અને તે માટે દિવ્ય સભા સાથે લાવ્યા. આપણને એમની પ્રાપ્તિ થઈ. વળી, ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ સ્થિતિની વાતો બધી સમજાવી. આપણી ભૂલો હોય તે પણ જણાય છે. આપણે શું કરવાનું છે તેનો પણ ખ્યાલ બરાબર આવે છે. છતાં પાત્રતાની ખામીને લીધે એ સ્થિતિનું કાયમ અનુસંધાન રહેતું નથી. તો પણ એવી હિંમત રાખવી કે મહારાજ તથા તેમના લાડીલા મુક્તોના પ્રતાપે આ બધું થઈ જશે અને જે દિવ્ય સુખમાં ઉત્તમ મુક્તો જોડાઈ ગયા છે એ સુખ આપણને મળશે જ. અત્યારે અંતરપડદો રાખ્યો છે, પણ દયા કરી તે પડદો તાણી લેશે ત્યારે અનાદિ મહામુક્તના જોગ–સમાગમ –સેવાના લાભનું ફળ મળ્યું સમજાશે. જેને જેને મોટા મુક્ત મળ્યા છે તેને મહારાજનો સંપૂર્ણ મહિમા સમજાય છે, ધામરૂપ કે મૂર્તિરૂપે વર્તાય છે, ભગવાનનો પરોક્ષભાવ મટી પ્રત્યક્ષભાવ વર્તે છે, અવરભાવ–પરભાવની વાત એમનાથી અજાણી રહેતી નથી. આ બધો લાભ આપણને મળ્યો છે, તેથી સદા આનંદમાં રહેતું.

૨૭

આપણે શ્રીજીમહારાજની મૂર્તિનો આનંદ રાખવો. ભગવાનનું બળ મોટા ભયથી રક્ષા કરે છે. એક હરિભક્તને બહુ ભીડ હતી, તેનો વ્યવહાર અટકી પડે તેવું હતું અને બીજો માર્ગ સૂઝતો ન હતો, ત્યારે તે હરિભકતે સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી પાસે પ્રાર્થના કરી કે સ્વામી! હવે તમે રાજી થઈને મદદમાં ભળો તો ઠીક, નહિ તો દ્વેષી માણસોને કહેવાનું થશે. ત્યારે સ્વામી 'ભક્તચિંતામણિ'ની એક કડી બોલ્યા :

"શું થાશે બિચારા શ્વાનથી, છે પ્રભુ અમારી ફોર."

બાવાઓ અને અજ્ઞાની જનો સંતોને દુઃખ દેતા ત્યારે રક્ષા

માટે આ કડી બોલાયેલી છે. આ બે લીટી સ્વામી ફક્ત બોલ્યા એટલામાં તો એવી રક્ષા થઈ કે તેમને જે જે અડચણો હતી તે બધી દૂર થઈ ગઈ. આ રીતે મહારાજ આપણી રક્ષામાં છે. હાથ ડોકની રક્ષા કરે છે, પાંપણ આંખની રક્ષા કરે છે, માબાપ બાળકની રક્ષામાં રહે છે, તેમ શ્રીજી-મહારાજનાં આશ્રિતને એ દયાના સાગર ક્ષણે ક્ષણે રક્ષા કરે છે. પરચા પ્રકરણ બધાં રક્ષાનાં જ છે. અક્ષરધામમાંથી મહારાજ ને મહારાજના મહામુક્તો ભક્તના મનોરથ પૂરા કરવા, તેમને લાડ લડાવવા ને તેમનું રક્ષણ કરવા નરતનુ ધરે છે. એવા શ્રીહરિ સહજાનંદ સ્વામી ભગવાનની મૂર્તિ જેવું બીજુ કાંઈ જ નથી. તેથી એ મૂર્તિને આગળ રાખી જે કાંઈ કરીએ તેમાં એ સાથે રહે છે.

૨૮

ધ્યાનથી વિશેષ સમાસ થાય અને તે નવધા ભક્તિના ફળરૂપ છે. પ્રતિલોમપણે ધ્યાન થાય ત્યારે ભગવાનનું સમીપ-પણું રહે છે, આત્માપણાનું અનુસંધાન રહ્યા કરે છે, શ્રીજી-મહારાજ તથા તેમના સંત-હરિભક્તોનું દિવ્યપણુ સમજાય છે અને આ બધું થતાં ધ્યાનની રુચિ વધતી જાય છે. પ્રતિમાભાવ–મનુષ્યભાવ ટળી પ્રત્યક્ષભાવ તથા દિવ્યભાવની દઢતા થાય છે. ધ્યાનની રુચિ છે તે વૃદ્ધિ પમાડવાનો ખટકો રાખવો.

૨૯

શ્રીહરિને તત્ત્વે સમજવા ત્રેસઠમું વચનામૃત છે. મહિમા સમજવા પ્રથમનું વચનામૃત છે. મધ્યના તેરમા વચનામૃતમાં તો પોતે જ મહિમા સમજાવેલ છે. પંચાળાનું પહેલું, ચોથું ને સાતમું તેમાં પણ દિવ્યભાવનું જ મનન કરાવ્યું છે.

૩૦

બાપાશ્રી કહે છે કે તમને ન્યાલકરણ મળ્યા છે, તમારે તો જીતનો ડંકો વાગી ગયો છે. આથી કેટલો મહિમા કહેવાય?

આપણે તો સારરૂપ શ્રીહરિની મૂર્તિ મુખ્ય રાખવી. એના આધારે છીએ એમ જાણી આનંદમાં રહેવું. આ લોકની મોટપ તો ગમે તેટલી હોય પણ એ મોટપે કામ ન થાય. મહારાજ તથા તેમના લાડીલા મુક્ત રાજી થાય એટલું જ મોક્ષને અર્થે છે. શ્રીજીમહારાજ તથા બાપાશ્રી એટલું જ સમજાવે છે. આપણને દિવ્ય સત્સંગ સમજાણો એ આપણાં અહોભાગ્ય! શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના પ્રગટપણામાં આપણે આવી ગયા જેથી મોક્ષની વાતો સુગમ થઈ ગઈ છે, કેમકે લાખો કરોડો જન્મ ધરતાં ય મહારાજ ન મળે તે આપણને મળ્યા :

**"ન ગઈ ગંગા ગોદાવરી કાશી,**
**ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી,"**

એવું થયું છે. બાપાશ્રી દૂર દેશથી આવનાર ભક્તોને પૂછતા કે તમારે કચ્છમાં આવતાં કેટલું ખર્ચ થયું? પછી પોતે જ કહેતા કે અક્ષરધામમાં મહારાજ પાસે પહોંચવું હોય તો કેટલે ખર્ચે પહોંચાય? મહિમા સમજાવવા આવા વચનો છે.

૩૧

શ્રીજીમહારાજ ભક્તવત્સલ છે, એમના ચરણકમળમાં આપણો નિવાસ છે:

**"જેને જેનો આશરો, તેને તેની લાજ."**

આપણને ધણી બહુ મોટા મળ્યા છે, એમના પ્રતાપે આપણને સુખ ને શાંતિ છે.

૩૨

એક રે'ણીવાળા અને કોમળ સ્વભાવવાળાને શ્રીહરિ સહાય કરે છે. ધીરજ જુવે. કસોટી કઠણ છે, તે માટે શૂળીનું દુઃખ કાંટે મટાડે છે. પ્રારબ્ધ કઠણ હોય તો ય માફ કરી દે છે કેમકે કૃપાના સમુદ્ર છે. ભક્તનાં દુઃખ જોઈ શકતા નથી. "કોઈને દુખિયો રે દેખી ન ખમાય," એવો સહજ સ્વભાવ છે. એવા શ્રીજીમહારાજની આપણા પર અમૃત નજર છે.

આપણા શિરે અભયહાથ છે. ઔષધીનું પોષણ ચંદ્રમા આકાશમાં રહ્યા થકા કરે છે તેમ શ્રીહરિ અક્ષરધામરૂપ તખ્તમાં બેઠા થકા અમૃત વરસાવી સુખિયા રાખે છે. તેથી એ મૂર્તિનું બળ રાખી આનંદમાં રહેવું. નાજા જોગિયાના ગોઠણ ભાંગવાની વાત થઈ કે શ્રીહરિ આગલી રાત્રે પરોઢમાં ત્યાં પહોંચ્યા. દરબાર વાસુર ખાચરને મળી તેવો દંડ દેવાનું સૌને માટે બંધ કરાવ્યું. આવા દયાના સાગર શ્રીહરિ પાસે પ્રાર્થના કરવી. આપણાથી આટલું થાય, બીજુ તો એ સમર્થ ધણીના હાથમાં. ખરા ભક્ત તો દૈહિક રક્ષા માગતા જ નથી; છતાં મહારાજ ભક્તની વહારે ચડી તેમની સહાયતા કરે જ છે. માટે એમની જેમ મરજી તેમ આપણે આનંદ રાખવો :

"દુર્જનિયાને દૂર ઘણા છો રે,
પ્રેમી જનના પ્રાણ છો જી રે; તમે હરિ હૈયાના હાર છો."

અ. મુ. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીની આ પ્રસાદી છે. પરમ કૃપાળુ, પરમ દયાળુ, શરણાગતવત્સલ, નિજજનના જીવનપ્રાણ, ભક્તવત્સલ, કૃપાસિંધુ, ગરીબનિવાજ આવા અનેક વચનોથી મોટા મોટા મુક્તો પ્રાર્થના કરે છે, તે જ રીતે આપણે પણ પ્રાર્થના કરવી.

૩૩

આપણા ઉતાવળિયા સ્વભાવ તે ઘડીકમાં અકળાઈ જઈએ, મુંઝાઈએ, પણ સંકલ્પ કર્યાથી કાંઈ બને નહીં, પરંતુ ધણી ભળે કે તુરત અનુકૂળતા થઈ જાય. આ બધી મહાપ્રભુ તથા તેમના લાડીલા મુક્તોની કૃપાનું જ કારણ છે. આપણે તો પૂર્વના અનાદિ મહામુક્ત સદ્‌ગુરુઓ જેમ મહારાજને રાજી કરવાના પ્રકાર બતાવી ગયા છે તેમ મૂર્તિ સાથે રાખીને બધું કરવું. કાર્ય સત્સંગમાં ખરી શાંતિ મળતી નથી. ખરું સુખ તો કારણ સત્સંગ મહારાજની દિવ્યમૂર્તિમાં છે. એ મૂર્તિનો આનંદ ને ખુમારી રાખવાનું બાપાશ્રી કહે

છે : "કોઈ મૂર્તિ લ્યો ! કોઈ મૂર્તિ લ્યો ! અમારે ઘેર મૂર્તિનો જ વેપાર છે." આ પ્રમાણે બાપાશ્રી તથા સદ્ગુરુઓએ આપણું પોષણ કર્યું છે તેથી અખંડાનંદ રહે તેમ જ રહેવું.

૩૪

દેશકાળ આવે ત્યારે પણ કર્તા તો મહારાજ છે, જેથી રાજી રહેવું. સ્વામીશ્રી કહે છે કે ખાંડણિયામાં માથું મૂક્યું પછી હળવા હળવા ઘા દેજો એમ કહેવાથી દુઃખ ઓછું ન થાય ! તેમ આપણે મહારાજના વેચાણ થયા એટલે એમની મરજી એ જ આપણું પ્રારબ્ધ, એમ માની જેમ એ સુઝાડે તેમ તેમને આગળ રાખી સર્વે કાર્ય કરવાં.

૩૫

આપણે ગુમાસ્તાની રીતે રહેવું. ધણીને રાજી કરવા કામ ખટકેથી કરવા. જે જે કરવું તે એમની પ્રસન્નતા રૂપ થઈ જાય, એવો ખટકો રાખવો.

૩૬

સુખ સમજણમાં ને શ્રીજીમહારાજની મૂર્તિમાં છે. અનંત મુક્ત અનાદિ કાળથી એ સુખમાં તૃપ્ત થતા નથી. આપણે પણ એ સુખની લાલચ છે, જેથી બનતા સાધન કરીએ છીએ. મોટા મુક્ત પાસે ગરજુ થઈએ છીએ, વચનમાં વર્તવા સાવધાન રહીએ છીએ.

૩૭

દેશકાળ કઠણ હોય ત્યારે મહારાજ તથા દિવ્યસભા સામું જોઈએ તો "આ કાંઈ છે જ નહીં" એવું લાગે. આમ સમજણ રાખવી.

૩૮

બાઈઓએ ભેગાં મળી કથા, વાર્તારૂપ બ્રહ્મયજ્ઞ કર્યા કરવો. મહારાજના જશ ગાવા, ચરિત્ર સંભારવાં, ધ્યાન-ભજન

કરવું. એ જેવું બીજું અધિક કાંઈ નથી. માટે સૌએ ખટકો રાખવો.

૩૯

શ્રીહરિ જેમ રાખે અને જ્યાં રાખે ત્યાં રાજી રહેવું. સદાય એવું અનુસંધાન રહે કે "શ્રીજીમહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે, શ્રીજીમહારાજ છે." આવો ભાવ વર્તે. મુક્તસ્થિતિમાં પ્રગટ મૂર્તિ જોયા કરવી, એથી અધિક કાંઈ નથી. આ લોકનું બધું અવરભાવમાં જણાય છે તેથી હરખ-શોક વગેરે જણાય, પણ પરભાવમાં વરતાય તો મૂર્તિ જ છે. પૂર્વના મુક્તો અખંડ સુખમાં નિમગ્ન થકા મૂર્તિમો રસબસ રહી આનંદ કરતા. તેમના લખાણ તથા ચરિત્ર-પ્રતાપ વિચારતાં એક શ્રીહરિના દિવ્યસુખે જ સુખિયા જણાય છે. આપણે એમના ભેળું બેસવું છે. એ દિવ્ય સુખ ભોગવવું છે જેથી એ મૂર્તિને રાજી કરવા બનતું કરીએ છીએ. સાથે સાથે બાપાશ્રી જેવા અનાદિ દિવ્ય સ્વરૂપ મળ્યા જેથી તેમની કૃપાએ આ સુખ સહેલું થયું છે. આગબોટ–વહાણના બળે સમુદ્ર તરવો સહેલો છે, તેમ ઉપાસનામાં મહારાજ તથા અનંત મહામુક્તોની સહાય છે, એમની કૃપાનું આ કલ્યાણ છે, તેથી જે જે મોટા મુક્ત આપણને પ્રગટ મળ્યા છે, તથા જે જે શ્રીજીમહારાજ સાથે સખાભાવે, દાસભાવે, સુખમાં ગરકાવ રહેતા, જે સદાય મૂર્તિ ભેળા જ છે, એવા મહામુક્તોની કૃપા ને મહારાજનો આધાર – તેનાથી આ બધું સહેલું છે. આમાં શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીના શરણનું બળ છે. મધ્ય પ્રકરણના ૯મા વચનામૃતમાં કહ્યું છે કે પોતાને મળ્યું જે સ્વરૂપ તેને સર્વ અવતારનું કારણ, અવતારી જાણવું. તે બળ મોટા ભયથી રક્ષા કરે છે. આવા વચનનો સદાય ખટકો રાખવો.

૪૦

જ્યાં છીએ ત્યાં મહારાજ ને અનંતકોટિ મુક્ત સાથે

ને સાથે છે. બધાય આપણી સહાયમાં છે. સૌની આપણા પર અમૃતદષ્ટિ છે, એમ જાણી ક્યારેય પોતાને દુ:ખી ન માનવું.

૪૧

મારી વિશેષ ભલામણ એ છે કે સવાર-સાંજ ટાઈમ મળે તો પા-અર્ધો કલાક વચનામૃતનું તથા બાપાશ્રીની વાતોનું મનન જરૂર કરવું. વૃક્ષને પાણી મળે તો નવપલ્લવિત રહે, તે રીતે આપણે 'શ્રીજીમહારાજ તથા બાપાશ્રી'ની દિવ્ય વાણીરૂપ અમૃતનું પાન કરવાની ટેવ પાડી દેવી, જેથી એ દિવ્યમૂર્તિની અમૃત નજર રહ્યા જ કરે. મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે કે 'મારી વાણી તે મારું સ્વરૂપ છે' એટલે મૂર્તિના દર્શને જેમ ચૈતન્યમાં દિવ્યભાવ આવે છે તેમ તેમના વચન રૂપ અમૃતપાનથી ખરું બળ આવે છે, તેથી આ લોકનાં કોઈ આવરણ નડી શકે નહિ.

૪૨

અ. મુ, ચતુરભાઈ બધાયને મંત્ર આપે છે કે "મારા ચૈતન્યને શ્રીજીમહારાજે મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે, એક શ્રીજીમહારાજ છે." આવી રીતે આપણે મનન કરી મૂર્તિનો સંબંધ અખંડ રાખવો. બાપાશ્રી પ્રથમ કાગળ લખતા ત્યારે

"જળ સ્નેહી મીન અને ચંદ્ર સ્નેહી ચકોર;
હરિ મેરે હારલકી લકડી, પકડી સો પકડી."

એટલે મૂર્તિ જીવનરૂપ કરી રાખવી, આવો સિદ્ધાંત બાપાશ્રીનો છે. સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી પણ એટલું જ કહેતા જે "મહારાજ જ! એક મૂર્તિ જ!" આ રીતે ચૈતન્યને મૂર્તિનો અખંડ આલોચ રાખવો, જેથી અખંડ આનંદ વર્તે.

૪૩

બાપાશ્રી તો મૂર્તિમાં રહી મૂર્તિના દર્શન કરવા ભલામણ કરે છે. બંને સદ્‌ગુરુઓએ પણ એ જ રીતે પોષણ કર્યું છે. અ. મુ. ભૂરાભાઈ, મનસુખભાઈ, ચતુરભાઈ તથા શેઠશ્રી

બળદેવભાઈ તથા અ. મુ. મણિલાલભાઈ, અ. મુ. નાગજીભાઈ વગેરે સ્થિતિવાળા મુક્તો, બાપાશ્રીએ સમજાવેલ આ જ્ઞાન તથા અનાદિની સ્થિતિને અનુસરી, મૂર્તિના સદા એક સરખા દર્શન કરવા કહે છે. સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીના પ્રસાદી રૂપ અમૃતવચનોમાં પણ એ જ જ્ઞાન મુખ્ય છે. આપણને આશીર્વાદ એ જ રીતના મળેલા છે. છેલ્લી સ્થિતિ, છેલ્લી પ્રાપ્તિ, છેલ્લું પદ આ એક અનાદિની સ્થિતિ છે. જ્યારથી આપણને બાપાશ્રી તથા સદ્‌ગુરુઓ મળ્યા ત્યારથી આ એક જ વાત દૃઢ કરવા કહે છે. આપણે પણ વાતોમાં આ એક જ વાત મુખ્ય લાવીએ છીએ. બાપાશ્રીની વાતો જેવું જ્ઞાન સહેલું અને મહિમાથી ભરેલું, એકી સાથે અનાદિની સ્થિતિને પુષ્ટ કરે એવું, બીજે જોવામાં ઓછું આવે છે. અ. મુ. સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી તથા અ. મુ. સ.ગુ.શ્રી સ્વરૂપાનંદ સ્વામી જેવા સમર્થ મુક્તોએ સર્વોપરી જ્ઞાનના ભંડાર ખુલ્લા મૂકવા માંડ્યા પણ પાત્ર જોવામાં ન આવતા ખૂણો ખંચેર્યો ! તે જ્ઞાન બાપાશ્રીએ જેમ કોઈ લા'ણી કરે તેમ વાપર્યું, તેથી જ બાપાશ્રી કહે છે કે " કોઈ લ્યો ! કોઈ લ્યો ! અમારે ઘેર મૂર્તિનો વેપાર છે, બીજો વેપાર કોઈ કરશો નહીં. આ કરો, આ કરો, બીજું સર્વે પડ્યું મૂકો. પગલા–પદાર્થ પણ કામ નહીં આવે, મૂર્તિ રાખો તો બધું યે આવ્યું." આમ પૂર્વના સદ્‌ગુરુઓએ આપવા ધારેલ જ્ઞાન બાપાશ્રીએ છૂટથી રેલાવ્યું છે. તેથી આપણે પૂર્ણકામ છીએ.

૪૬

મહારાજે મારા ચૈતન્યને અનાદિ મુક્તની પંક્તિમાં મૂકેલ છે, હું અનાદિ મુક્ત છું, મને મહારાજે કેવળ કૃપા કરી ભેળો રાખેલ છે. આમ મૂર્તિનો સંબંધ હવે અખંડ રહેવાનો. સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીની વાતોમાં પહેલી વાત છે કે અનાદિનો અર્થ શું ? હું આમ હતો અને આમ થયો એમ

નહીં, હું તો અનાદિ મુક્ત જ છું. બાપાશ્રીની કૃપાએ આપણને મૂર્તિ મળી છે. ચૈતન્યને મૂર્તિમાં રાખેલ છે તેથી અહોનિશ એ મનન કરવું કે મહારાજની મૂર્તિમાં જ મારો ચૈતન્ય છે. આમ દરેક ક્રિયામાં ચિંતવન કરવાની ટેવ પાડી દેવી. આપણે આ લોકમાં વ્યવહાર સિદ્ધ કરવા માટે નથી આવ્યા, પણ મૂર્તિ સિદ્ધ કરવા માટે આવ્યા છીએ. આવો જોગ મહારાજે આપ્યો છે, હવે તો એવું જ અનુસંધાન રાખ્યા કરવું કે હું તો સદાય મૂર્તિરૂપ છું. મારા ચૈતન્યને મહારાજનો અખંડ સંબંધ છે.

"હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી."

દરરોજ ગાઈએ છીએ. આવા વચનોનું મનન કરવું. આ કામ પરમકૃપાળુ બાપાશ્રીએ કર્યું છે તે કેવળ કૃપા કરી કર્યું છે. ચિંતામણિ, કલ્પતરુ, પારસમણિ એવી ઉપમાએ મહિમા સમજાવે છે પણ મોટા મુક્ત એ ઉપમાથી સમજાવવા રાજી નહીં કેમકે એ કોઈ ઉપમા મહારાજને ઘટે નહીં. એવા સર્વોપરી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીએ આપણને પોતાના કર્યા એથી અધિક પદવી કઈ છે? આપણે તો શ્રીહરિની દિવ્યમૂર્તિનો આનંદ લેવો.

૪૭

સદ્‌ગુરુ પુરાણી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી હાલ તો દિવ્યભાવની વાતોથી સૌને ન્યાલ કર છે. તેમની લટક સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીના જેવી છે. વાતોમાં રસબસભાવ, તદ્રૂપ, તલ્લીન, સળંગ, ઓતપ્રોત, એવા મહારાજ અને અનાદિ મુક્તના મહિમાના વચનો આવ્યા જ કરે છે. દોઢ મહિનો અહીં થવા આવ્યો પણ વાતો તો અનુભવની નવીન થયા જ કરે છે. કોમળ પણ એવા, ઉદારતા પણ એવી. આપણ સૌ માટે બાપાશ્રીએ સદ્‌ગુરુની રીતે જ મૂર્તિનું

સુખ પમાડનારા આવા મહામુક્ત સત્સંગમાં રાખ્યા છે. તેમની સાથેના હેતથી આપણા પણ અહોભાગ્ય છે.

૪૮

મહાપ્રભુની લીલા અજબ છે. અકળ કળા કોઈથી કળાય તેવી નથી. મોટા મોટા મંદવાડ જણાવે છે તેમાં હેતુ સેવાનો હોય છે તેથી અનેકનાં મોક્ષ થાય છે. પરમ દયાળુ બાપાશ્રીનો મંદવાડ લીલારૂપ, તેવો જ તેમના હેતવાળા મુક્તોનો—કેસરાબાપા, ધનજીબાપા, દેવરાજબાપા, દેવજીભાઈ, ભૂરાબાપા, લાલુબાપા, નાગજીભાઈ, ભોગીલાલભાઈ, ધનજીભાઈ આદિ મહામુક્તોના મંદવાડની રીત પણ અલૌકિક. આપણે સૌએ એ જોઇ. તે જ રીતે સદ્‌ગુરુઓની લીલા—સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી, સદ્‌ગુરુ વૃંદાવનદાસજી, સદ્‌ગુરુ ઘનશ્યામજીવનદાસજી, સદ્‌ગુરુ હરિનારાયણદાસજી, સદ્‌ગુરુ ભગવત્સ્વરૂપદાસજી, સદ્‌ગુરુ બાલકૃષ્ણદાસજી, બ્રહ્મચારી નિર્ગુણાનંદજી આદિ મહામુક્તો—જેમના દર્શનમાત્રે મોક્ષ થાય—તેમણે પણ નોખી નોખી લીલાઓ મંદવાડ પ્રસંગે જણાવી અનેકના મોક્ષ કર્યા છે. આપણને આ મહામુક્તોનો દિવ્યભાવ સમજાણો તે પણ એમની દયા. આ બધા મુક્તો મૂર્તિના સુખભોક્તા ને આપણા મોક્ષના સહાયક છે. પોતે મૂર્તિના સુખભોક્તા બનીને આપણને મૂર્તિમાં રહેવાની દૃઢતા કરાવી છે. દયાળુ બાપાશ્રીની કૃપાનું તો વર્ણન કોણ કરી શકે?

૪૯

શ્રીજીમહારાજે આ બ્રહ્માંડમાં અનેક જીવોનો દૃષ્ટિમાત્રે મોક્ષ કર્યો. સંકલ્પમાત્રે અનેક પ્રકારના ઐશ્વર્ય—ચમત્કાર જણાવ્યા. અક્ષરધામની સભા પૃથ્વી પર બતાવી. એમના પ્રતાપે સદ્‌ગુરુઓએ પણ એવું જ સામર્થ્ય જણાવ્યું. અનેકને સર્વોપરી પુરુષોત્તમ નારાયણનો મહિમા જણાવી દિવ્યભાવની

દઢતા કરાવી. મહામોટા યજ્ઞો કર્યા. મંદિરો એવાં જ બાંધ્યાં. મૂર્તિઓ પણ એવી જ પધરાવી. દિવ્યશાસ્ત્રોમાં એવો ચમત્કાર લાવ્યા કે એ શાસ્ત્રથી સદાય મોક્ષનો માર્ગ ચાલ્યા કરે. આ બધું આપણા ભાગ્યમાં આવ્યું છે તેથી કૃતાર્થ—પૂર્ણકામ થયા છીએ અને ગાઈએ છીએ કે :

"કીડી કુંજરનો મેળાપ જીવન જાણું છું,
ક્યાં અમે ને ક્યાં આપ જીવન જાણું છું."

અનાદિ મુક્તની મહાન સ્થિતિની પ્રાપ્તિ કરાવવા શ્રીજીમહારાજના સંકલ્પથી અનાદિ મુક્ત બાપાશ્રીનું પ્રાકટ્ય થયું. તેમાં આપણે ફાવ્યા. હવે તો મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તી સુખિયા રહેવું. આજ્ઞામાં ફેર પાડવો નહીં. સંત-હરિભક્તોને વિષે દિવ્યભાવ રાખવો એટલું જ કરવાનું છે. આપણે એવું મનન કરવું કે : "હું અનાદિ મુક્ત છું. મૂર્તિના રોમ રોમનું સુખ ભોગવું છું. મહારાજે કૃપા કરી પોતાની મૂર્તિમાં તદ્રૂપ — તલ્લીન — રસબસભાવે મને રાખેલ છે."

૫૦

અ. મુ. નારાયણભાઈ તમને બાપાશ્રીના પ્રસાદી વચન લખે છે :

બાપાશ્રી કહે છે કે "અમોએ તમોને મૂર્તિમાં રાખ્યા છે. અનાદિ મુક્ત મૂર્તિના સુખમાં સળંગ રહ્યા થકા રોમ રોમના નવીન નવીન સુખ લીધા કરે છે. તેમને સુખની હદ નથી. સુખનું અપારપણું છે. આવા આશીર્વાદ વચનનું અનુસંધાન સદાય રાખ્યા કરવું. બાપાશ્રીની પ્રાપ્તિ બાપાશ્રીની કૃપાથી થઈ છે. પોતે કહે છે કે તમને કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે. તમને મુદ્દો મળ્યો છે. તમારે પ્રત્યક્ષ વાદળી છૂટી પડી છે. તમને સ્વામિનારાયણ ઢૂકડા થયા છે આ સમે શ્રીજીમહારાજ અઢળક ઢળ્યા છે. ન્યાલકરણ ભગવાને આજ

સૌને ન્યાલ કરે છે. એ જોગમાં તમે આવી ગયા છો." આવા વચનોનો અભિપ્રાય ચૈતન્યમાં ઉતારી અખંડ મૂર્તિરૂપ વર્તવું.

૫૧

પરોક્ષની રીતે પુરાતન સ્થાનો હોય તેમાં આપણા મંદિરો-સંતો જેવું ક્યાંથી હોય! આ તો સર્વોપરી ભગવાન પધાર્યા. ધામની સભા લાવ્યા. નવીન રીત ચલાવી. શાસ્ત્રો પણ એવાં લખાવ્યાં, પાળ્યું ને પળાવ્યું. તેથી બીજા બધા ન્યૂન દેખાયા. હવે આપણામાં પણ ગૌણતા જણાવા લાગી છે. મહારાજના અભિપ્રાય પ્રમાણે ચાલવામાં કારસો આવવાથી આવું બને છે. વચમાં પરમકૃપાળુ બાપાશ્રીએ અનાદિની સ્થિતિ સમજાવી, પમાડી અને બાપાશ્રીએ પોતાના દર્શનથી અનેકનાં આત્યંતિક મોક્ષ કર્યાં. એ લાભ આપણને મળ્યો. પરમકૃપાળુ બાપાશ્રી કહે છે કે તમારે અનેક જીવોના આત્યંતિક મોક્ષ થાય એવી રીતે મૂર્તિમાં રાખ્યાની રીતમાં રહેવું. મારો ચૈતન્ય મૂર્તિમાં છે; અનેક અનાદિ મુક્ત સાકાર રહ્યા થકા મૂર્તિના સુખમાં ગુલતાન રહે છે. તેમ જે જે જોગમાં આવે તેને એ સ્થિતિ અને સુખભોક્તાની વાત સમજાવવી. આત્યંતિક મોક્ષના સંકલ્પ કરવા આવી કૃપા કોઈ અવતારમાં થઈ ન હતી. આ તો અવતારી મહાપ્રભુએ 'આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી', એવું સદાવ્રત ચલાવ્યું. તેમાં આપણે ફાવ્યા. પરોક્ષના સ્થાને દરિયા કાંઠે જઈએ કે પૃથ્વીના છેડા સુધી જઈએ, વિષ્ણુલોકમાં જઈએ કે પુરુષના ધામમાં જઈએ, વાસુદેવ-અક્ષર જેવા ઉત્તમ સ્થાને જઈને વિચારીએ તો પણ અક્ષરધામ ને અનાદિની સભા જેવું સુખ બીજે ક્યાંથી હોય! માટે આવી પરભાવની વાતોનો વિચાર કરતાં બહુ મોટી પ્રાપ્તિ આપણને થઈ છે. મૂર્તિ મંગળકારી, દિવ્ય-વિગ્રહ, સભા દિવ્ય, ધામ દિવ્ય, મુક્તો દિવ્ય—એમની

લીલા વિસ્તાર પણ દિવ્ય. આ પ્રાપ્તિ આપણને બાપાશ્રી તથા સદ્‌ગુરુઓની કૃપાથી થઈ છે, તેનું અખંડ સ્મરણ, ચિંતવન, મનન કરવું.

૫૨

મોટા મુક્ત બેઠા હોય ત્યાં સુધી સત્યયુગ કહેવાય. આવા મુક્તની છાયામાં માયા દબાઈ રહે. મોટાને તો એક મૂર્તિ જ જીવન હોય, આપણે બહાર દષ્ટિએ ઉપલા વિચાર કરીએ કે આમને મંદવાડ છે, આવું દુઃખ ને દર્દ છે, છતાં પોતે તો મૂર્તિના સુખે સુખિયા હોય.

"મુક્તાનંદ કહે હરિ હરિજનની ગતિ ન્યારી,
એને દેહદર્શી દેખે પોતા જેવા સંસારી."

ઉપરથી મનુષ્ય જેવા દેખાય પણ એ દિવ્ય છે. એમનું જીવન કેવળ જીવોના આત્યંતિક મોક્ષને અર્થે હોય છે. આવા મોટાની કૃપા આપણા પર થઈ એ તો બહુ મોટી વાત.

"ક્યાં જીવ, ક્યાં જગદીશ! જાણો એ જૂજવી રીત રે."

એવું આપણા માટે થયું છે.

૫૩

સદ્‌ગુરુ દેવજીવનદાસજી સ્વામીને અશક્તિ વધુ પ્રમાણમાં છે. અનાજ પંદર દિવસ થવા આવ્યા મુદ્દલ લેવાતું નથી, છતાં શરીરમાં કોઈ પ્રકારની ઉપાધિ નથી. ધ્યાનસ્થ પુરુષ ધ્યાનમાં ઊતરી જાય તેમ અખંડ એક સ્થિતિ બતાવે છે. કોઈ કોઈ વાર જાગ્રત જણાય ત્યારે 'જય સ્વામિનારાયણ' કહે, માથે હાથ મૂકે, એમ કરે છે. સૌને સ્વામીશ્રીના મંદવાડમાં નવીનતા લાગે છે. શ્રીજીમહારાજ તથા તેમના મુક્તોની દિવ્ય લીલા છે. એમનું માહાત્મ્ય આ લૌકિક દષ્ટિએ સમજાય નહીં. જેમણે શ્રીજીમહારાજ વિના બીજું કાંઈ રાખ્યું નથી તેમને મૂર્તિનું જ અનુસંધાન હોય. મૂર્તિ આકારે રહેનારને મૂર્તિનો આનંદ અને દિવ્ય સુખ હોય. મુક્ત ને મહારાજ

અરસપરસ છે. બાપાશ્રીએ વાતોમાં આ મર્મ ઘણાં વચનોથી સમજાવ્યો છે. પણ આ લોકમાં મનુષ્યભાવ જણાવે તે સમજ્યા પછી સદાય દિવ્યભાવ વર્તે. સ.ગુ. ઈશ્વરચરણદાસજી સ્વામી, સ. ગુ. ભગવત્સ્વરૂપદાસજી સ્વામી, સ. ગુ. શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, સ.ગુ. વૃંદાવનદાસજી સ્વામી જેવા મહાસમર્થ મુક્તોએ પણ પોતાના જીવનમાં જુદા જુદા પ્રકારની મંદવાડની લીલા બતાવી અનેકના આત્યંતિક મોક્ષ કર્યા છે. મુક્તોની સાથે શ્રીજીમહારાજનું દિવ્ય સ્વરૂપ હોય એટલે બધી ક્રિયા મહારાજની પ્રસન્નતારૂપ થાય. એ સેવામાં મોટી મોજ મળે. આપણે આવો દિવ્યભાવ, સમજ્યા એ મોટાની તથા મહારાજની કૃપા વડે, નહિ તો 'ક્યાં જીવ ને ક્યાં જીવન!' અનંત આવરણ એ મૂર્તિ સુધી પહોંચવામાં છે, તે બધાં આવરણો દૂર કરી પોતાના દિવ્ય મુક્તોએ સહિત પોતે આ લોકમાં દૃષ્ટિગોચર થયા એ તો કેવળ કૃપા. દેહધારીને દિવ્ય મૂર્તિની ભેટ ક્યાંથી થાય? તેમાં પણ :

'થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા;
રૂપ અનુપમ રે, નિજજનને સુખ દેવા.'

એ નિત્ય પ્રત્યે બોલીએ છીએ. આવું દિવ્ય સુખ આપણને પ્રાપ્ત થવામાં એ મનોહર દિવ્ય મૂર્તિની જ કૃપા છે. આપણા અહોભાગ્ય થયા કે બાપાશ્રી ઓળખાણા. તે જ રીતે મૂર્તિના સુખભોક્તા સદ્‌ગુરુઓ ઓળખાણા, આપણને પોતાના કર્યા, નવા નવા સુખ આપ્યા, અનેક કલ્યાણકારી ચરિત્રો બતાવ્યાં, પોતાના કહી બોલાવ્યા, રમાડ્યા, જમાડ્યા. આ બધું આપણને મૂર્તિનું સુખ આપવા કર્યું. કથા વાર્તારૂપ બ્રહ્મયજ્ઞ તો અખંડ થતા પણ મહામોટાં યજ્ઞો કરી આપણને સૌને પોતાને ઘેર તેડાવ્યા. સૌને સુખડી, શીરા જમાડી આત્યંતિક મોક્ષના કોલ આપ્યા. મૂળીના પાટોત્સવમાં તો ન ભૂલાય એવો પ્રતાપ બતાવ્યો. ભૂજ, મૂળી, અમદાવાદ, ગઢપુર જેવા

ધામમાં કચ્છી સંઘે સહિત વિચરી, મહારાજના પ્રસાદી સ્થળોમાં મહારાજની દિવ્ય સ્મૃતિઓ કરાવી સૌને સુખિયા કર્યા. અનેકને જમાડચા, માથે હાથ મૂકચા, છાતી સરસા ચાંપી મળ્યા. વળી પોતે જ વાતો કરે કે : "આ મળવું બહુ મોંઘું છે. અક્ષરધામમાં જાય તે મળે. આ તો આ લોકમાં મહારાજે દયા કરી એટલે મળાય છે. આપણે ધુણીપાણી ભેળા કર્યા હશે." આવા અનેક વચનો કહી મહિમા સમજાવતા. આપણને એ દિવ્ય લાભ મળ્યો તે કાંઈ સાધારણ વાત નથી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે : મહારાજ પ્રગટ થયા તે વખતે જેનાં જન્મ થયા તેના ભાગ્યનું વર્ણન કોણ કરી શકે ? તેમ આપણા જન્મ સમયમાં બાપાશ્રીનું પ્રગટપણું થયું એટલે અલૌકિક દિવ્યભાવ સહેજે મળ્યો. બાપાશ્રી કહેતા કે મહાપ્રભુના લાડીલા મળ્યા એટલે આપણા દારિદ્રય કપાઈ ગયા. આવો લાભ આપણને મળ્યો છે. આત્યંતિક મોક્ષના આશીર્વાદ મળ્યા છે, તે સંભારી સદાય આનંદમાં રહેવું. મૂર્તિમાં રાખ્યા છે એ આશીર્વાદમાં તો બધું ય આવી ગયું. કાંઈ બાકી ન રહ્યું, એવી કૃપા થઈ છે. આવી પ્રસન્નતાનું બળ રાખી સદાય આનંદમાં રહેવું.

૫૪

દેહના માબાપનું હેત આ લોકના સ્વાર્થનું ગણાય, ત્યારે આવા મોટા સંતનું હેત તો ઠેઠ મૂર્તિના સુખમાં લઈ જવાનું હોય.

૫૫

ગઢપુરમાં શ્રીજીમહારાજ જાણે પ્રત્યક્ષ બિરાજતા હોય એવાં દર્શન થાય છે. શ્રી વાસુદેવનારાયણના ઓરડા, અક્ષર-ઓરડી અને ગોપીનાથજીનું મંદિર, રાધાવાવ, લક્ષ્મીવાડી, ભક્તિબાગ, ઘેલો, ખળખળિયો, નારાયણ ધરો, સહસ્ર ધરો –એ બધાં સ્થાન દિવ્યરૂપ ભાસે છે. ગઢપુરમાં શ્રીજીમહારાજ

ઘણું રહ્યા, એ રમણરજમાં રહેવાનું ભાગ્ય જેમને થયું છે તે તો દેહ છતાં જ કૃતાર્થ બને છે.

૫૬

અ. મુ. મનસુખબાપાના અંતર્ધાન થવાના સમાચાર આપણ સૌને દુઃખદ લાગે જે, આવા મહામુક્ત દુર્લભ થયા. મોટાની સ્થિતિ પારાવાર હોય છે. સાદા ઘણા હતા. નાના સાથે નાનાની રીત રાખે અને મોટા સાથે મોટાની રીતે બધુંય કરતા. નાના-મોટાની સેવા સ્વીકારતા. સુખદુઃખની રાવ બાપાશ્રી પાસે પહોંચાડતા, આશીર્વાદ દેતા, વઢતા-વખાણતા, પણ સૌને વહાલપથી રાજી કરતા. નાના બાળકની પણ એમના હૃદયમાં યાદી રહેતી. આવા સર્વદેશી, કૃપાની મૂર્તિ, અનાદિ મુક્તારાજની આપણને મહાન ખોટ પડી. એ તો અહીં હતા તો પણ મૂર્તિના સુખમાં જ હતા. આપણને સુગમ હતા તે હવે અગમ થઈ ગયા. શ્રીજીમહારાજની કૃપાદષ્ટિ પોતાના આશ્રિત પર સદાય છે તે ભેળી એમની કૃપા છે જ છતાં આપણને મોટી ખોટ આવી.

૫૭

'જ્ઞાન વિના દુઃખ પામત દુનિયા,
માયા ઘોર અંધારમેં.'

આવું સદ્‌૦ મુક્તાનંદ સ્વામીએ લખ્યું છે. તે પ્રમાણે ઘણે ઠેકાણે જણાય છે. મોટા કહેવાતા હોય ને માંહી ઝાઝો માલ ન હોય. બાપાશ્રી કહે : "એવાનું ય આપણે સારું કરવું. આપણે તો અધમ જીવને ઉદ્ધારવા છે, તેથી નજરે ચડયો તેને પણ ઠેઠ પહોંચાડવો છે." શ્રીજીમહારાજ અને અનાદિ મુક્ત કેવળ કૃપાસાધ્ય છે. આપણે તો કૃપા સાધ્યમાં આવી ગયા. જો બાપાશ્રી અને સદ્‌ગુરુઓ ન મળ્યા હોત તો આપણને પણ આવું અનાદિનું જ્ઞાન ન સમજાત. આ તો કેવળ કરુણા કરી. તે દરરોજ ગાઈએ છીએ :

**'આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી,**
**મુક્તાનંદ કહે મુક્તિ સુગમ કરી સીધી.'**

તેથી મહારાજની મૂર્તિનું અનુસંધાન રાખી સદાય આનંદમાં રહેવું.

૫૮

આપણને શ્રીજીમહારાજ તથા બાપાશ્રી અને સદ્ગુરુઓ મળ્યા, મનાણા, તેમણે આપણને પોતાના કર્યા, તેમાં બધું ય છે. મહારાજની મૂર્તિ સાથે અખંડ આશીર્વાદ છે, અભય વરદાન છે કેમકે પોતે ન્યાલકરણ છે. એ દિવ્યમૂર્તિનો મહિમા અપાર અપાર છે. કોઈથી પાર પમાય તેમ નથી. તેવી અલૌકિક દિવ્યમૂર્તિના પ્રતાપે તમો નેં અમો સુખિયા છીએ અને હવે પછીના શરણે આવનારાઓ પણ સુખિયા રહેશે. આપણને જેટલો મૂર્તિનો સંબંધ તેટલો આનંદ રહે. જ્ઞાને કરીને તો મૂર્તિમાં જ છીએ. આપણને બળ એ સમર્થ ધણીનું છે. અત્યારે એ રીતે જ આનંદ ને સુખ છે એમ જાણીને મહારાજની દિવ્યમૂર્તિનો સંબંધ વધુ રહે તેમ ખટકો રાખવો.

૫૯

મહારાજની મૂર્તિમાં નકરું સુખ જ છે. દિવ્ય મનોહર શ્રીજીમહારાજ અક્ષરધામરૂપ તખ્તમાં અખંડ બિરાજે છે. એ મૂર્તિ ભેળા અનંત અનાદિ મુક્ત રસબસભાવે સુખ લીધા જ કરે છે. સિંહાસનને ફરતા ધામરૂપ તેજોમય સ્થાનમાં અનંતકોટિ મુક્ત સન્મુખ જોઇ રહ્યા છે. શ્રીજીમહારાજ દરેકને સન્મુખ ભાસે છે.

**'સૌને સન્મુખ ભાસે રે, સૌના સામું જોઈ રહ્યા.'**

શ્રીજીમહારાજ સૌ મુક્તોને અકળિત છે. તે દિવ્ય સુખ પણ કળાય એવું નથી. જ્યાં તેજ તેજના અંબાર છે, સૌનાં તેજોમય અંગ છે, એ દિવ્યસભા પરમ એકાંતિકની અને દિવ્યસભા અનાદિની, જેનું શબ્દે કરીને વર્ણન થઈ ન શકે.

એવા અનંતકોટિ મુકતે સેવ્યા થકા શ્રીજીમહારાજ સૌને દિવ્ય-સુખમાં ગુલતાન રાખે છે.

૬૦

આ દેહનો અવધિ પૂરો થતાં શ્રીહરિના આશ્રિત આ દિવ્યધામમાં અને દિવ્યમૂર્તિના સુખમાં પહોંચે છે. આપણા અહોભાગ્ય કે આ લોકમાંથી આપણને મહારાજે કાઢી દિવ્ય સત્સંગ જે પોતાની દિવ્યસભા ને દિવ્યમૂર્તિમાં રાખ્યા. બાપાશ્રીએ આ બધો અનુભવ પ્રત્યક્ષ કરાવ્યો. અક્ષરધામમાં શ્રીજીમહારાજ દિવ્યસભામાં બિરાજી મહામુક્તોને દિવ્યસુખ પમાડે છે તે જ મનુષ્યરૂપે પ્રગટ થઈ આ લોકમાં દષ્ટિ-ગોચર થયા હતા. એવી રીતે શ્રીજીમહારાજના સંકલ્પથી બાપાશ્રીએ કચ્છમાં પ્રગટ થઈ અનેકને ન્યાલ કર્યા. કરુણાનો સમુદ્ર રેલાવ્યો, ઘેર ઘેર ફર્યા, અનેકને તાર્યા – ઉદ્ધાર્યા, મૂર્તિના સુખમાં રાખવાના આશીર્વાદ આપ્યા, જાત-કુજાત જોઈ નહિ, કેવળ કરુણા રસ રેલાવ્યો ! એવા બાપાશ્રીના પ્રગટપણામાં આપણો જન્મ થયો એ પણ ધન્ય ભાગ્ય ! ડાહ્યા - ચતુર - શાણા ગણતરી કરતા રહ્યા અને આપણા જેવા સાધારણ પર અઢળક ઢળ્યા, હાથ ઝાલ્યો, પ્રત્યક્ષ ભેટ્યા, માથે હાથ મૂક્યા, કોઈને તેજોમય દેખાયા, કોઈને પરચા પૂર્યા, કોઈને ધામમાં તેડવા શ્રીજીમહારાજ સાથે આવ્યા ને કેટલાકને તેજોમય દર્શન આપી પૂર્ણકામ કર્યા.

૬૧

શ્રીજીમહારાજે આ ભૂમિ પર પધારી સહુને આ લોકમાં અક્ષરધામનો અનુભવ કરાવ્યો, જીવનરૂપ બાપાશ્રીએ અનાદિ મુક્તની સ્થિતિ સમજાવી. એ સ્થિતિ અનેકને પમાડી. સદ્ગુરુઓએ વચનામૃતનું દોહન કરી રહસ્ય સિદ્ધાંત સમજાવી સૌને શ્રીહરિનો પરભાવ સમજાવ્યો. આ કૃપાનો લાભ આપણને

પણ મળ્યો. દિવ્યમૂર્તિ બાપાશ્રીના દર્શન - મળવું - સેવા - સમાગમ - પ્રસન્નતા—કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ – એ લાભ સાધનથી મળે નહિ. શ્રીહરિની કૃપા થાય તો જ એવી પ્રાપ્તિ થાય.

૬૨

શ્રીજીમહારાજ તો કૃપાના સમુદ્ર એટલે કૃપાએ પૂરું કરતા હોવાથી લખે છે કે અમારા દર્શન કરશે, અમારો ગુણ લેશે, અમારો વાયરો અડશે તે બધાનું મારે કલ્યાણ કરવું છે. એવાં કૃપામય વચનોથી આપણે કૃતાર્થ થયા છીએ.

'ભાંગી મારી જન્મોજન્મની ખામી.
મળ્યા મુને નિષ્કુળાનંદના સ્વામી.'

દરરોજ બોલીએ છીએ, તે મોટા મુક્તના સિદ્ધાંત વચન છે. બહારદૃષ્ટિવાળાને બહારના જોગથી આવા દિવ્ય વચનોનું માહાત્મ્ય સમજી શકાતું નથી. તેથી મહારાજ પોતાની સાથે મહામુક્તો લાવ્યા તેમણે આવા વચનોનો દિવ્યરસ આપણા ચૈતન્યમાં રેડયો છે. ભાલના બળદને આખા ઘઉં ખવરાવે છે અને તે આખા ઘઉં પાછા કાઢી નાખે છે તોય તેનો કસ જાતો નથી તેમ મહારાજે અને બાપાશ્રીએ પોતાના આશ્રિતને અમૃતરસ પાયો છે અને હજુ એ કૃપા ચાલે છે તેથી જોગવાળાને દિવ્યભાવે આવું પોષણ થયા કરે છે. આવી કૃપાથી તમો, અમો તથા સર્વે સુખિયા છીએ.

૬૩

લાલાબાબુએ સાત કરોડ રૂપિયા સદાવ્રતમાં વાપરી નાંખ્યા તો ય સત્સંગના ઘેર અવાણું નહોતું, પણ તેની ફક્ત અત્તરની શીશી મહારાજ પાસે સંતો લાવ્યા તે મહારાજે અંગીકાર કરી, પોતે તેમાંથી અત્તર સૂંઘ્યું, પછી એ પ્રસાદીનું અત્તર સંતોની નાસિકાએ ચરચ્યું. તેનું મહાફળ થતાં સત્સંગમાં જન્મ આવ્યો. આમ સત્સંગમાં જન્મ આવવો તે દુર્લભ

છે. સત્સંગમાં જન્મ આવે કે તુરત અભયવરના ભાગ્યવાન થાય.

૬૪

મહારાજે સંતો તથા હરિભક્તોના મોક્ષને અર્થે દૃષ્ટાંત દઈ વાત કરી છે કે રાજાએ યુદ્ધમાં જીત મેળવી અને લશ્કરના આગેવાનોને ઈનામ આપવાનું કહ્યું. ત્યારે તે આગેવાનો કહે : અમે જ્યાં જ્યાં જીત કરી તે મહાજનની સહાયથી કરી, કેમકે તેમણે અમને જમવાની તથા જોઈતી સામગ્રી પૂરી પાડી જેથી અમે સારી રીતે લડ્યા. તેથી અમને મદદ કરનારને પહેલાં ઈનામ આપો. તેમ બાઈઓ જે જે કરે છે તે પોતાના પતિની સહાયથી કરે છે. તે બધું મહારાજની નજરમાં છે તેથી બાઈઓને મોજ મળશે તે સાથે જ કે તેથી અધિક મોજ સહાય કરનાર ગૃહસ્થ હરિભક્તોને પણ મળશે. એમ બંને આત્યંતિક મોક્ષના સરખા ભાગિયા છે. બાપાશ્રીએ તો પોતાપણું જ કઢાવી નાંખ્યું છે તે એમ કે મહારાજને કર્તા જાણવા.

૬૫

બાપાશ્રી આપણને એટલું જ સમજાવે છે કે સાને દિવ્ય જાણો, મૂર્તિરૂપ જાણો. બહાર દૃષ્ટિમાં જગત છે ને અંતરદૃષ્ટિમાં ભગવાન છે. અને અનાદિ તો મૂર્તિસ્વરૂપ છે. તેમની દૃષ્ટિ તો મૂર્તિ આકારે જ છે.

સદ્. બ્રહ્માનંદ સ્વામીની પ્રાર્થનામાં છે કે :

'મારું સર્વે આવ્યું છે મજરે;
હેરો છો અમૃતની નજરે.'

આવી અમૃત નજર મહારાજ તથા બાપાશ્રીની આપણા પર થઈ છે આથી અધિક કાંઈ જાણવા-પામવાનું નથી.

૬૬

મોટા ધામોમાં સમૈયા વખતે મહારાજ જાણે પ્રત્યક્ષ

દર્શન દેતા હોય તેવું લાગે છે. સમૈયામાં હેતવાળા મુક્તોના સહેજે દર્શન થાય તે માટે શ્રીજીમહારાજે આવી ગોઠવણ કરી છે.

આપણે મોટાના અભિપ્રાય જોઈએ છીએ તથા તેમનાં લખાણ વિચારીએ છીએ ત્યારે સૌનો એક જ અભિપ્રાય થાય છે કે મૂર્તિ રાખો, મૂર્તિનો દિવ્યભાવ સમજો. અક્ષરધામની મૂર્તિ ને પ્રતિમા બેયનો સરખો મહિમા સંતો તથા બાપાશ્રી સમજાવે છે. દિવ્ય સમૂહમાં એ લાભ સહેજે લેવાય.

૬૭

અમો વડતાલ આવ્યા તેથી લાભ ઘણો મળ્યો. સમૂહ બહુ મોટો ભરાયો હતો. બંને આચાર્યો પધારતાં સૌને લાભ મળ્યો. મંદિરની અદ્‌ભુત શોભા, સંત હરિભક્તોનો સમૂહ અને શ્રી લક્ષ્મીનારાયણ દેવ અને શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રસન્નતા સૌ પર વધુ જણાતી હતી. અભિષેક વગેરેનાં દર્શનને લીધે વધુ લાભ થયો. રજત મહોત્સવમાં બંને આચાર્યોએ ભાગ લીધો હોવાથી શ્રીહરિની પ્રસન્નતા બહુ થઈ. મુંબઈ, સુરત, વડોદરા વગેરે તથા બીજા ગામડાંના હરિભક્તો તરફથી આચાર્ય મહારાજને ભેટો અર્પણ થઈ. તે ધર્મધુરંધર આચાર્ય મહારાજે શ્રી લક્ષ્મીનારાયણ દેવને અર્પણ કરી હતી. શ્રીહરિને પ્રસન્ન કરવાના આશયથી મોટેરા હરિભક્તોનાં વ્યાખ્યાનો થયાં હતાં. ટૂંકમાં આ સમૈયો આનંદ-સ્મૃતિ રહે તેવો હતો. શ્રીજીમહારાજે ઉત્સવ-સમૈયા સ્મૃતિ રહેવા સારુ કર્યા છે. સિદ્ધ મુક્તાને તો કારણ મૂર્તિમાં બધું છે, એટલે એમને તો કાંઈ વિશેષ નથી તો પણ આ દિવ્ય સભાના દર્શનથી, તેમને દિવ્ય જાણવાથી મહારાજ રાજી થાય. આપણને બાપાશ્રીએ અનાદિની સ્થિતિ સમજાવી તેમાં તો મહારાજ ભેળા અનંત મુક્તો છે, બધા મૂર્તિ આકારે છે. આપણે એવું મનન કરવાનું છે, એમાં જ્ઞાન, ધ્યાન, સ્થિતિ, પ્રાપ્તિ

બધું સાથે છે. આવા અનુસંધાન માટે એવા મોટા મુક્તના જોગની જરૂર છે. એ જોગ મૂર્તિ સાથે છે. બાપાશ્રી કહે છે કે વાચ્યાર્થમાં પડયું રહેવું નહિ, લક્ષ્યાર્થ કરવો. શ્રીજીમહારાજની પ્રાપ્તિથી અધિક કાંઈ નથી. એ મૂર્તિનું દિવ્યસભાએ સહિત ચિંતવન, અનુસંધાન રહે તેવો ખટકો રાખવો.

૬૮

કોઈ આપણને નુકસાન કરી ગયો તે પણ સંભારશે કે મારી ભૂલ થઈ ગઈ પણ આ લોકો બધા સારા હતા, સ્વામિનાયણ ભગવાનના કૃપાપાત્ર હતા, એટલો કોઈવાર પસ્તાવો કરશે તો તેનું પણ મહારાજ સારું કરશે, પણ ભાગ્ય હોય તો જ એ વાત બને છે, આપણે તો તેના પણ સારા સંકલ્પ કરવા. બાપાશ્રીની વાતોમાં જીવને નાદાન કહેલ છે. તે નાદાન તો એવા જ હોય. આપણા સંતોએ કેટલાય અજ્ઞાનીના દોષ જોયા નથી તેમ આપણે એવાનાં પણ સારા સંકલ્પ કરવા. મહારાજની રીત એવી છે.

'જન અવગુન પ્રભુ માનત નાહીં;
દીનબંધુ અતિ મૃદુલ સ્વભાવ.'

એ સનાતન રીત છે, જીવના વાંક ગુના જુવે તો કોના કલ્યાણ થાય! તે માટે બહુ જ ઉદારતા મહારાજે વાપરી, સૌનાં ખોટનાં ખાતાં વાળી નાખ્યાં; 'અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો.' એમ ભક્ત ઉપર કૃપાનો સમુદ્ર રેલાવ્યો છે. આ લોકમાં તો અનેક પ્રકારના જીવો દેખાય છે છતાં મહારાજ તથા મોટાના સંકલ્પ તો જીવોને ઉદ્ધારવાના જ છે. આપણને આવા કૃપાના સાગર શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ મળ્યા. તેમનું પ્રત્યક્ષ દર્શન, દિવ્યસભાના દર્શન તે ન બનવાનું બની ગયું છે. દેહ છતાં એ પ્રાપ્તિ થઈ. જેને દેહ પડયા પછી મળાય, તે છતે દેહે મળ્યા, અઢળક ઢળ્યા, એમની અમૃત નજરે આપણે સુખિયા છીએ.

૬૯

અનાદિ મુક્ત મહારાજની મૂર્તિમાં ઓતપ્રોત, તદ્રૂપ, તલ્લીન, રસબસ છે. એમાં સંપૂર્ણ સિદ્ધાંત આવે છે અનંત અનાદિ મુક્તના સ્વામી શ્રીજીમહારાજ. અનંત મુક્ત રસબસભાવે એ મૂર્તિમાં સુખ લીધા જ કરે છે. સહજાનંદ સ્વામી તો અજોડ. એમની સરખામણીમાં એ એક જ. બીજી રાણીઓ ને આ રાજા. અનેક ઉપમાઓથી સેવકો ગુરુનો મહિમા સમજાવે છે તે ભલે હોય પણ આ વાત સંપૂર્ણ છે.

૭૦

આપણે ભેળા થયા છીએ મહારાજને રાજી કરવા. એ કામમાં ખટકો સૌએ રાખવો. આપણે બાપાશ્રીના વચન પ્રમાણે એક ગોત્ર છીએ. મૂર્તિમાં તો ભેગા છીએ જ.

૭૧

આપણો હાથ શ્રીહરિએ ઝાલ્યો અને મૂર્તિમાં રાખ્યા છે એ દૃઢતા ખરી છે. પરમકૃપાળુ બાપાશ્રી કહે છે કે : 'અમે તો સૌને મૂર્તિમાં રાખવા આવ્યા છીએ, અમારે એ એક જ કામ છે કે મૂર્તિ આપવી.' તેથી કહે છે કે : 'કોઈ મૂર્તિ લ્યો ! કોઈ મૂર્તિ લ્યો ! અમારે ઘેર એ એક વેપાર છે.' આવા કૃપાના સમુદ્ર બાપાશ્રીના વચનની દૃઢતા રાખી, પ્રસન્નતાના સાધન, ધ્યાન વગેરે કર્યા કરવું, મોટાના બોલ ફરે નહીં. સત્યયુગમાં પણ માણસો ધારતા તેમ થતું ત્યારે આ તો મહારાજના સંકલ્પથી પ્રગટ થયેલા તે એમના વચન પ્રમાણે જ થાય, આપણને સત્સંગમાં સત્સંગ મળ્યો છે તે શ્રીજીમહારાજની મૂર્તિ મળી છે, એને ચિંતામણિ કહેવાય. પ્રથમનાં પહેલાં વચનામૃતમાં આ વાત મહારાજે પોતે જ કરી છે. સર્વકારણના કારણ, સર્વાધાર, સર્વના સ્વામી, સર્વ દિવ્યના દિવ્ય, અવતારના અવતારી, અનંત મુક્તના સ્વામી એવા જે સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા તેથી અધિક

(જાણવા–પામવાનું) કાંઈ નથી. અત્યારે પ્રતિમાભાવ એમની મરજીથી દેખાય છે, જેમ પ્રથમ મનુષ્યભાવ જણાતો તેમ. મૂર્તિનો અખંડ સંબંધ રાખ્યા કરવો. આપણા પર એમની અમૃત નજર છે, એમના મહામુક્તની કૃપા છે. આપણો એવે સ્થળે જન્મ થયો કે બધું સહેજે બની ગયું. હવે તો એમની મરજી પ્રમાણે સદાય આનંદમાં રહેવું. આજ્ઞા-ઉપાસના બેમાં સાવધાની રાખવી. પ્રાપ્તિમાં પૂર્ણ માનવું ને શ્રીજીમહારાજની પ્રસન્નતાને અર્થે જે કાંઈ બની આવે તે કરવું. મહારાજ કહે છે કે : "અનંત જન્મના સુકૃત ઉદય થવાના હોય, જેનો આ જન્મે જ આત્યંતિક મોક્ષ થવાનો હોય, તેને આ અમારી મૂર્તિની પ્રાપ્તિ થાય છે." તે તો આપણા ભાગ્યમાં લખાઈ ગયા છે. આપણે મહારાજના ને મહારાજ આપણા, જેથી સદાય આનંદ રાખવો.

૭૨

આપણે શ્રીજીમહારાજના છીએ અને એ આપણા છે. તેથી જેમ માબાપને છોકરાંઓ વહાલા હોય તેમ મહારાજને આપણે વહાલા રહેવું. આપણું જીવન એ છે :

"ગિરધારી રે ગિરધારી, મારે નિર્ભે અખૂટ નાણું ગિરધારી."

એ આપણું જીવનધન છે, આત્યંતિક મોક્ષ એ મૂર્તિથી જ છે. એ જેમ કરશે તેમ ઠીક જ કરશે. અનંતકોટી બ્રહ્માંડની એમને ફિકર છે તો આપણા પર તો અમૃત નજર હોય જ.

૭૩

આપણા બધા ઉપર શ્રીજીમહારાજ, મહામુક્તો, બાપાશ્રી આદિ દિવ્ય સ્વરૂપોનો રાજીપો થતાં આપણે પૂર્ણકામ થયા છીએ. ઓછી-વધુ ભક્તિ થાય, વ્યાવહારિક ક્રિયાઓમાં કોઈ વાર ભુલાય છતાં જે નિશ્ચય થયો છે કે મહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખેલ છે તે અનુસંધાન ભૂલવું નહીં. વચનામૃતમાં મહારાજ કહે છે કે : "ભગવાનના સ્વરૂપનું જ્ઞાન

જેને થયું હોય અને તે જ્ઞાન-ભક્તિના સુખનો પોતાના જીવમાં અનુભવ એક વાર યથાર્થ થયો હોય તો તેની વિસ્મૃતિ ક્યારેય થાય નહીં." વળી, મહારાજ કહે છે કે : જેમ ચમત્કારી મંત્ર હોય કે ચમત્કારી ઔષધી હોય તેમાં સહેજે ચમત્કાર હોય છે. તે તો દૃષ્ટાંત, ને સિદ્ધાંતમાં સર્વના કારણ મહારાજની મૂર્તિ મળી તેથી અધિક જાણવા-પામવાનું કાંઈ રહેતું નથી. એ મૂર્તિ મળી, એ મૂર્તિનો મહિમા સમજાણો, એમના અનાદિ મહામુક્તો ઓળખાણા, એમનો આપણા પર રાજીપો થયો, એમણે કેટલીય વાર આશીર્વાદ આપ્યા, પોતાના કર્યા, એ વિચારતાં તો સદાય આનંદ આનંદ વર્તે, સદાય કૃતાર્થપણું મનાય આ રીતે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનો મહિમા વિચારી, આઠે પહોર મૂર્તિનો આનંદ રાખવો. બધાય એમને લઈને છે. બાપાશ્રી કહે છે કે : "મૂર્તિ મુખ્ય રાખવી. મૂર્તિ ભૂલવી નહીં. આપણે એક છોગલાવાળા સ્વામિનારાયણ રાખવા, એ રહે તો હય્યો."

૭૪

મહારાજ કહે : અમે કાંકરીએ ચોરાસી કરી ને શ્રી નરનારાયણ દેવની શ્રીનગરમાં પ્રતિષ્ઠા કરી તેમાં લાખો માણસોનો મેળો થયેલો. તે પ્રવૃત્તિ વિસારી દેવા ગણેશ ધોળકાની રાણ્યમાં ગયા ને અંતઃવૃત્તિ રાખવા માંડી, પછી એમ થયું કે અમે તો કાંઈ કર્યું જ નથી. અમે દિવ્ય મૂર્તિ—અનંત અનાદિ મુક્તે સહિત સદાય અક્ષરધામમાં જ છીએ. માટે પ્રવૃત્તિ વિસારવા અંતઃ-વૃત્તિએ મહારાજ સભાસહિત જોવા. પરમ કૃપાળુ બાપાશ્રી કહે છે કે : એક છોગલાવાળા સ્વામિનારાયણ રહે તો હય્યો. મૂર્તિ એ મુદ્દો છે, તે મુદ્દો રાખવો. મૂર્તિ વિના રોગી વાની છે. મૂર્તિ પરમ ચિંતામણિ, કલ્પતરુ અને મહામોંઘી વસ્તુ છે. તે મૂર્તિ અનેક બ્રહ્માંડમાં કોઈને ન મળે તે આપણને "સહેજે મળ્યા સહજાનંદ, પુરુષોત્તમ પ્રગટી રે", એવું સુગમ

થયું છે. શ્રીહરિ અનેક પ્રકારે નિજાશ્રિતને સુખિયા રાખે છે. આ લોકનું સરખું હોય તો આપણને સાનુકૂળ થાય. જેથી મહારાજ ઠીક થાય તેમ રાખે છે. અ. મુ. સદ્‌ગુરુ ગોપાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા શ્રીજીમહારાજના સંકલ્પથી જીવોને દષ્ટિગોચર થયેલા. એ મહાઅનાદિ સ્વરૂપોએ જીવોને દષ્ટિમાત્રે સુખિયા કર્યા. શ્રીજીમહારાજનું સર્વોપરી જ્ઞાન પ્રવર્તાવ્યું. પરમ કૃપાળુ બાપાશ્રીએ પણ સૌને મૂર્તિરૂપી અભય-દાન આપ્યું. મહારાજ અને મહારાજના મુક્ત એ બંને દિવ્યરૂપો સૌના આત્યંતિક મોક્ષ કરવા આ બ્રહ્માંડમાં પધાર્યા. એમના દિવ્ય ચરિત્રોનાં ગ્રંથો લખાયા છે. તેમના વૃત્તાંતો બહુ જ ચમત્કારી, કોઈ તેમની સરખામણી કરી ન શકે. જેમ સહજાનંદજી સૂર્ય એક જ, તેમ અનાદિ મહામુક્તોની સભાની જોડમાં કોઈ ધામની સભા આવી ન શકે. સૂર્યની પેઠે ચંદ્ર પણ આકાશમાં સર્વોત્તમ, તેની તુલ્ય બીજા તારાથી ન થવાય, એવા અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ અને એમના લાડીલા મુક્તોની આપણને પ્રાપ્તિ થઈ. એમણે આપણને પોતાના કર્યા, તેથી વધુ શું છે? કાંઈ નથી. આપણા કુટુંબમાં સૌને આ શ્રીહરિની એક સરખી ઓળખાણ છે. બધાને એમ જ કે વહેલા મહારાજનું દિવ્ય સુખ કેમ આવે! નાના–મોટા પર મહારાજ તથા મોટા મુક્ત રાજી થયા છે તેમનું આ ફળ છે. બાપાશ્રી કહે છે કે આપણે ધુણી–પાણી ભેળા કર્યા હશે. અનંત જન્મના સુકૃત ઉદય થયા હોય તેને આ પ્રાપ્તિ થાય છે. ક્યાં મહારાજ! ક્યાં જીવ! એ ન બનવાનું બની ગયું. જીવમાંથી શિવ એટલે મુક્ત કર્યા. મૂર્તિમાં રાખી અખંડ સોહાગી કર્યા. હવે તો એવું જ મનન કરવું કે "શ્રીજીમહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે, હું અનાદિમુક્ત છું." બાપાશ્રીનો આ રહસ્ય અભિપ્રાય છે. શ્રીજીમહારાજના સંકલ્પથી બાપાશ્રીનું પ્રગટપણું થયું. તેમાં ચોરાશી વર્ષ સુધી નરનાટકમાં અનેક

ચરિત્રો બતાવ્યા. સત્સંગમાં ગામે ગામ ફરી અનેકને શ્રીહરિનો સંદેશો પહોંચાડચો. આઠ તો મોટા યજ્ઞો કર્યા, જેમાં હજારો સંત હરિભક્તો આવતા, સૌના આત્યંતિક મોક્ષનો જ સંકલ્પ કે આ યજ્ઞમાં જે કોઈ જમશે તેમનો આત્યંતિક મોક્ષ થશે. આવા મહાન કાર્યથી અનેક જીવોને શ્રીજીમહારાજના દિવ્ય સુખમાં પહોંચાડચા. આ બધાં કાર્ય થતાં જાય તે સાથે મૂર્તિના દિવ્ય સુખની, મૂર્તિમાં રહેલા અનાદિ મુક્તાની વાતો પણ થતી જાય, જેથી સમાગમ કરનારા સંત–હરિભક્તા તથા બાઈઓમાં ઘણાં જાણી ગયા કે બાપાશ્રીનું પ્રગટપણું અનાદિમુક્તાની સ્થિતિ સમજાવવા, એ સ્થિતિ પમાડવા અર્થે છે. જે જાણી ગયા તે માણી ગયા. જેમ મહારાજ દિવ્ય તેમ તેમના મહામુક્તો પણ દિવ્ય છે, સનાતન અને તેજોમય છે, સત્ય સંકલ્પ છે. આવી વાતોનું જાણપણું એમના રાજીપાથી જ થાય છે, દિન-પ્રતિદિન શ્રીહરિના ઐશ્વર્ય-ચમત્કાર-પરચા-પ્રતાપ વધુ ને વધુ સમજાતા જાય છે. અ. મુ. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે અમે મૂર્તિ ભૂલીએ તો તાળવું ફાટી જાય. એવા અખંડ સ્થિતિવાળા સદ્‌ગુરુએ જીવોને ન્યાલ કરવા, અભય કરવા, પોતાના કલ્યાણકારી ચરિત્રો કરવા ઉપરાંત મહારાજના સર્વોપરી-પણાની અનંત વાતો કરી. એવી જ રીતે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા બીજા અનેક મુક્તોએ એ એક જ કાર્ય કર્યું છે. પોતે તો મૂર્તિના સુખે સુખિયા હતા છતાં મહારાજના સંકલ્પથી અનેકને ચરિત્ર-પ્રતાપ ને સર્વોપરીપણાની, આજ્ઞા–ઉપાસનાની વાતોથી પૂર્ણકામ કર્યા. કૃપામાં આવનારને મનાવી દીધું કે જેને દેહ મૂકચા પછી પામવા હતા તે તો દેહ છતાં મળ્યા. આ કાર્ય બીજાથી બને નહીં. એટલા માટે મહારાજ અને મહારાજના મળેલા—બે જ મોક્ષના દાતા ગણાયા છે :

'શોભે અખંડ એવાતન જોડ;
માથે બત્રીસ ભમરીની મોડ.'

બત્રીસ ભમરી એટલે કલ્યાણકારી સંતનાં બત્રીસ લક્ષણ. શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિના પ્રતાપે આપણે પણ ન્યાલ થયા છીએ :

'જાઉં ધર્મકુંવરને વારણે રે લોલ;
ભવ બૂડતાં ઝાલી મારી બાંય.'

એવું આપણને થયું છે. બાપાશ્રી કહે છે કે : "તમને સ્વામિનારાયણ ઢુકડા થયા છે, તમને ન્યાલકરણ મળ્યા છે, તમારા ખોટનાં ખાતાં વાળી નાખ્યા છે, તમને પ્રત્યક્ષ વાદળી છૂટી પડી છે, તમારે જીતનો ડંકો વાગી ગયો છે, તમારા કાળ, કર્મ ને માયા નાશ કરી નાખ્યા છે, તમને મૂર્તિમાં રાખ્યા છે, અક્ષરધામના ધામી શ્રી પુરુષોત્તમ નારાયણનો ચાંદલો આવ્યો એ કેવડી વાત! આજ એ મહાપ્રભુ અઢળક ઢળ્યા છે." આવાં અનેક કૃપાનાં વચનોથી બે ભાગ લખાણા એટલી વાતો છપાણી તો પણ જેને ગાયનો વાઘ થઈ ગયો છે તે લાભ લઇ શકતા નથી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ આ વાત દષ્ટાંત આપી સમજાવી છે કે બ્રાહ્મણને કોઈએ ગાય આપેલી તે ત્રણ-ચાર માણસે વાઘ છે, વાઘ છે કીધું તેથી ગાય મૂકી દીધી. પણ બુદ્ધિ નહીં, નહિ તો વિચાર કરે કે શિંગડાં-પૂંછડું ને આંચળ વાઘને ન હોય! પણ જેના પર મહારાજ અને મોટા મુક્ત રાજી થયા હોય તેમને જ આવી દિવ્ય પ્રાપ્તિ મળે છે. આપણે અનેક જન્મ ધર્યા પણ ટાણું આવી ગયું. શ્રીજીમહારાજ અને સદ્‌ગુરુઓના સમયમાં હોઇશું, પણ પોતાપણું કાંઇક રાખ્યું હશે, તો પણ કૃપામાં આવેલા બીજીવાર આવે તોય બળિયા હોય કેમકે શ્રીજીમહારાજનું વચન છે કે આ જ્ઞાન વૃત્રાસુરની પેઠે જાય નહીં. એવું આ જ્ઞાનનું માહાત્મ્ય છે. નારદ, સનકાદિક ને બ્રહ્માદિકની સભામાં નિરંતર આ જ વાત થાય છે, તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રગટ ભગવાન ને પ્રગટ સંતને જ

કલ્યાણના દાતા બતાવે છે. અનેક આજ્ઞાઓ પળાવીને, શુદ્ધ ઉપાસના સમજાવીને, મોટા અનાદિનો જોગ-સમાગમ કરાવી ને મહારાજના દિવ્ય સુખની પ્રાપ્તિ કરાવવી છે. આવો લાભ આપણને મળ્યો એટલે કૃતાર્થ થયા :

'ભવબ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી,
પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો.'

તે લાભ આપણને મળ્યો. એ આનંદમાં રહેવું. બહારવૃત્તિમાં પ્રદેશ ગમે તેવો ભલે હોય, પણ અંત:વૃત્તિએ તો ચિદ્દ્ઘન તેજનો રાશિ જે પુરુષોત્તમનું ધામ જ્યાં તેજ તેજના અંબાર છે, તે મધ્યે દિવ્ય સાકાર સનાતન મૂર્તિ બિરાજે છે, તે મૂર્તિ ભેળા અનંત અનાદિ મુક્તો છે, તે જ રીતે અનંત પરમ એકાંતિકની સભા છે. સદાય સાકાર દિવ્ય તેજોમય એ મહાપ્રભુએ આપણા ચૈતન્યને દિવ્ય સાકાર કરી મૂર્તિમાં રાખેલ છે એ દઢતા કાયમ રાખવી. ચાલોચાલ અને કાર્ય-સત્સંગથી આવું મનાતું નથી. આ પ્રાપ્તિ તો કેવળ કૃપાની છે. બાપાશ્રી કહે છે કે : "આપણને કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે. આપણે એક મૂર્તિને બાઝવું, મૂર્તિ ભૂલીને હલર-વલર ન કરવું, મૂર્તિમાં બધું ય છે, મૂર્તિ ન્યાલકરણ છે. આ વાતનો આલોચ રાખવો. મહારાજ સાથે હોય એટલે બધે ય સુખ. દિન-પ્રતિદિન સત્સંગનું બળ વૃદ્ધિ પમાડવું." સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજની પ્રાર્થના કરી છે કે :

'ક્યાં અમે ને ક્યાં આપ, જીવન જાણું છું;
કીડી કુંજરનો મેળાપ, જીવન જાણું છું.
તમે મેર્ય મુજ પર કીધી, જીવન જાણું છું;
મારી બૂડતાં બાંય ગ્રહી લીધી, જીવન જાણું છું.
તમે બિરદ પાળ્યું પોતાનું, જીવન જાણું છું;
શીદ શંકા મનમાં આણું, જીવન જાણું છું.

મારે અચળ તમારો આશરો, જીવન જાણું છું;
હોયલા દિનમાં ખરખરો, જીવન જાણું છું.
મારી મરણ ટાણાની મૂડી, જીવન જાણું છું;
વળી ભવસાગરની હૂંડી, જીવન જાણું છું.'

આવાં અનેક વચનો 'હરિ સ્મૃતિ' રૂપ ચિંતામણિમાં છે. મોટા મુક્તોએ જે જે વચનો આવાં કહ્યાં છે તે આપણને મહિમા સમજાવવા કહ્યાં છે. શ્રીજીમહારાજની દિવ્ય સભામાં બેસારી અખંડ સુખ પમાડવા એમનાં બધાં કાર્ય છે. નાના બાળકમાંથી મોટા કરવા જેમ જીવને જનેતા જેવું કોઈ નથી તેમ આત્યંતિક મોક્ષ કરવાના અનેક પ્રકાર સમજાવવામાં અનાદિ મહામુક્ત જેવું કોઈ નથી. એમની કૃપાથી મહારાજની પ્રસન્નતા તુરત થાય છે કેમકે એમણે શ્રીહરિને વશ કરી લીધા છે. વચનામૃતરૂપી દિવ્ય ગ્રંથમાં મહારાજ અને મહારાજના મુક્ત બંને કલ્યાણકારી છે, એવું દરેક પ્રશ્ન-ઉત્તરના વિવેચનમાં સમજાવેલું છે. આવા મોક્ષના દાતા મહાપ્રભુ અને તેમની દિવ્ય સભા ભેળા સદાય રહેવું. એમનો અખંડ દિવ્ય ભાવ રાખવો. શ્રીજીમહારાજ અખંડ, સનાતન ને દિવ્ય છે, તેમ જ ધામની સભા પણ દિવ્ય છે. શ્રીહરિએ દિવ્યભાવની જેતલપુરમાં વાત કરી કે:

'આ સભામાં આપણા સૌનાં તેજોમય તન છે,
છટા છૂટે છે તેજની જાણે પ્રગટચા કોટિક ઇંદુ છે.
એટલું જો સમજશો તો કરવું તમારે કાંઈ નથી,
મળ્યા છે જે તમને તે પાર છે અક્ષરથી.'

વળી, પોતે જ સમજાવે છે કે "આ ગઢડું શહેર કે ઓશરી કાંઈ નથી, તમે સર્વે ત્યાં જ બેઠા છો, એમ હું દેખું છું." આવા વચનનું મનન, નિદિધ્યાસ કરતાં એ શ્રીહરિના વચન યથાર્થ જણાય. મહારાજની દયા અપાર છે, એમની કૃપાથી

જ આત્યંતિક મોક્ષ થાય છે, એ અનુસંધાન રાખવાથી સદાય આનંદ આનંદ વર્તે.

૭૫

અવરભાવમાં વ્યવહારકાર્ય ગમે તે કરીએ પણ પરભાવ સામી નજર રાખવી. અક્ષરધામમાં જે મહારાજ દિવ્ય તેજોમય છે, તે જ મહાપ્રભુ તેજ-ઐશ્વર્ય બંધ કરી મૂર્તિરૂપે દર્શન દે છે. જેવી ધામની સભા દિવ્ય છે, તેવા જ સત્સંગમાં સંત હરિભક્તો દિવ્ય છે, એમ જાણી આપણું મોક્ષરૂપ કાર્ય સિદ્ધ કરી લેવું. મહારાજ અને મહારાજનું અક્ષરધામ તથા દિવ્ય સભા સદાય છે, છે ને છે જ. સર્વાધાર હોય તે સર્વત્ર હોય. આવો પરભાવ દૃઢ કરવો. મહારાજના વચનામૃત, સદ્ગુરુઓની વાતો તથા બાપાશ્રીની વાતોનું મનન કરવું. કલ્યાણને અર્થે અનેક ગ્રંથો મોટાએ રચ્યા છે. તે ચરિત્રસાગરમાંથી જેટલું ચાંચમાં બળ હોય તેટલું લેવું, પિવાય તેટલું અમૃત પીવું, ઉડાય એટલું ઊડવું. સર્વ દિવ્ય ચરિત્રો – ઉપદેશ વચન બધાં આપણા અર્થે છે. તેમાં જે પ્રકરણ આપણા અંગમાં મળતું આવે તે લેવું અને બીજું બીજા ભક્તોને અર્થે છે એવો નિર્ણય મહારાજે સમજાવ્યો છે. આપણા ઉપર તો શ્રીજીમહારાજ અઢળક ઢળ્યા છે જેથી મળ્યા ને મનાણા. આવો વિચાર કરતાં એ મૂર્તિ મુખ્ય રાખવી. શ્રીજીમહારાજની સરખામણીમાં કોઈ નથી. અજોડ અદ્વિતીય મહાપ્રભુ આપણને મળ્યા છે. અવતાર અનંત, મુક્ત અનંત, ઐશ્વર્યાર્થી અનંત પણ મહારાજ તો એક જ :

'જોવા રાખી નહીં જોડ, પુરુષોત્તમ પ્રગટી રે.'

એવી પ્રાપ્તિ આપણને છે. મહારાજે કૃપા કરી સૌને પોતાની દિવ્ય મૂર્તિના સુખ ભોક્તા કર્યા છે, એ સત્ય છે અને સત્ય રહેશે.

૭૬

ભાગ રાખ્યાનું તો મહારાજે પોતે જ લખ્યું છે કે : "અમારા અંગમાં તમારો ભાગ છે." તેથી જ આપણા અહોભાગ્ય છે. જેને શ્રીજીમહારાજ મળ્યા, મહા અનાદિ મુક્તોની કૃપાનો લાભ મળ્યો, તેને તેથી અધિક કાંઈ મળવાનું રહેતું નથી. જીવને આ લોકના ફેર ચડી જાય છે ત્યારે આવી પ્રતિષ્ઠાનો આનંદ મળતો નથી.

૭૭

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના વચન છે કે : 'આ તો અનંત ભગવાનના ભગવાન છે. જીભ ઝાલી રાખીએ છીએ, જેમ છે તેમ કહીએ તો અર્ધી સભા તો ઊઠી જાય એવું સૌને ભારે પડે તેમ છે !' આપણને તો આવા ઘણા મહિમાના વચનો પડચા એટલે હવે ખમાય છે. આપણા ભાગ્યનો પાર ન કહેવાય, કેમકે દેહ મૂકચા પછીની પ્રાપ્તિનો નિર્ણય દેહ છતા કરીએ છીએ. અને મનાયું પણ એવું છે કે દેહ મૂકીને જેને પામવું હતું તે છતી દેહે મળ્યા છે.

૭૮

'ભક્તચિંતામણિ'માં એક વાકચ એવું છે કે :

**'ભણેલા ભૂલ્યા ભગવાનને, અભણે ઓળખ્યા અવિનાશ.'**

એ વચન પ્રમાણે કાશી વગેરેના પંડિતોને મહારાજ ઓળખવા દુર્લભ થયા અને માનકુવાના નાથા સુથાર જેવા ગાંડાએ ઘોડી પાવા તળાવમાં જતાં બુડાણો જાણી મહારાજે ઘોડીને લાંબો હાથ કરી ઘોડી સહિત તેને બહાર કાઢતા જોઈ, એણે રાશ ઉગામી કહ્યું : "હું ભગવાન છું એમ કહો નહિ તો મારું છું." ત્યારે મહારાજે હા પાડી કે મારીશ નહીં, હું ભગવાન છું. [આ તળાવ રામપુર (કચ્છ) નજીક છે.] આ રીતે સહેજમાં તેણે ભગવાનને ઓળખી લીધા. આમ ભગવાન દુર્લભ – સુલભ છે.

૭૯

અહીં ને ત્યાં મૂર્તિ એક જ છે. મુક્તો બધા સાથે છે. આપણે એ દષ્ટિ રાખીએ તો મહારાજનો અભિપ્રાય સમજવામાં સુગમતા થાય. મહારાજ કહે છે કે તમે અમારી મૂર્તિ તેજમાં ધારો, તેજ એ અક્ષરધામ છે, તે રૂપ તમારા આત્માને માનો એટલે કોઈ વાતની તાણ ન રહે, પછી ભલે મુંબઈ હો કે ધનબાદ હો. શ્રીહરિ ગઢપુરમાં રહ્યા થકા સમજાવે છે કે : 'મારી મૂર્તિના દર્શન કરો છો એટલે તમે ધામમાં જ છો, આ ગઢડું શહેર કે ઓશરી કાંઈ દેખાતું નથી, તમો પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું.' એ રીતે આપણે મૂર્તિનો સંબંધ રાખવાનો છે. અ. મુ. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે : "શ્રીજીમહારાજ જેને મળ્યા તેને એક પગલું અહીં છે ને એક પગલું અક્ષરધામમાં છે." અ. મુ. બાપાશ્રી કહે છે કે : "આંખ્યું વીંચીને બેઠા ને મૂર્તિમાં પેઠા." અ. મુ. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કહે છે કે : "મને તો મહારાજ વિના કાંઈ દેખાતું જ નથી, પણ તમે સમજી શકતા નથી એટલે શંકા કરો છો કે તમે અમારા સાથે વાતો કરો છો તો દેખતા તો હશો જ ને! આ રીતે બહાર દષ્ટિથી મહારાજ તથા મોટાનો રહસ્ય સમજાતો નથી, પણ સો વર્ષે, હજાર વર્ષે કે લાખ વર્ષે સમજે છૂટકો છે, આવા મહારાજના વચન છે. આપણે મહારાજ ભેળા છીએ એ સમજણ કરવી તો સદાય આનંદ વર્તે.

૮૦

અ. મુ. ભૂરાભાઈ બાપાશ્રી પાસે વૃષપુર જતા ત્યારે વધુ એકાંત પ્રસંગે બાપાશ્રીને રાજી કરતા. મને ક્યારેક રહસ્ય વાત કહેતા કે : 'બાપાશ્રી કલાકો સુધી મૌન દર્શન દેતા હોય તો પણ મને સંકલ્પેય ન થાય કે બાપાશ્રી કાંઈક વાત કરે તો ઠીક.' ભૂજના બ્રહ્મચારી નિર્ગુણાનંદજી સ્વામીને શ્રીહરિકૃષ્ણ

મહારાજે ભૂજના મંદિરમાં મૂર્તિ રૂપે દર્શન દઈ કહેલું કે અત્યારે અમે અનાદિ મુક્ત દ્વારે વૃષપુરમાં સૌને સુખ આપીએ છીએ. તે વાત મને બ્રહ્મચારીએ કહી હતી, તે પછી મને એમ થયું કે હરિકૃષ્ણ મહારાજ બાપાશ્રી દ્વારા સુખ કેવી રીતે આપતા હશે? જ્યાં એવો સંકલ્પ થયો ત્યાં બાપાશ્રીએ કહ્યું કે : "ભૂરાભાઇ ! મહારાજ આજ સત્સંગમાં અનાદિ મુક્ત દ્વારે સૌના મનોરથ પૂરા કરે છે. તમો કેટલા રૂપિયા ખરચી અહિંયા આવ્યા?" ત્યારે ભૂરાભાઈએ કહ્યું કે : "બાપા! પચ્ચીસેક રૂપિયા થાય." ત્યારે બાપાશ્રો કહે : "આટલા રૂપિયામાં અક્ષરધામમાં દર્શન કરવા જવાય ? અત્યારે અનાદિ મુક્ત દ્વારે શ્રીજીમહારાજ સૌને સુગમ થયા છે. અમે તો સૌને મહારાજની મૂર્તિ આપીએ છીએ. અનાદિ મુક્તાને તો શ્રીજીમહારાજ એક જ છે. બીજી વસ્તુ તેમને મને નથી." પછી કહ્યું કે : "અમે. વાતો નથા કરતા તેથી તમે મુંઝાતા તો નથી ને ?" ત્યારે ભૂરાભાઈ કહે : "બાપા અમારે વાતોનું કામ નથી, અમારે તો મૂર્તિનું કામ છે." ત્યારે કહે : "અંત:દષ્ટિએ વર્તશો તો મૂર્તિ જરાય છેટી નથી." એ. પ્રસન્નતા જણાવ્યા પછી તેમને સદાય પ્રત્યક્ષ ભાવ વર્તતો. તેમની ક્રિયામાં જ્યારે જોઈએ ત્યારે મૂર્તિ જ પ્રધાન જણાતી. બીજી વાત કોઈ કરે તો ગમે નહિ. પોતે બાપાશ્રીના આશીર્વાદની છ વાતો વધુ વંચાવતા. એમની ઈચ્છાથી તે વાતોની નાની ચોપડી છપાવેલી. તે વાતો પ્રથમ ભાગની વાતોમાંથી ૬, ૯૧ અને ૧૬૭ તથા બીજા ભાગની વાતોમાં ૩૩, ૬૬ અને ૬૭ છે. તે વાચી મનન કરવાથી 'આમાં કેવળ આશીર્વાદ આપ્યા છે' એમ સમજાય. આ પ્રમાણે મોટાની રુચિ જણાય છે,

૮૧

સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીની થોડી વાતો છપાયેલી છે અને તે મૂર્તિના સારરૂપ મનન કરવા યોગ્ય છે. સદ્‌ગુરુ

ઈશ્વરચરણદાસજી સ્વામીએ 'વચનામૃત'નું રહસ્ય બાપાશ્રી પાસે જાણી સત્સંગને એ લાભ આપ્યો, જેથી આપણે 'વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ગ્રંથ' વાંચીએ છીએ.

૮૨

કાર્ય સત્સંગમાં જેઓ માને છે તેને આ કારણ સત્સંગ સમજાતો નથી. અ. મુ. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને શ્રીજીમહારાજે પોતાની જગ્યાએ સોંપણી કરી એવા મહાસમર્થ, શ્રીહરિના રહસ્યની વાતો કરતા ત્યારે 'ગોપાળિયું જ્ઞાન' કહી કેટલાક લાભ લેવાને બદલે મોટાનો અપરાધ કરતા. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે 'અમારા પર બેલું (પથ્થર) નાખેલ અને ભેળા થઈ નિંદા પણ કરતા.' એ બધી માંહેલા ને બહારલા કુસંગની રીત છે. સૂર્યને ધૂળ ઉડાડવાથી સૂર્યને હાનિ નથી. તેમ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે જે :

'જેમ ગજ જાય બજાર ખસી,
શ્વાન મરે રે ભસી રે ભસી,
એ ગજને નહિ શંકા કશી.'

આગળના સદ્‌ગુરુઓએ જીવ ઉદ્ધારવા અનેક ઉપાય કર્યા.

'કેવળ પરમાર્થને કારણે, પધાર્યા પૂરણકામ.'

એ રીત સંતોએ બતાવી તે વખતે અનેક અજ્ઞાની જનોએ સંતોને કષ્ટ આપવામાં ઓછું રાખ્યું નહોતું છતાં અત્યારે શ્રીજીમહારાજની સભામાં એ સંતોના આપણે દર્શન કરીએ છીએ. એ સંતોનો પરમ દયાળુ બાપાશ્રી મહિમા સમજાવે છે કે આ સંતો બધા મૂર્તિરૂપ હતા. મૂર્તિરૂપ છે અને મૂર્તિનો રસ લઈ તે સત્સંગમાં પ્રવર્તાવે છે. દશ્યરૂપે વિચરતા ત્યારે મનુષ્યભાવને લીધે કેટલાકને એવો દિવ્યભાવ સમજાતો નહીં. અત્યારે દિવ્યભાવ સમજાય છે ત્યારે અદશ્યરૂપે વિચરે છે પણ એ સભા અખંડ છે, સનાતન છે, દિવ્ય છે. બાપાશ્રી કહે છે કે જેમ શ્રીજીમહારાજ અનાદિ છે, તેમ મુક્તો પણ અનાદિ

છે, ભજીને થયેલા નથી. ભજીને થયેલા કહીએ તો શ્રીજીમહારાજ કોઈવાર એકલા હોવા જોઈએ, પણ શ્રીજીમહારાજ તો સદાય અનાદિ તથા પરમ એકાંતિક મુક્તોને સુખમાં ગરકાવ રાખે છે. જેમ શ્રીજીમહારાજનો મહિમા અપાર છે તેવી જ રીતે અનાદિનો મહિમા વર્ણવાય છે, પણ વ્યક્તિગત જુદો મહિમા કહેવાની રીત નથી, એટલે બાપાશ્રીની વાતોમાં અનાદિની સ્થિતિનો મહિમા ગૂઢાર્થમાં લખ્યો જણાય છે : 'મૂર્તિમાં મુક્ત રસબસ ભાવે સુખ લીધા જ કરે છે, ક્યારેય તૃપ્ત થતા નથી, એ મુક્તોને મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ.' બાપાશ્રી પ્રત્યક્ષ વાતો કરતા ત્યારે આવું રહસ્યજ્ઞાન સમજાતું નહોતું. એ વખતે તો બાપાશ્રી ભેળું રહેવું; બાપાશ્રીની ચેષ્ટાનું મનન કરવું, તે સ્વાભાવિક થયા કરતું અને તે એમ જ થાય. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પાસે શિષ્ય સમૂહ મહિમાથી ખેંચાયા જ કરતો. ચમક હોય ત્યારે લોઢાં ખેંચાય. તેમ, બધાય મુક્તામાં ઓતપ્રોત મૂર્તિ એટલે જેટલો મહિમા જાણે તેટલો લાભ. પણ આ મુક્તો શું કહે છે? શું સમજાવે છે? એ પારખતાં આવડે તો સર્વે મુક્તો શ્રીજીમહારાજની મૂર્તિ જ બતાવે છે. બાપાશ્રીના રહસ્યજ્ઞાનનો અભિપ્રાય તેમના રહસ્ય જાણનારાઓ પાસેથી સમજીએ તો આપણને એમ જ લાગે કે શ્રીજીમહારાજે પોતાનો અભિપ્રાય સમજાવવા આવો દિવ્યખેલ કરી અનેકના આત્યંતિક મોક્ષ કર્યા છે.

૮૩

'જહાં દેખું તહાં રામજી બીજું કાંઈ ન ભાસે રે.'

એ રીતે શ્રીજીમહારાજે અનેક રૂપ બતાવી જીવોના આત્યંતિક મોક્ષ કર્યા છે. અનાદિ મુક્ત તો મૂર્તિમાં જ છે, બહાર નીકળતા જ નથી (એક રહસ્ય એ), અને (બીજી રીતે) શાસ્ત્રોક્ત દષ્ટિએ અનુક્રમે બધુંય લખ્યું છે તે પણ સત્ય જ છે. એક સમુદ્રને કિનારે ઊભો હોય અને વર્ણન કરે અને

એક સો વર્ષ સુધી સમુદ્રમાં વહાણ ચાલી ગયા પછી જળમય દષ્ટિ થઈ હોયને વર્ણન કરે, તેવું છે. આપણે બધાય કહીએ છીએ : અ. મુ. પર્વતભાઈ આમ બોલ્યા : હે મહારાજ ! મને લોકો એમ કહે છે જે તમને સાઠ વર્ષ થયાં, પણ મેં તમારી મૂર્તિ વિના બીજું કાંઈ દીઠું જ નથી. તે મહાન સ્થિતિની વાત છે. નહિ તો મેઘજી નામે તેમને દીકરો હતો અને ખેડ કરતા, છતાં સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ એમની સ્થિતિ વિષે લખ્યું કે :

'એક હરિજન પર્વતભાઈ, અચરજકારી છે,
સદા રહે મૂર્તિ માંહી, અચરજકારી છે.'

એમ બાપાશ્રીના રહસ્ય અભિપ્રાયમાં સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા પણ એ જ સ્થિતિમય હતા, આપણે એ સભાને આવી સ્થિતિના માનીએ તો આપણી એવી સ્થિતિ થાય.

૮૪

પણ શાસ્ત્રમાં ઘણા શબ્દો સાધનકાળના છે તે જીવોને સમજાવવા લખ્યા છે અને આજ સુધી તેનું જ મનન કર્યું છે તેથી એવા દષ્ટાંતો તથા એવું સમજાવનારા સાધનદશાવાળાના જોગથી ઉત્તમ સ્થિતિ અનાદિની તેનું મનન થતું નથી, તેથી એ સ્થિતિ ક્યાંથી પમાય? શ્રીજીમહારાજને અક્ષરધામના પતિ જાણવાથી અક્ષરધામમાં જવાય પણ ગોલોકના પતિ, વૈકુંઠના પતિ જાણવાથી ન જવાય, એની મોટા સદ્ગુરુઓના વચનથી ઘણા વખતે હા પડી છે, તેમ પૂર્વના મુક્તોને અનાદિ ન માનીએ ત્યાં સુધી આપણે અનાદિની સ્થિતિ પામી શકીએ નહીં. બાપાશ્રી કહે છે કે વાચ્યાર્થમાં પડયું રહેવું નહીં, એટલે એવી સ્થિતિવાળાને જાણવા ને ઓળખવા. મોટાને એવા જાણતાં એવી સ્થિતિ પમાય છે. મહારાજે અનાદિ દ્વારે બધું કર્યું છે. મુક્તાને તો

મૂર્તિ વિના કાંઇ હતું જ નહિ. એ વાતની ઘેડચ ક્યારે બેસે? આપણને મૂર્તિનો સંબંધ અખંડ રહે તો. એટલા માટે શ્રીજીમહારાજે રૂમાલ દેખાડી તલવાર કહેવરાવી. જો તલવાર મનાય તો બેસો નહિતર ઊઠી જાઓ. આમાં શું જાણવાનું છે તો શ્રીજીમહારાજના વચનથી જ બદ્ધ-મુક્તપણું છે.

'વચને પ્રવૃત્તિ, વચને નિવૃત્તિ, વચને બદ્ધ-મુક્ત કહીએ;
તે વચન શ્રીહરિ મુખના સુખદાયક સર્વે લઈએ.'

શ્રીજીમહારાજ ગઢડામાં વાત કરે અને કહે : 'આ ગઢડું શહેર કે ઓશરી કાંઈ નથી, તમે પણ સર્વે ત્યાં જ (અક્ષરધામમાં) બેઠા છો, એમ હું દેખું છું.' એ વખતે એમ વર્તે કે આપણે ગઢડામાં છીએ અને મહારાજ કહે છે કે અક્ષરધામમાં બેઠા છો તે કેમ મનાય? તો ગઢડા વિના આઘે ગતિ થાય નહિ અને અંતઃવૃત્તિ કરે તો તેજમાં પોતે બિરાજે છે તેવાં દર્શન થાય. એ વખતે મોટાના જોગવાળા આવું રહસ્યજ્ઞાન અધ્ધરથી ઝીલતા તો મહાફળ મળતું. તે ઉપર બાપાશ્રીની વાત સમજવા જેવી છે કે "સ્વાંત નક્ષત્રમાં છીપ તે જળ અધ્ધરથી ઝીલે તો લાખ લાખનાં મોતી પાકે અને પડી પડી ઝીલે તો ફટકિયા મોતી થાય છે તેમજ થાય." પછી એમ કહ્યું કે "આ અમારાં વચન અધ્ધરથી ઝીલે તો કાંઈના કાંઈ ફળ થાય. અમે તો એવો સંકલ્પ કરીએ છીએ કે બધોય સત્સંગ આબાદ અક્ષરધામમાં ચાલ્યો આવે, બધાય અનાદિની સ્થિતિ ભોગવે." આવા વચનનો મર્મ સમજાય તો પોતાને અનાદિની સ્થિતિની દઢતા થાય. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી લખે છે કે શ્રીજીમહારાજે સોરઠવાસીને પોતાનું સુખ આપવા અમને રાખ્યા છે, તે અમારે મહારાજનું સુખ આપવું છે. એ રીત બાપાશ્રીએ પોતાના કાર્યમાં ઘણીવાર જણાવી છે, પણ કેટલાકને સુખ લેતાં ન આવડ્યું ને રહી ગયા તેને શ્રીજીમહારાજ ફરીવાર જોગમાં લાવ્યા છે. સદ્‌ગુરુ

વૃંદાવનદાસજી સ્વામીની વાતમાં છે કે 'વિવાહના ધોળ ગવાય ત્યારે રાજાના ઘેર વિવાહ હોય તોય એ જ ગવાય ને ગરીબના ઘેર હોય તોય એ જ ગવાય, પણ સૌ સૌના નિશાનમાં ફેર.' તેમ ચાલોચાલ, એકાંતિક, પરમ એકાંતિક એ બધાં આવા ગહન શબ્દોના અર્થ પોતાની સ્થિતિ પર સમજે અને એ રીત જ છે જેથી કોઈ સમજે – ન સમજે તેનો ધોખો સ્થિતિવાળાને ન રાખવો, એમ લખ્યું છે.

૮૫

સત્સંગમાં નાના-મોટા સૌનો સમાવેશ મહારાજે કર્યો છે. જેમ ઘરમાં નાના-મોટા હોય છે, પણ સૌને માબાપ સાચવે છે, તેમ શ્રીજીમહારાજ સૌ કોઈને સાચવે છે, પોષણ કરે છે, અભયદાન આપે છે, જેમ જેમ પચતું જાય તેમ તેમ જમાડે છે. સૌને નિર્ભય કરવા છે, મૂર્તિના સુખથી કોઈને જુદા રાખવા નથી, તેથી પોતે જ કહે છે કે "તમો અમારા આશ્રિત થયા છો તે અમારે હેતની વાત કહેવી જોઈએ. 'તેજમાં મૂર્તિ છે તે અમે પોતે જ છીએ', 'તમારા સારુ અક્ષરધામમાંથી આવ્યા છીએ', 'અનાદિની સ્થિતિ કૃપાએ કરીને કરીએ છીએ."

૮૬

અનાદિ મુક્તાને મૂર્તિ વિના બીજો રસ નથી, 'વા'લા એ રસના ચાખણહાર છાશ તે નવ પીયે', એ રીતે મહામુક્તો મૂર્તિના સુખ વિના કાંઈ ઈચ્છતા નથી. બાપાશ્રીની વાતોમાં છે કે એવા મહામુક્તો અપાર સુખમાં ડૂબ્યા જ રહે છે. એમને મૂર્તિ વિના કાંઈ છે જ નહિ. કલ્પે કલ્પ વીતી જાય તો પણ એ સુખમાંથી તૃપ્ત થતા નથી. આવા વચનોથી અનાદિની સ્થિતિનો કિંચિત્ અનુભવ થાય. માટે આવા પરભાવના વચનનું વધુ મનન કરવું. આપણે મૂર્તિમાં છીએ એમ વાચ્યાર્થમાં નહિ પણ લક્ષ્યાર્થમાં સમજવાનું છે.

બાપાશ્રી કહે છે કે જીવ, ઈશ્વર, માયા વગેરેને અનાદિ કહેવામાં જીવ અચકાય નહિ, પણ અનાદિ છે એને અનાદિ કહેતાં અચકાય છે! જેમ ભગવાન ક્યારે થયા? એ પ્રશ્ન પુછાય જ નહિ, તેમ અનાદિની સ્થિતિનું પણ એમ જ જાણવું. મોટા સદ્‌ગુરુઓએ મર્મમાં ઘણા શબ્દો લખ્યા છે, સમજાવ્યા છે, પણ પાત્રતામાં ન્યૂનપણું, તેને લઈને સત્સંગમાં મહારાજ તેને ફરી ફરી લાવ્યા કરે છે. બાપાશ્રીના પ્રગટપણા વખતે આ જ્ઞાન તથા સ્થિતિનું સુગમપણું થયું તે પણ તેમની કૃપાએ જ થયેલ છે. મોટા સંતો અને શ્રીજીમહારાજ દૃષ્ટિમાત્રે નિરાવરણ કરી દેતા, સમાધિ કરાવી ધામનો અનુભવ કરાવતા, એવું ઘણું લખાયું છે, પણ ધામ અને મૂર્તિ છેટે નહિ. જેમ કોઈ રાજા અન્ય વેશમાં હોય તેને રાજાનું જ્ઞાન થતાં દૂર–નજીક રહે નહિ, તેમ શ્રીજીમહારાજની મૂર્તિ ધામમાં છે તે જ ભક્તિધર્મને ઘેર છે અને તે જ સિંહાસનમાં મૂર્તિરૂપે દર્શન આપે છે. આ ત્રણેય સ્વરૂપમાં રોમનો ફેર નથી. એમ બાપાશ્રી સમજાવે છે. એ જ રીતે જ્યાં મૂર્તિ છે ત્યાં જ અનંત અનાદિ મુક્તો ભેળાને ભેળા જ છે, ક્ષણમાત્ર જુદા રહેતા નથી. રસબસભાવ, તાણો-વાણો, ઓતપ્રોત, તદ્રૂપ – એવા દૃષ્ટાંતથી સમજાવે છે. એનો અર્થ એ છે કે સદાય ભેળા રહે છે. દૃષ્ટાંત કોઈ મળે નહિ એટલે વૃક્ષમાં રસ હોય તેમ અનાદિ મુક્ત મહારાજની મૂર્તિ ભેળા જ છે; દૂધમાં સાકર હોય તેમ છે, ઓતપ્રોત છે. આ સિવાય અનેક દૃષ્ટાંતો આથી ન્યૂન સ્થિતિના લખાણા છે. એ દૃષ્ટાંતથી આવી સર્વોત્તમ સ્થિતિ સમજાય કે પમાય નહિ. આ તો શ્રીજીમહારાજે બાપાશ્રી દ્વારે કેવળ કૃપા કરી છે, એમ જાણવું. બીજા દૃષ્ટાંત – સિદ્ધાંત મૂર્તિ સુધી પહોંચી શકતાં નથી. એટલે મોટા મુક્તોએ અનવધિકાતિશય, અપાર, અગમ્ય, અગોચર, કારણના કારણ, સારના સાર, પ્રાણના પ્રાણ,

આત્માના આત્મા, સર્વાધાર, સર્વોપાસ્ય, કારુણ્યમૂર્તિ – એવા એવા વચનોથી સહેજ ખ્યાલ આપ્યો છે.

'અગમ અગાધ સ્વરૂપ અગોચર, વદત નેતિ કરી વેદ;
પ્રગટ પ્રમાણ હરિ પુરુષોત્તમ, સાધુ જાનત ભેદ.'
'મોટો મહિમા રે જગમાં હરિજનનો.'
'બ્રહ્માનંદ કહે રે એવા હરિજનની બલિહારી.'

શ્રીજીમહારાજ કહે છે કે એવા સત્સંગી વૈષ્ણવ છે તે જ અમારી નાત છે, એવા સત્સંગી ભેળું સદાય રહેવું છે. મધ્યના ૪૮મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે 'અમારે કોઈ રીતે દેહ ધર્યાનું નિમિત્ત નથી તો પણ સંતના મધ્યમાં જન્મ ધરીને રહીએ' આવા વચનો શ્રીમુખના છે. તેમાં અનાદિની સ્થિતિ થતાં ભગવાનનું પ્રગટપણું સદાય રહે છે તેમ જણાવ્યું છે.

'સૂરજ સહજાનંદજી રે, આપે થયા છે ઉદ્યોત.'

ત્યાં બીજા કોઈની ગતિ નથી. એટલે "ગરુડ ઊડી શક્યો નહિ, પછી અમે એકલા જ ઊડયા ને સર્વેથી પર એવું જે ધામ ત્યાં ગયાં, ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું, મારે પગને અંગૂઠે કરીને અનંત બ્રહ્માંડની પૃથ્વી ડગાવું તો ડગવા માંડે. મારે તેજે સર્વે તેજાયમાન છે." આવા ભગવાન જે મહાપ્રભુ શ્રીહરિ સહજાનંદ સ્વામી મહારાજ તેમણે આ બધું ય સમજાવ્યું છે. અનાદિથી એકાંતિક સુધીના સર્વે ભેદ સમજાવ્યા. આપણે તો છેલ્લી પ્રાપ્તિ અને છેલ્લો મુદ્દો અનાદિનો જાણવો. તેમાં બધું ય આવી જાય છે. ખરો આત્યંતિક મોક્ષ આ એક જ છે. ત્યાર પછી ઉત્તરોત્તર સ્થિતિમાં જેવી સ્થિતિ તેવું સુખ.

૮૭

બાપાશ્રી સમજાવે છે કે આવી દિવ્યસભાનો જોગ અખંડ રાખવો કેમકે આ સભા અક્ષરધામનો દરવાજો છે, એટલે જીવને અનાદિ મુક્ત કરી મૂર્તિનું સુખ પમાડે છે. ધ્યાન,

ભજન, કથા, વાર્તામાં મૂર્તિનું અનુસંધાન રાખવાનું કહે છે. આપણે દરેક ક્રિયામાં એ તાન રાખવું.

૮૮

સત્સંગ તો સૌ કરે છે, પણ સત્સંગમાં સત્સંગ ઓળખવો જોઈએ. શ્રીજીમહારાજ તુલ્ય બીજા અવતાર કોઈ ન કહેવાય. આવા સર્વોપરી, સર્વકારણ શ્રીસ્વામિનારાયણ ભગવાને આપણો હાથ ઝાલ્યો છે. એમના આપણે થયા છીએ ત્યારથી આપણા ધન્ય ભાગ્ય છે. અનંત જન્મના સુકૃત ઉદય થયાં હોય ને જેનો છેલ્લો જન્મ થવાનો હોય તેમને આ ભગવાનની પ્રાપ્તિ થાય છે.

૮૯

પૂર્વેના મુક્તોનું બળ આપણા દિવ્યશાસ્ત્રોમાં લખાણું છે, તેમને આ સર્વોપરી ભગવાનનો કેફ હતો અને આ મૂર્તિના બળે લોક, ભોગ સર્વે તૃણવત્ કરી નાખ્યા હતા. મૂર્તિના સંબંધે અનંત ઐશ્વર્ય પ્રાપ્ત થયેલાં પણ તે સામે નજર જ નહીં. આવા મહામુક્તોએ ખીલવેલો સત્સંગરૂપ બગીચો આપણે અત્યારે જોઈએ છીએ. ગામે ગામ મહિમા વધતો જ જાય છે. સૌ હેતે સહિત ગાય છે કે :

**'અમૃતના સિંધુ ઊલટ્યા રે,**
**રંગડાની વાળી છે રેલ, પુરુષોત્તમ પ્રગટી રે.'**

નિર્ભયની નોબત ને જીતનો ડંકો વાગી ગયો. જેના ભાગ્યમાં આ ભગવાન આવ્યા તેના અહોભાગ્ય! આવી પ્રાપ્તિનો સદાય આનંદ રાખવો.

૯૦

આપણે શ્રીજીમહારાજને રાજી કરીએ તેમાં બધાં આવી જાય, પણ મોટા મુક્ત શ્રીજીમહારાજના હજૂરી પૃથ્વી ઉપર પ્રત્યક્ષ વિચરતા હોય ત્યારે તેમની પ્રસન્નતામાં મહારાજ વધુ રાજી થાય છે. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ નિર્ગુણદાસજી

સ્વામી આદિ સદ્‌ગુરુઓએ તેમના બોધવચનમાં ઘણે ઠેકાણે આ રહસ્ય સમજાવેલ છે. અ. મુ. અબજીબાપાએ પણ પોતાની વાતોમાં મહારાજ તથા મુક્તોનો મહિમા ઘણો સમજાવેલ છે કેમકે મોટા પુરુષને આવરણ ભેદ્યાની ગતિ છે. એટલે મુમુક્ષુને શ્રીજીમહારાજ પાસે પહોંચાડવામાં એમની સહાયતા લેવી પડે છે. મચ્છરથી કેટલું ઉડાય! પણ ગરુડની પાંખમાં બેસતાં કાંઈ પણ પ્રયાસ વિના ઉડાય! તેમ મોટા પુરુષને વિષે આત્મબુદ્ધિ રાખતા આત્યંતિક કલ્યાણ રૂપ કાર્ય બહુ સુગમ થાય છે :

'મુક્તાનંદ કહે હરિ–હરિજનની ગતિ છે ન્યારી.'
'માયાનો જન તો જ મટે જો હરિજન શરણે જાય;
બ્રહ્માનંદ કે વાર ન લાગે તરત જીવ શિવ થાય.'

અ. મુ. બાપાશ્રી કહે છે કે મહાપ્રભુના લાડીલા મળ્યા એટલે આપણા દારિદ્ર કપાઈ ગયા. આ રીતે બધા મુક્તોના અભિપ્રાય જણાય છે. શ્રીજીમહારાજ પોતે પણ એમ કહે છે કે અમારા સંત બ્રહ્મસ્વરૂપ વર્તે છે, એવા સંત મોક્ષમાર્ગમાં ખેવટિયા છે. એવા સંતને પૂજ્યાથી હું પૂજાઉં છું, એમને સેવ્યાથી મારી સેવા થઈ માનું છું. આ રીતે આત્યંતિક મોક્ષ થવામાં શ્રીજીમહારાજ તથા મોટા મુક્ત બેની દરેક સમયે જરૂર રહે છે. આપણને એ વાત બરાબર સમજાણી છે, તેથી સદાય આનંદમાં રહેવું. અક્ષરધામના ધણી શ્રી પુરુષોત્તમ નારાયણ આપણા ભાગ્યમાં આવ્યા, આપણા કપાળે એમનો ચાંદલો થયો, આપણા પર એ કૃપાળુની અમૃતનજર પડી, આપણા પર તેમના સદાય અભય હાથ છે—એથી અધિક જાણવા–પામવાનું કાંઈ નથી.

૯૧

સદ્‌ગુરુ સચ્ચિદાનંદ સ્વામી પાણી પીવે અને મહારાજની તરસ છીપે એવું આપણે સાંભળ્યું છે. શ્રીજીમહારાજની મૂર્તિ સાથે એકતા રાખનારને મહારાજ ક્યારેય વિસારતા નથી

પરમકૃપાળુ બાપાશ્રી કહે છે કે શ્રીજીમહારાજ પોતાના ભક્તની રક્ષા કરે છે, એમના મનોરથ સત્ય કરે છે, એક રોમમાં અસંખ્ય બ્રહ્માંડ ઊડે છે એવા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ અલ્પ જેવા જીવની ટાણે રક્ષા કરે છે, તેથી જ દીનબંધુ કહેવાય છે, ગરીબનિવાજ કહેવાય છે. અનેકની રક્ષા એ રીતે કરે છે. અ. મુ. ઝીણાભાઈ મૂર્તિ ધારીને ચાલ્યા આવતા હતા, માર્ગનું અનુસંધાન ન રહ્યું, વચમાં કૂવો હતો, એક જ પગલું ભરે તો કૂવામાં પડે, તે વખતે શ્રીજીમહારાજ ગઢપુરની સભામાં બિરાજતા હતા ત્યાં ઓચિંતાની કમકમાટી આવી. ચકોરની પેઠે જોઈ રહેનારા ભક્તે પૂછ્યું : મહારાજ! આ શું થયું? "અમારા ઝીણાભાઈ કૂવામાં પડી જાતા હતા તેમની રક્ષા કરી." એથી જ બાપાશ્રી કહે છે કે શ્રીજીમહારાજ સત્સંગની વહારે ચડ્યા છે, આપણા પર અઢળક ઢળ્યા છે, આપણને ન્યાલ કરવા આવ્યા છે, એટલે આપણા ખોટના ખાતા વાળી નાખ્યાં છે, આપણા પર અમૃત નજર કરી છે. એવી રીતે સદાય શ્રીજીમહારાજને જાણીએ તેમાં બધું આવી જાય છે.

૯૨

શ્રીજીમહારાજને પોતાના ભક્તો બહુ વહાલા છે, અક્ષર ધામમાંથી પોતાના પ્રેમી ભક્તોને લાડ લડાવવા આ લોકમાં દર્શન આપે છે. એવું સંભારી એ મૂર્તિનો આનંદ સદાય રાખવો.

૯૩

અનાદિની સભા કહેવાય છે પણ એ મુક્તો બધા મૂર્તિ ભેળા જ છે. મહારાજની પૂજા ભેળા એ સદાય પૂજાય છે. મહારાજની પ્રાપ્તિ થતાં એ સભા પ્રાપ્ત થઈ ગઈ. એટલે પરમ કૃપાળુ બાપાશ્રીનાં અમૃત વચનોનો જ્ઞાનબોધ એ એક જ વાત પર છે કે: શ્રીજીમહારાજ ભેળા અનાદિ મુક્ત છે, તે તો મૂર્તિના દિવ્ય સુખમાં તૃપ્ત રહે છે, સુખમાં

લુબ્ધ થકા મૂર્તિમાં એકતાર જોડાઈ રહ્યાં છે, સુખમાં થીજી રહ્યાં છે, સુખમાં કિલ્લોલ કરે છે, અપાર ને અપાર સુખ અનુભવે છે, સ્વતંત્ર થકા એ દિવ્ય સુખનો આહાર કરે છે, ક્યારેય એ સુખનો પાર પામતા નથી. આવી ઉત્તમ સ્થિતિ અનાદિની તેને પમાડવા બાપાશ્રી દ્વારે શ્રીજીમહારાજે સત્સંગ પર કરુણા કરી છે અને એ જોગમાં જે જે આવી ગયા તેને આ વાત મનાણી છે, જેથી સદાય પૂર્ણકામ રહે છે. સત્સંગમાં અનેક વાર આપણે આવ્યા હોઈશું પણ આ વખતે ઘણો લાભ મળ્યો છે. બાપાશ્રી કહે છે કે તમે ધૂણી પાણી ભેળા કર્યા હશે. મોટા મુક્તોએ પણ :

'અગમ સુગમ થયું સોય, પુરુષોત્તમ પ્રગટી રે.'

એમ જ મનાવ્યું છે. અ.મુ. મનસુખભાઈને આનંદનો ઊભરો આવતો ત્યારે કહેતા કે :

'અઢળક ઢળ્યા આ વાર, વા'લો મારો'
અઢળક ઢળ્યા આ વાર.'

૯૪

અનાદિ મુક્તોને પણ શ્રીહરિ અપાર, અપાર ને અપાર જ રહે છે. જે શ્રીહરિ 'અક્ષરબ્રહ્મ આધાર, પાર કોઈ નવ લહે રે', એવા મહારાજ તો એક જ. 'જોવા રાખી નહીં જોડ, પુરુષોત્તમ પ્રગટી' આવા મહારાજે આપણને મૂર્તિમાં રાખ્યા એ વાત 'ન ભૂતો ન ભવિષ્યતિ' બની છે.

૯૫

શ્રીજીમહારાજની સભા દિવ્ય મનાય તો ચૈતન્ય દિવ્ય થઈ જાય. મહારાજે હીરે હીરો વિંધવાના વચનામૃતમાં અનેક વાત સમજાવી. પુરુષોત્તમ આકારે રહેવાથી સંપૂર્ણ થવાય એમ બતાવ્યું. એમની આંખે એમને જોવા. પોતાને પુરુષોત્તમરૂપ માનવું. આ જ્ઞાન શ્રીજીમહારાજનું છે, તેમના અનાદિ

મહામુક્તાનું છે તે આપણને સહેજે મળ્યું છે. એમનો પ્રાદુર્ભાવ અને આપણો જન્મ એ બેય ભેગું થઈ ગયું એટલે મુદ્દો હાથ આવ્યો.

૯૬

આવું જ્ઞાન સાંભળે છે તો પણ સાધનવાળાને જોગે મૂર્તિનું દિવ્ય સુખ લઈ શકતા નથી. બાપાશ્રી કહે છે કે આ હીરો દિવ્ય છે, તેના માલમી હોય તેને ખબર પડે. ક્યાં મહારાજ! ક્યાં અનાદિ! આ તો ન બનવાની વાત બની ગઈ છે. આજ તો રોકડુ કલ્યાણ છે. વચનામૃત શ્રીમુખની વાણી છે, બધાય વાંચે છે, પણ પોતાની સ્થિતિ પ્રમાણે એ દિવ્ય વચન સમજાય. માટે પાત્ર થવાની ભલામણ મહારાજ તથા અનાદિ વારે વારે કરે છે. મહારાજે પોતાનું દષ્ટાંત આપી વાત કરી છે જે કાંકરીએ મોટો યજ્ઞ કર્યો, લાખો મુમુક્ષુઓને એ દિવ્ય દર્શન થયા, પણ અમે તો એ પ્રવૃત્તિ વિસારવા માટે ચાલી નીકળ્યા, તેમાં શ્રીહરિના આશ્રિતોને શિખવાડયું કે બધું વિસારી મારી મૂર્તિમાં જોડાવું. સત્સંગમાં અનેક પ્રકારની આજ્ઞાઓ છે તેમાં બધી પ્રવૃત્તિ વિસારી મહારાજની આવી રહસ્ય ને સિદ્ધાંતવાળી આજ્ઞા પાળવી જેમાં બધું ય આવી જાય.

૯૭

પૂર્વેના મુક્તો પાસે મહારાજે સાધન ઘણા કરાવ્યા. આ વખતે મૂર્તિરૂપ રાખી સાધન કરાવ્યા જેથી સાધન બધા સિદ્ધ જેવા બની ગયા.

૯૮

રોટલો ને શેરડી ભેળા જમાતા નથી, એમ સંતો કહે છે તે સાચું છે. એમ જાણી શ્રીહરિના અમૃત વચનોનું અનુસંધાન રાખી વખતોવખત શ્રીહરિના દિવ્ય સ્વરૂપના ચિંતવનનો અભ્યાસ વધારવો.

૯૯

મહામુક્તોએ દિવ્યજ્ઞાન આપી એ કારણ, નિર્ગુણ મૂર્તિનો મહિમા–રહસ્ય અભિપ્રાય સમજાવ્યો એ દિવ્યજ્ઞાન આપણા ચૈયન્યમાં રેડયું તેણે કરીને કૃતાર્થ થયા છીએ.

'ધન્ય ધન્ય દહાડો આજનો, ધન્ય મુહૂર્ત ધન્ય વાર;
બ્રહ્માનંદના વાલમે મારો, સુફળ કર્યો અવતાર.'

એવું સુખ આપંણને મળ્યું છે તેનો આનંદ રાખવો.

૧૦૦

ક્રિયાસાધ્ય એકલી કામ નથી કરતી, કૃપાસાધ્યથી જ આત્યંતિક જ્ઞાન ને આત્યંતિક મોક્ષ થાય છે. સાધન બધાંય ઉપકરણ છે જેથી જો એ શ્રીહરિની પ્રસન્નતા અર્થે તથા મોટાની પ્રસન્નતાર્થે થાય તો એ ને એ સાધન ભક્તિરૂપ—મોક્ષરૂપ થઈ જાય છે. આ બધામાં મહારાજ અને મોટાની કૃપાનજર સામું જોવું જોઈએ. શ્રીજીમહારાજ તથા નૃસિંહાનંદ સ્વામી ગિરનારમાં વિચરતા હતા, તે વખતે મહાભાગ્યવાન એક બાવો દંડવત્ કરતો ગિરનારને પ્રદક્ષિણા કરે. તેને મહારાજે કહેવરાવ્યું કે: 'અમને એક દંડવત્ કરે તો આત્યંતિક મોક્ષ કરીએ.' નૃસિંહાનંદ સ્વામીએ સમજાવ્યું પણ એ બાવો બોલ્યો : 'સામા આવે તો કરું, કેમકે મારે એવો નિશ્ચય છે.' ત્યારે મહારાજે કહ્યું : 'અમારા સામે આવીને એક જ દંડવત્ કરે તો એનો દાખડો લેખે આવી જાય. આત્યંતિક મોક્ષ કરી દઈએ.' બીજી વખત પણ ન માન્યું, આવી રીતના સાધનવાળા રહી જાય. ભગવાન દયાળુ છે, પણ લોઢું પારસના જોગ વિના પારસ ક્યાંથી બને! આપણે તો એ પારસના સંબંધે જ મોક્ષ માન્યો છે. બાપાશ્રી વાતોમાં કહે છે કે ઉત્તમ પારસથી પારસ બને એવા શ્રીજીમહારાજનો આપણને સંબંધ થયો છે. એ મૂર્તિના બળે આપણું જે કાંઈ છે તે છે.

૧૦૧

બીજા અનેક પ્રકારે રાજી કરવા પ્રયત્ન થાય પણ મૂર્તિના ધ્યાનમાં, મૂર્તિના સંબંધમાં સહુથી અધિક પ્રાપ્તિ છે, એ આપણો અનુભવ છે.

૧૦૨

અનેક જન્મના સંસ્કારવાળાથી પણ આ કામ સહેલું થતું નથી, એ તો સંસ્કાર સાથે મૂર્તિના સંબંધવાળા મહામુક્તો મળે ત્યારે આ કામ સહેલું જણાય છે. આગળ ને અત્યારે આ ખરો નિર્ણય છે. મહારાજે મધ્ય પ્રકરણના ૨૧મા વચનામૃતમાં કલ્યાણને અર્થે ભગવાન અને મહામુક્ત સાધુ બે જ બતાવ્યા છે. બીજા સાધન સહાયરૂપ ખરા, પણ :

'મોક્ષપતિ તો કુંવર ભક્તિ ધર્મના, હરિકૃષ્ણ નારાયણ નામ.'

એ કારણમૂર્તિના સુખભોક્તા મુક્ત પણ એ જેવું જ કલ્યાણ કરે છે, કારણ કે તેમને કર્તાપણું મહારાજનું છે.

૧૦૩

મહારાજે મહામોંઘી દિવ્ય ચિંતામણિ આપી છે. આ લોકમાં નથી, અક્ષરધામમાં છીએ — મૂર્તિમાં છીએ, એ સમજણ દૃઢ કરાવી છે, જેથી સદાય :

'અમૃતની એલીયું ને આનંદના મેહુલા છે.'

શ્રીહરિના સ્વરૂપનો આનંદ, એમના મુક્તાની કૃપાનો આનંદ, એ દિવ્યાનંદ, પરમાનંદ, કેવળ સુખાનંદ છે. તેથી મહારાજ અને મહા અનાદિનો અખંડ સંબંધ જોડી લઈ તેનું મનન કરી આનંદમાં રહેવું.

૧૦૪

બીજા જ્ઞાનમાં મૂર્તિથી પૃથક્ વૃત્તિ રહી જાય છે અને અનાદિની સ્થિતિમાં 'રસબસ હોઈ રહી રસિયા સંગ' એ પૂરું સમજાય છે.

૧૦૫

સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને કોઈએ પૂછ્યું : સ્વામી ! તમને ભગવાન ભુલાય કે નહિ? ત્યારે સ્વામી કહે : તું તારો દેહ ભૂલે તો હું મહારાજને ભૂલું.

એવું મનન કરવું કે હું તો સદાય મહારાજની મૂર્તિ સાથે જ છું. ચૈતન્યને અને મહારાજને અખંડ મેળાપ થયો.

૧૦૬

દેહભાવ હોય ત્યાં સુધી તો મહારાજ આપણને સમજણ વિનાના કહે છે. તે શ્રીમુખ વચનામૃતનાં વચન છે કે "જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે. આઠે પહોર આત્માનું ચિંતવન કરે અને ઘડીક દેહરૂપ થઈ સ્ત્રીનું ચિંતવન કરે તેને ગોબરો જાણવો." તેથી હવે તો આત્મારૂપે સદાય વર્તવું. જેમ 'બ્રહ્મ'નો અર્થ બાપાશ્રીએ 'ભગવાન' કર્યો ને સમજાવ્યો તેમ 'આત્મા'નો અર્થ પણ 'ભગવાન' એમ કરેલ છે. તે વચન સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના 'હરિસ્મૃતિ'માં :

**'તમે છો આત્માના આત્મા, જીવન જાણું છું;**
**તમે છો પ્રાણના પ્રાણ, જીવન જાણું છું.'**

આમ સર્વ આત્માના આત્મા, પ્રાણના પ્રાણ મહારાજ છે, તે આત્મારૂપ એટલે મહારાજની મૂર્તિરૂપે રહેવું. કોઈ એમ કહે કે એમાં સેવકભાવ કેવી રીતે? તે સમજણ વિના કહે છે કારણ કે મહારાજની મૂર્તિનું અખંડ ચિંતવન કરનારાઓ મહામુક્તોનો તેમજ સત્સંગમાં નાના-મોટાનો મહિમા જાણે છે. વળી એ સર્વેના આધાર શ્રીજીમહારાજ તેમને પામવા સારુ દાખડા કરતો હોય તે દાસભાવ ભૂલી સ્વામીપણું ક્યારેય પોતામાં લાવે ખરો? ન જ લાવે. એટલે એ વાત અજાણ માણસોની છે. અ.મુ. સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી,

ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે અમે તો મહારાજ વિના કાંઈ દેખતા જ નથી અને દરેક ક્રિયા થાય છે તે તો મહારાજ કરે છે.

૧૦૭

મોટા મુક્તાને દેહ નથી, એમને તો મૂર્તિ જ છે. આપણે સિંહાસનમાં મહારાજનાં દર્શન કરીએ છીએ તેમ એ ચૈતન્યને મૂર્તિ આધારે જુવે છે. તે

'એક હરિજન પર્વતભાઈ, અચરજકારી છે;
સદા રહે મૂર્તિમાંઈ, અચરજકારી છે.'

એ મહામુક્તાની સ્થિતિ ને સમજણ છે. આપણે એ મુક્તાની પંક્તિમાં બેસવું છે. શ્રીજીમહારાજ કહે છે કે બ્રહ્મરૂપ માનવું, મૂર્તિરૂપ માનવું, અક્ષરનું સાધર્મ્યપણું પામવું, પુરુષોત્તમનું સાધર્મ્યપણું પામવું. એમ કહે છે, સમજાવે છે તો પણ દેહભાવ ન રહે તે રીતે ભજન-સ્મરણ થાતું નથી, એવો દેહભાવ દઢ થઈ ગયો છે. તેથી હવે ચાલોચાલ સત્સંગનું અંગ ફેરવી મોટામુક્ત જે સ્થિતિમાં વર્તે છે, જે સ્થિતિમાં રહેવાનું કહે છે, સમજાવે છે, તે સ્થિતિનો અનુભવ કરવા મૂર્તિના સંબંધે સહિત સદાય વર્તવું. પોતાનું સ્વરૂપ દેહને ન મનાય તે માટે શ્રીમુખવાણી વચનામૃત તથા સદ્‌ગુરુઓની વાતો વાંચવી. બાપાશ્રીની વાતોમાંથી પોતાનું અંગ વૃદ્ધિ પમાડવું, અને એમ દઢ કરવું કે હું તો અત્યારથી જ અનાદિ મુક્ત છું. મહારાજ તથા અનાદિ મહામુકતે મારા પર કૃપા કરી પોતાનું સ્વરૂપ સમજાવ્યું છે, એ જ મારા આત્માના આધાર છે. આ સમજણની દઢતા થતા વચનામૃત તથા મોટા મુક્તોની વાતોમાંથી સમજાય છે કે આ વચનામૃત તથા આ વાત સાધનિક શિક્ષા માટે છે. આ એકાંતિક ભક્તાની છે, આ પરમ એકાંતિકની અને પરભાવની છે, અને આ અનાદિ મુક્તાની સ્થિતિની વાત છે. સત્સંગમાં તો સાત ધામના

મુક્તો આવ્યા હોય, નવા આદરવાળા હોય. તે બધા માટે મહારાજે જુદી જુદી રીતે વાત કરી હોય. મોટા વેપારીને ત્યાં બધી જાતનો માલ હોય. જેવા ગ્રાહક તેવો તેને આપે. મુક્તાનંદ સ્વામી કહે : મહારાજ ! તમે કહો છો કે આત્મ-નિષ્ઠા, વૈરાગ્ય, અહિંસાધર્મ, શ્રદ્ધા, બ્રહ્મચર્ય આ પાંચ વાના વિના અક્ષરધામમાં ન જવાય અને તેડવા તો અનેકને આવો છો. ત્યારે મહારાજ કહે : "સ્વામી ! તેડવા તો આવું છું, પણ ક્યાં મૂકું છું, તે જાણો છો ?" આ રીતે જોઈએ તો મહારાજને જેવા છે તેવા જાણવા-સમજવા જોઈએ જ, નહિ તો સમજણ કરવા ફરી આવવું પડે.

૧૦૮

મહારાજ એક જ ભગવાન છે, બીજા બધા અવતાર તથા મુક્ત તો તેમના આજ્ઞાધીન છે. માટે શ્રીજીમહારાજના આશ્રિતોને સર્વોપરી એક મહારાજને સમજવા. તે વિના કોઈનો ભાર ન રહે તેવી સમજણ દેહ છતાં કરી લેવી. ભાઈ આત્માનંદ સ્વામી ૧૧૭ વર્ષ રહ્યા, પણ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ સર્વોપરીપણાની વાત સમજાવી ત્યારે ખબર પડી. આવા લખાણથી આખણે એ ભૂલ રહેવા ન દેવી ને અખંડ મૂર્તિના આધારે રહેવું. ઘરમાં આવી સમજણ થવા 'વચનામૃત' તથા 'વાતો'નું મનન કરાવવું ને એ એક જ વાત દઢ કરાવવી.

૧૦૯

ભલામણ કરવા જેવી વાત તો શ્રીહરિની દિવ્યમૂર્તિમાં રાખ-વાની વૃત્તિ, તેને જતન કરીને વારંવાર પુષ્ટિ કરવી. સદાય તે મનોહર દિવ્ય મહારાજના સ્વરૂપરૂપી માળામાં રહેવું. સુખ તે ભોગવવા, આ લોક તેમાં વિઘ્નકારી છે. અનંતરૂપે વિઘ્ન કરે : દેહરૂપે, માબાપ – ભાઈ – ઘર – સ્ત્રી – વ્યવહાર – લોક –

મોટાઈ – આજિવીકા વગેરે રૂપે. વળી પંચ વિષયના અનંત પદાર્થો 'હૃદયપ્રકાશ'માં જણાવેલા છે. તેને મૂર્તિમાં રહેવા માટે વિઘ્નરૂપ જાણીને દેહે વ્યવહાર કરતા થકા મનથી નિર્વાસનિક રહેવું. વાસના તે શ્રીજીની પ્રગટ મૂર્તિની. તેના લાડીલાને સેવવા તે પણ તેની પુષ્ટિ માટે, પ્રસન્નતા માટે એ કરવાનું.

૧૧૦

દાણા થાય ને દાણા તજાય તે તો સાવ ન શોભે તેવી સ્થિતિ ગણાય. ઘરમાં છોકરાં ભૂલ કરે તેને પણ જેમ બને તેમ યુક્તિએ સમજાવી તેવા અલ્પ ગણાતા કાર્યને શ્રીજી તથા મોટાની પ્રસન્નતાના વિરોધરૂપ ગણી તજાવવા જોઈએ. હંસ ને બગ દેખવામાં બરાબર, ચારામાં ફેર, તેમ કાગડા–કોયલનું શબ્દમાં સમજાય, રૂપમાં નહીં, તેમ ભક્ત–અભક્તમાં ફેર દેશકાળે સમજાય. શૂળીએ ચડાવે ને મહારાજ પાસે ઊભા દેખાય તોય મને કેમ છોડાવતા નથી તેવો સંકલ્પ કરવા સુધીની છૂટ નથી. જે તેમના થઈ રહ્યા હોય તેને; બીજાને તો મનગમતી ભક્તિ કરવાની હોય, તેની ભક્તિ ક્યાં ભગવાન અંગીકાર કરે છે? માટે આપણે શૂરવીરપણું રાખવું. મહારાજ પાસે તો એ જ માગવું : હે બાપ દયાળુ! તમારી જેમ મરજી હોય તેમ આ લોકમાં અમને રાખજો, પણ તમારી મૂર્તિ ને મુક્ત તેમાં મનુષ્યભાવ ન આવે તેવી દયા કરજો, એમ માગવું. આ લોકમાં તો લાકડાના લાડુ છે. તે રીતમાંથી આપણને મહારાજે ઉગારી પોતાની ઓળખાણ કરાવી છે તો તેને સંભારી સુખિયા રહેવું.

'સગાં કુટુંબી સર્વે સંગાથે, હેતડલું પરહરવું રે;
કોઈથી ન ડરવું, કાનુડા કેડે ફરવું.'

તેમ મોટા મોટા તે મહાપ્રભુજીને વર્યા, તેમ આપણે હાલતા ચાલતા, ખાતા-પીતા, વેગ લગાડી દેવો.

૧૧૧

શ્રીજીમહારાજ આપણને આ લોકમાં જેમ રાખવા ઘટે તેમ રાખે, તેની મરજી વિના સૂકું પાંદડું ફરતું નથી ને તેમની મરજી આપણે માનવી જોશે, માટે જેમ તે રાખે તેમ રાજી રહેવું.

૧૧૨

સત્સંગનું વલણ થાય તો તે જીવને મહારાજ તથા મોટાની ઓળખાણે સુખ મળે, પણ જીવને તેવાં ભાગ્યનો અવર થાય ત્યારે જ તેવી વાતો ગમે. તો, આ બ્રહ્માંડમાં જેને જેવાં ભાગ્ય હશે તેને તેવો જોગ મળશે.

૧૧૩

બાપનું દ્રવ્ય દીકરાનું. એમ શ્રીજીએ આપણને પ્રગટ પ્રમાણ સુખડાં આપ્યાં છે તેમાં સદાય રહેવું ને તેનો મહિમા કહેતા જેના હૈયામાં સમાય તેને કહેવો, બીજો રાખવો આપણી પાસે. એક જૂનું ભજન પરોક્ષમાં ગાય છે :

વીરા! પાત્ર પરખ્યા વિના સંગડો ન કિજીયે,
હીમનો ઠરેલ એક ઉંદર હતો,
તેને હંસે પાંખમાં લીધો;
શશીયર ઊગ્યો ત્યારે પાંખ પ્રજાળી,
પાંખ કાપી અળગો થયો.

એવી રીતે પાત્ર ન હોય તેને આ સર્વોપરી પુરુષોત્તમ છે ને તમે તેમ જાણો એવી આગ્રહની વાત કરવાનું તાન ન રાખવું. તે તો શ્રીજી પૂર્ણકામ દયા કરે તો જ સમજાય તેમ છે, તે જાણી રાખવું.

૧૧૪

શ્રીજીમહારાજ કહે છે કે દેહ ક્ષણભંગુર છે, પણ આપણે મોઢે બોલતા જઈએ છીએ તેવું જીવમાં સમજી શકતા નથી. મમતમાં એ છેલ્લી ઘડી તો સાંભરતી જ નથી.

આપણે તો શ્વાસ ચાલે છે ત્યાં સુધી એમને જ મુખ્ય રાખવા. મહારાજ વિના આ લોક-પરલોકમાં કોઈ સુખદાયી નથી.

૧૧૫

મહારાજની ને મોટાની કૃપાનો પાર નથી. તે કૃપાના સાગર છે, તેનો જો વિચાર આવે ને મહિમા સમજાય તો વિસાર્યા વિસરે નહીં, તેવી એ દિવ્યમૂર્તિ છે. એવા આપણને ઓળખાણા, તેમણે આપણો હાથ ઝાલ્યો, ટાણે ટાણે રક્ષા કરે એ કાંઈ સાધારણ વાત ન કહેવાય. આપણે પણ સદાય એમને ભેગા ને ભેગા જ રાખવા ને આપણે જન્મસંગાથી એ જ રાખવા. આ લોકની રક્ષામાં તો ઝાઝું ન મળે, પણ જીવને માયામાંથી કાઢી મૂર્તિમાં રાખવા રૂપી ઉપકાર કરવા બીજો કોણ સમર્થ છે? જીવ શરણે આવે એટલામાં અનંત જન્મના કર્મ શ્રીજીમહારાજને ચરણે. આવા અનંત કાળના કર્મ બાળવાનું સદાવ્રત શ્રીજીમહારાજે ઉઘાડ્યું. કોઈ અવતારમાં આટલી દયા વાપરી લખાણી નથી. આ અવતારે તો "જોવા રાખી નહીં જોડ, પુરુષોત્તમ પ્રગટી" એવું કર્યું છે.

૧૧૬

મૂર્તિનો સંબંધ અખંડ રાખવો. શ્રીહરિ તથા બાપાશ્રીની અમૃત નજર સૌ પર છે તેમાં ય પોતાના શરણાગત ઉપર વધુ છે.

ઘેર નિયમસર વચનામૃત, બાપાશ્રીની વાતો વગેરેનું મનન કરવું. નિવૃત્તિ મળે કે મૂર્તિ લઈ બેસવું, એટલે ચિંતવન કર્યા કરવું. જૂના સંત-હરિભક્તોને માળા, માનસી-પૂજા, ધ્યાન, ભજન, સેવાના અંગ વધુ હોવાથી બળવાન વધુ જણાતા અને એવા જ તેમના કાર્ય જણાયા. કોઈને વચન આપે તે પણ સિદ્ધ થતા. તે સૌને મહારાજનો સંબંધ

રાખવા પર બહુ નજર હતી. એ રીતે આપણને બાપાશ્રી પણ કહે છે: "મૂર્તિ રાખો! મૂર્તિ રાખો! બીજું બધું ય પડચું મૂકો. પગલાં–પદાર્થ પણ મૂર્તિ વિના કામ કરતા નથી." એમ બાપાશ્રીએ લખ્યું છે, માટે આપણે મૂર્તિનું ચિંતવન વધુ રાખવું. ઘરમાં પણ આવી જ ભલામણ કરવી.

૧૧૭

શ્રીજીમહારાજ તથા મહામુક્તોએ દિવ્યભાવ પમાડવા અનેક પ્રકરણો કરી બતાવ્યા. એવાં પુસ્તકો આપણે ત્યાં છે પણ એ પુસ્તકો મોટા મુક્તાના પ્રસંગે જેવા સમજાય છે તેવા પોતાની મેળાએ સમજાતા નથી, તેનું કારણ આપણી અપૂર્ણ સ્થિતિનું છે. થોડું ભણેલા મોટાં પુસ્તકો વાંચવા, વિચારવા ઈચ્છા કરે પણ તે નકામી. વચનામૃતમાં મહારાજે મોટાનો મહિમા સમજવા તથા તેમના જોગે ભગવાનની પ્રાપ્તિ કરવા ઘણું સમજાવ્યું છે. બાપાશ્રીની કૃપા પણ એવી જ છે એટલે આપણને બે ભાગની વાતોનો લાભ મળ્યો છે. આપણે કહીએ કે મોટાનો જોગ ક્યારે થાય? એમ તો આપણાથી કહી શકાય તેવું નથી, કારણ અ. મુ. સદ્ગુરુ ભગવત્સ્વરૂપદાસજી સ્વામી, અ. મુ. સદ્ગુરુ શ્વેતસ્વામી જેવા મોટાએ આપણને પોતાના કર્યાં છે, છતાં આપણે ઉપર ઉપરનો લાભ મેળવીએ છીએ. હાથ મૂકે, બોલાવે, મળે, વઢે, વખાણે – આ બધું થતાં આપણે સંપૂર્ણ માની બેસીએ છીએ. પરંતુ મહારાજની મૂર્તિનું અખંડ અનુસંધાન રાખવું.

૧૧૮

મોટાનો મન, કર્મ, વચને જોગ કરીએ, કૃપા લઈએ તો ઘાટ-સંકલ્પની રાવ-ફરિયાદ રહે નહીં. મન, કર્મ, વચને એમની સાથે એકતા કરીએ તો લાભ ઘણો થાય. આ તો મોટાના જોગની સહજ વાત જણાવી. બાકી તો આગળની

સભા અને અત્યારની સભા અનાદિ મુક્તાની, બધી આપણી સહાયમાં રહે એવા બનવું જોઇએ.

૧૧૯

વ્યવહારમાં રહ્યા તેને કામ કર્યા વિના કેમ ચાલે? કામ તનથી થાય, મન મૂર્તિમાં રખાય. વચનામૃત તથા બાપાશ્રીની વાતોથી આત્મા-પરમાત્માનું મનન થાય. મૂર્તિનું વધુ ચિંતવન થાય તો આ બધું સહેલ છે. આપણે દરેક વખતે ફરિયાદ કરીએ છીએ કે અમારે આમ થાય છે, તેમ થાય છે; ત્યારે એવું કેમ નથી બોલતા કે અમારા બહુ મોટા ભાગ્ય છે, અમે શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિમાં છીએ, સભા ભેળી જ છે.

અ. મુ. ચતુરભાઇને માથે કેટલો વ્યવહાર છે? છતાં એમના બોલ ક્યારે ઢીલા બોલાયા સાંભળ્યા નથી. જ્યારે જોઈએ ત્યારે મૂર્તિમાં રાખ્યાની વાતો. મૂર્તિની વાતો જ મુખ્ય લાવે. જાણે એમના ભેળા મહારાજ તથા બાપાશ્રી હોય! એમ એમની વાત પરથી જણાઈ આવે. કોઈને ચરણરજ આપે, કોઈને આશીર્વાદ આપે, મેં તો એમના સમાગમમાં આવું ઘણું જોયું છે. અમે છપૈયા ગયા હતા, એ જ રીતે કચ્છમાં તથા ગામડામાં, ગઢપુર, મૂળી જેવા ધામમાં, અમદાવાદ-વડતાલ વગેરે જ્યાં જ્યાં સાથે હોઈએ ત્યારે ઊઠતા-બેસતા, ના'તા-ધોતા, પૂજા કરતા કે કથા-વાર્તામાં મૂર્તિનું મુખ્યપણું જ જણાયા કરે. આવા જોગથી ઘાટ-સંકલ્પ બદલાઈ જાય. બીજા ઘાટ-સંકલ્પને બદલે મૂર્તિ ને મુક્તના ઘાટ થઈ જાય. ચંદનના વૃક્ષના સંબંધે સુગંધ જ વર્તે.

૧૨૦

સદ્‌ગુરુ ભગવત્સ્વરૂપદાસજી સ્વામીને આપણે બધાએ સેવ્યા અને અમદાવાદમાં રહેતા ઠક્કર ડોકટરના ભાઈ નારાયણભાઈએ સેવ્યા. આપણે કેમ એમના જેવી અંતર્દષ્ટિ

રાખી શકતા નથી? તેનું કારણ આપણે પોતે જ છીએ. ઉપરની પ્રસન્નતાએ પૂર્ણ માની બેઠા. એમને તો પોતાની સ્થિતિમાં વધુ ને વધુ કૃપા મેળવી. અત્યારે તેઓ પણ કહે છે કે સદ્‌ગુરુ ભગવત્સ્વરૂપદાસજી સ્વામીની કૃપાનો આ પ્રતાપ છે. અને આપણે કહીએ છીએ : ઘાટ-સંકલ્પ કેમ થાય છે! એ ઘાટ સામે લડાઈ લેતા નથી. લડાઈ લેવામાં આત્મામાં બળ જોઈએ, પાછી વૃત્તિ જોઈએ, ધ્યાન-ભજનનો આગ્રહ જોઈએ, મોટાની સહાયતા જોઈએ, પોતાને જાણપણું જોઈએ. જેમ ઘરમાં કોઈ બિલાડું, કૂતરું આવે તો તુરત ઊઠીને દોડીને કાઢી મૂકીએ છીએ, જો ગાફલતા રાખીએ તો નુકસાન થાય એમ જાણીએ છીએ તો એ કામમાં કોઈની સહાયતા માગતા નથી. એમ જેને બાપાશ્રી તથા સદ્‌ગુરુઓ મળ્યા, તેમણે તો મોટાની કૃપા મેળવી બહુ બળિયા થઈ જવું જોઈએ, જેથી સદાય આનંદમાં રહી શકાય.

૧૨૧

કૃપા કરી બળવાન બનો, નિર્ભય બનો, સદાય મૂર્તિના આનંદમાં રહેવાય તેવો જોગ રાખો. મહારાજ, બાપા, સદ્‌ગુરુ તથા મહામુક્તો બધાં આપણી સહાયમાં છે, આપણી સામું જોઈ રહ્યા છે. અમૃતનજર રાખી અભયવર આપણને આપે છે. આપણા સારુ અક્ષરધામથી આ લોકમાં દર્શન દે છે. તેથી સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીના કીર્તનમાં પોતે કહ્યું છે :

'હું તો તમ કારણ રે, આવ્યો ધામ થકી ધરી દેહ.'

આ વચનોથી આપણે મૂર્તિનો અખંડ સંબંધ રાખી મહિમા જાણી, કૃપા મેળવી, પૂર્ણકામ રહેવું. ન થતું હોય તે કરવું તે શું? તો મહારાજ તથા મહામુક્તાનો વધુ ને વધુ સંબંધ. આખા દિવસમાં કેટલીવાર મૂર્તિમાં વૃત્તિ રહે છે તેનો ખટકો રાખવો. ધ્યાન-માળા, માનસીપૂજા, કથા-વાર્તા, વગેરેમાં આળસ ન રાખવી.

૧૨૨

આનંદનું મૂળ મહારાજ છે એ વાત મુખ્ય રાખવી. બાપાશ્રી કહે છે કે મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે, મૂર્તિ સુખનો સમુદ્ર છે. તેથી એમ જાણવું કે જ્યાં જ્યાં આનંદ જેવું છે તે બધું મૂર્તિનું જ છે.

**'ચાકરકી મોટપ કહાં? સબ લાજ ધણી કો.'**

આપણે શ્રીજીમહારાજના દામ વિનાના દાસ છીએ, માટે એ આપણી રક્ષામાં છે, રક્ષા કરે છે ને કરશે.

**'જેને જેનો આશરો તેને તેની લાજ.'**

એવું સદાય રાખવું.

૧૨૩

બાળકને ભય લાગે ત્યારે મા-બાપ પાસેથી દૂર ન ખસે, તે રીતે શ્રીહરિના આશ્રિત સંકટમાં મહાપ્રભુ પાસે જ રાવ કરે.

મૂર્તિને સંભારવાનું તો ગમે ત્યાં બને. આપણે ખટકો રાખવો. જ્યાં જઈએ ત્યાં મહારાજને સંભારવા. આપણા સામું શ્રીજીમહારાજ જોઈ રહ્યા છે. એમની પોતાના આશ્રિત પર અમૃત નજર છે. જ્યાં સંભારીએ ત્યાં મહારાજ દેખાય. આપણે જેમ હેત હોય તેને સંભારીએ તો હજાર ગાઉ પર હોય તોય સાંભરે છે તેમ આપણા મોક્ષકર્તા ભગવાન શ્રીહરિ ઘનશ્યામ મહારાજને સંભારી સુખિયા રહેવું.

૧૨૪

મોટાના રાજીપામાં મહારાજની મૂર્તિ છે. ઋતુ પ્રમાણે ફળ આવે તેમ અનાદિ મુક્ત મનુષ્યરૂપે દેખાતા હોય તેનો જોગ, સમાગમ અને સેવા મળે તો મોક્ષની ઋતુ ગણાય ... મોટાના જોગ વિના આવું મનન થતું નથી, તેથી આનંદ વર્તાતો નથી.

૧૨૫

બાપાશ્રીએ મહારાજની સાથે મોટા અનાદિનો મહિમા ઘણો લખ્યો છે કારણકે તેમને મહારાજ જીવનરૂપ હોય છે. મનુષ્યની રીતે વર્તતા હોય ત્યારે એવો મહિમા જાણી શકાતો નથી, જો જણાતો હોય તો આપણને પરમ કૃપાળુ બાપાશ્રી મળ્યા, સદ્‌ગુરુઓ મળ્યા, સ.ગુ.શ્રી ઈશ્વર સ્વામી, સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી, સ.ગુ.શ્રી હરિનારાયણદાસજી સ્વામી, સ.ગુ.શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારી, સ.ગુ.શ્રી શ્વેતસ્વામી, સ.ગુ.શ્રી ગુણાતીત સ્વામી, સ.ગુ.શ્રી ભગવત્સ્વરૂપ સ્વામી, સ.ગુ.શ્રી દેવજીવન સ્વામી, સ.ગુ.શ્રી ધ્યાની સ્વામી, સ.ગુ.શ્રી હરિપ્રસાદ સ્વામી તથા અ.મુ. ભૂરાભાઈ, નાગજીભાઈ, મનસુખભાઈ, નાગરદાસભાઈ આદિ તથા અ.મુ. કાનજીબાપા, મનજીબાપા, કેસરાબાપા, દેવરાજબાપા વગેરે ઘણા મહામુક્તોનાં દર્શન કર્યાં પણ આ સર્વેનો જેમ છે તેમ મહિમા સમજી શકાતો નથી. પૂર્વે મોટા થઈ ગયા તેનો મહિમા કહેતાં એમ થાય છે કે બહુ સામર્થ્ય જણાવ્યું, અનેકને મહારાજના દિવ્ય સુખે સુખિયા કર્યા. એમનાં દિવ્યભાવનાં લખાણો જોતાં ગમે તેવા હોય તો પણ તાજુબ થઈ જાય. મહારાજ તથા બાપાશ્રી પરોક્ષ થઈ ગયા જે મુક્તો તેના જેવો પ્રત્યક્ષ દેખાતા મુક્તાનો મહિમા સમજાવે છે પણ એ બેઠા હોય એ ટાણે એવું માહાત્મ્ય જાણી શકાતું નથી. કીર્તન ગાઈએ :

'આજ સખી આનંદની એલી,'
'મારે આનંદનો દિન આજ.'
'ન ગઈ ગંગા ગોદાવરી કાશી,
ઘેર બેઠાં મળ્યા અક્ષરવાસી.'

એ ટાણે જરા અમલ જણાય પણ મહારાજ કહે છે તેમ આઠે પહોર આનંદ વર્તે તેવું થતું નથી, તે થવું જોઈએ.

૧૨૬

આપણે સદાય અહીં રહેવાનું નથી એમ બધા જાણીએ છીએ પણ ગોઠવણ વધારે અહીંની થાય છે. "ત્યાં" ને "અહીં" મોટા મુક્તને નથી, તેથી એ તો મૂર્તિની જ વાતો કરે છે. પામવાની વાતો કરતાં પામી રહ્યા છીએ એ સમજાવે છે. તેથી, અ.મુ. ચતુરબાપાનો આપેલો મંત્ર અખંડ સ્મૃતિ-રૂપ કરવો જોઈએ : "શ્રીજીમહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે. શ્રીજીમહારાજ છે" આ મંત્રનું બરાબર સમજીને મનન થાય તો આપણે મહારાજના અનાદિની પંક્તિમાં ગણાઈએ. બાપાશ્રી આ લોકમાં પધાર્યા તે આ કામ માટે. તેમણે બીજાં અનેક કામ કર્યાં પણ મૂળ સિદ્ધાંત મૂર્તિમાં રાખી અનાદિની પંક્તિમાં બેસારી દેવા. અનાદિને મતે એક મહારાજ છે, તેમ આ મંત્રમાં પણ પોતે મૂર્તિરૂપ થઈ મૂર્તિમાં રહ્યો ને મહારાજ એક જ તેને રહ્યા. આ સ્થિતિ આપણે ચતુરબાપાની જાણીએ અને તેમના સમજાવેલ મંત્રમાં આટલું તેમને કરાવવું છે એમ સમજાય તો બધુંય સમજાણું.

૧૨૭

મહારાજ તથા મોટા મુક્તને આપણું બીજું કાંઈ જોઈતું નથી, તે તો ભાવના ભૂખ્યા છે. સત્સંગમાં ઘણા હરિભક્તોમાં તથા બાઈઓમાં શ્રીજીમહારાજ તથા મોટાને વિષે હેત હોય તે સુખિયા જણાય છે, તેમને દેહ છતાં આનંદ અને ધામમાં જાય તો ય આનંદ વર્તે છે. જીવને ને ભગવાનને ભેળું થાય તેવું નથી, તો પણ મહારાજે દયા કરી આ લોકમાં મનુષ્યરૂપે દર્શન આપ્યા, અનેક સંતો ધામમાંથી લાવ્યા અને દિવ્ય ચરિત્રો કરી જીવોને મૂર્તિ સન્મુખ ખેંચ્યા, મહિમા જણાવ્યો, સંતોએ શાસ્ત્રો લખ્યા, એટલે અક્ષરધામની વાતોની આ લોકમાં અનેક જીવોને ખબર પડી. કેટલાયને સમાધિઓ

કરાવી, ધામમાં લઈ જતા ને લાવતા. મહારાજ ધામમાં પધાર્યા પછી બાપાશ્રી પ્રગટ થયા. તેમણે પણ ઘણા દિવ્ય ચરિત્રો કર્યા તેઓશ્રીએ મોટા મોટા જગન કરી, સુખડી-શીરા જમાડી, જમનારને તથા દર્શન-સેવા કરનારને મૂર્તિમાં રાખવાના વરદાન આપ્યા. આવા જોગમાં આપણે આવી ગયા તેથી અ.મુ. મનસુખબાપા, ચતુરબાપા જેવા ઓળખાણા. દિવ્યભાવે સેવાઓ થઈ એ આપણા મોટા ભાગ્ય. આ વાત બહુ મોટી છે. અક્ષરધામમાં ને મૂર્તિના સુખમાં સાધનથી ન જવાય. એ વાતમાં તો મહારાજ, બાપાશ્રી કે અ. મુ. ભૂરાબાપા, મનસુખબાપા, ચતુરબાપા જેવાનું કામ પડે, કારણ કે એ ભોમિયા.

૧૨૮

ભક્તોને ભગવાનની સહાય છે તેથી ભક્ત નિર્ભય બને છે. માટે એ મહાપ્રભુ જેમ રાખે તેમ રાજી રહેવું. 'મારો સેકન્ડ કલાસ કેમ! મારે તો ફર્સ્ટ જોઈએ'— વિદ્યાર્થીએ એમ વિચાર ન કરવો. અભ્યાસ કરવા છતાં એમ બને તો ભગવાનથી મરજી જાણી રાજી રહેવું.

આપણને મોટાએ આશીર્વાદ આપ્યા છે તેનું બળ રાખવું,

'ચાકરકી મોટપ કહાં? સબ લાજ ધણીકો,
જેને જેનો આશરો તેને તેની લાજ.'

આજ સુધી આપણી રક્ષા કરે છે ને કરશે. આપણે એમના સામી નજર રાખવી. કર્તા નિયંતા મહારાજ છે, એવો વિચાર રાખી બધા સંજોગોમાં રાજી રહેવું.

૧૨૯

દુ:ખમાં સુખ છે, પણ સુખમાં દુ:ખ વધુ છે. લાખો રૂપિયાવાળા તથા આ લોકની બીજી સંપત્તિવાળા ભગવાનને સંભારી શકતા નથી.

ભગવાન આપણા છે, તે દિવ્ય ચિંતામણિ છે, પારસ-મણિ છે. તે મળવાથી બધુંય મળ્યું. આ ચિંતામણિ વિનાના બધા રાંક છે, ભિખારી છે. કાલે આંખો બંધ થતાં ભિખારી જ છે અને આપણે તો ભગવાનની રાણીઓની જગ્યાએ છીએ.

૧૩૦

મહારાજનું છે તે બધું આપણું છે. અક્ષરધામ આપણું છે. ધામના ધણી આપણા છે, ધામના મુક્ત આપણા છે. અનંત કોટિ બ્રહ્માંડમાં એમનું રાજ છે. એ રાજાધિરાજ મહારાજા તેમણે એ દિવ્ય તેજોમય મૂર્તિમાં આપણને રાખ્યા છે. આપણે એ મૂર્તિ જોયા કરવી. એમના વિના કાંઈ છે જ નહિ. એ એક જ સત્ય છે. બીજું સર્વે મિથ્યા છે. એક ભગવાન શ્રીજીમહારાજ. તે વિના બીજું કાંઇ સાચું નથી. એકડા ઉપર જેટલા મીંડાં કરો તેટલાં વધારે થાય. એકડો જુદો કાઢી લો એટલે મીંડાંનું કાંઈ મળે નહિ. તેથી આપણને અલભ્ય લાભ મળ્યો છે. રત્નચિંતામણિ આપણને મળી છે.

૧૩૧

આપણી ફરિયાદ કે પ્રાર્થના—વગર કહે - વગર લખે, શ્રીજીમહારાજ જાણે છે.

'કોઇને દુઃખિયો રે દેખી ન ખમાય.'

એવા દયાળુ છે. એમની દયાથી બધું ઠીક થાય છે ને થશે.

૧૩૨

બાળક મુંઝાય ત્યારે માવતરની ડોકે બાઝી પડે તેમ આપણે શ્રીહરિને અરજ કરીએ છીએ. તે આપણું સારું જ કરશે.

૧૩૩

શ્રીજીમહારાજ મૂંગાને વાચાળ બનાવે છે, પાંગળાને પર્વત ચડાવે તેવી શક્તિ આપે છે. જીવોના આત્યંતિક મોક્ષ

કરે છે. શરણાગતને અમૃત નજરે જુએ છે. આવા કૃપાળુનો આપણે અચળ ભરોસો રાખી સદાય આનંદમાં રહેવું. ચાકરને તો ચાકરી કરવાની અને ધણીને મોજ આપવાની સદાય હોય છે, એટલે ધણી જેમ રાખે તેમ આનંદમાં રહેવું.

૧૩૪

કોઈ ધારે ભલે પણ ભગવાન ભળે ત્યારે જ કામ સિદ્ધ થાય. અનંત બ્રહ્માંડના કારખાના છે તે શ્રીજીમહારાજના એક સંકલ્પથી ચાલે છે.

'જેના ભ્રકુટિ વિલાસમાંય રે, કોટિ બ્રહ્માંડ ભાંગે ને થાય રે.'

આવા સમર્થ પ્રભુના આપણા પર અભય હાથ છે તેથી આનંદમાં રહેવાની ટેવ પાડવી ને એમ જાણવું કે આવા કૃપાના સાગર પ્રભુએ મારો હાથ ઝાલ્યો છે, પોતાના કર્યા છે. આવા વિચારોથી ઘણું બળ આવે છે. આપણા જીવન ને આધાર જે કહીએ તે એ મહાપ્રભુ છે.

'મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.'

એ સૂત્ર આપણા માટે છે. તે દીવાદાંડી સામું જોતા રહેવું.

૧૩૫

પરીક્ષા આપવા જવું ત્યારે શ્રીજીમહારાજ ને બાપશ્રીને સાથે રાખવા, એટલે મૂર્તિમાં રહેનારા મુક્તો સાથે રહેશે.

આપણે મહારાજના છીએ અને મહારાજ આપણા છે. એ વાતમાં બહુ બળ છે. એ જે કરશે તે ઠીક જ કરશે. આપણે શું કરીએ : 'બધું એ કરશે.'

'જેને જેનો આશરો, તેને તેની લાજ.'
કરગરીને શું કહું, જાણો છો મહારાજ.'

આપણા માટે આટલું બસ છે.

૧૩૬

આપણા માટે શ્રીજીમહારાજ જ છે. ગ્રામ્યજીવન અથવા શહેરીજીવન એ બંને સ્થળોએ આ એક જ મૂર્તિ છે. એમના

વિશ્વમંદિરમાં શોકનું સ્થાન નથી, નિરાશા નથી, દુઃખ કે ક્લેશ નથી, એટલે આશ્વાસનના શું શબ્દ લખવા? શ્રીહરિ આનંદ સ્વરૂપ છે. તેમના મુક્તો પણ એવા જ છે, એમનો આનંદ અખંડ છે.

૧૩૭

મુંબઈ જેવું શહેર અને ગમે તેવું ગામડું તે બંનેની સરખામણી કઇ રીતે થાય? છતાં બંને જગ્યાએ સરખું લાગે એમ રહેવું જોઇએ. શ્રીજીમહારાજે પોતાના જીવનમાંથી આપણને આ બોધપાઠ શીખવાડયો છે. વડોદરામાં સયાજીરાવ મહારાજે શ્રીજીમહારાજની પધરામણી કરી ત્યારે બે ગાઉ સુધી રોશની કરાવી, વાજાં વગડાવ્યાં અને ભારે ધામધૂમ કરી હતી. શ્રીહરિએ એ વખતે પોતે હાથી ઉપર સવારી કરેલી. તે જ મહારાજ વઢવાણ તાબાના લીંબલી ગામમાં દાતણ વેચનાર સગરામ ભગત વાઘરી તેને ઘેર રાત રહ્યા, ઠંડી પડતી હતી પણ તેને ઘેર ઓઢવાનું કાંઈ નહિ તેથી તેના દીકરાની વહુની સાડી ઓઢી હતી. આ બંનેમાં કેટલો તફાવત હશે? પણ વાઘરીના કુબામાં એટલા જ ઉમંગથી મહારાજ રાત રહ્યા હતા. આ આપણા માટે ઉદાહરણ છે. આવું વિચારીએ તો આનંદ થાય.

૧૩૮

દરેક ક્રિયા વખતે શ્રીજીમહારાજને યાદ કરવા. એ ગરીબ-નિવાજ છે, સુખના સાગર છે, ભક્તવત્સલ છે, નોધારાના આધાર છે, દીનબંધુ છે, તેથી આપણે ધીરજ રાખવી, મહારાજ મદદમાં બેઠા છે. લોકવાણી છે કે 'હિંમતે મર્દા તો મદદે ખુદા.' આપણે પણ કીર્તનમાં ગાઈએ છીએ :

'જો હોય હિંમત રે, નરના ઉરમાંહી ભારી;
દઢતા જોઈને રે, તેની મદદ કરે મોરારિ.'

મહારાજે હજારો ભક્તોની દુઃખથી રક્ષા કરી છે અને કરે છે.

૧૩૯

શ્રીજીમહારાજની રહેમ નજર છે તો મહારાજ બધુંય ઠીક કરી દેશે. આપણે તો મહારાજને એટલું જ કહેવું કે "મહારાજ નજર રખીયો." ત્યારે મહારાજ કહે "અચ્છા."

શ્રીજીમહારાજ અંતર્યામી છે. તેમને કહેવાથી જાણે એમ નથી. આપણા મનના સંકલ્પ હોય તે બધુંય જાણે છે. તેથી હિંમત રાખવી.

૧૪૦

શ્રીજીમહારાજ આપણા છે અને આપણે એમના છીએ.

મહારાજની પ્રસન્નતામાં મનના વિચારો ભેળવીને સંકલ્પો ન કરવા.

૧૪૧

આપણા ઉપર મહારાજની દયા ઘણી છે અને ઘણી રહેશે. આપણા ભગવાન બહુ જ દયાળુ છે તેથી આપણી દરેક વખતે સહાયમાં છે. ભક્તવત્સલ ને કૃપાસિંધુ છે.

૧૪૨

સવારસાંજ સમય મળે ત્યારે એમની મૂર્તિ સામું જોઈ આનંદ પામવો – એમની લીલા સંભારવી. અક્ષરધામમાંથી આપણા માટે આવ્યા છે. છપૈયામાં પ્રગટ થઈ, ગઢપુરમાં ઘર માની રહ્યા. કાઠિયાવાડ પર બહુ જ રાજીપો જણાવ્યો. એ કાઠિયાવાડની ભૂમિ મહારાજને લઈને દિવ્ય થઇ ગઈ. કાઠિયાવાડમાં રહી અધમ જેવા જીવનો પણ ઉદ્ધાર કર્યો. સૌરાષ્ટ્ર, ગુજરાત વગેરે દેશના ગામોમાં પણ વિચરણ કર્યું. તે વખતે હવાઈ જહાજ કે મોટરો, ટ્રેન, બસોના સાધનો ન હતા તેથી માણકી ઘોડી ઉપર બેસી ગામે ગામ સૌને દર્શન આપ્યાં. જેનો પ્રેમ જોયો તેના ઘેર જમ્યા – રમ્યા, અનેક પ્રકારની લીલાઓ કરી. આ બધું શાંતિ અને સુખ મળવાનું કારણ છે.

૧૪૩

મંદવાડ તો તપ ગણાય. આગળ મોટા મોટા સંતોએ ઘણાં તપ કર્યાં છે. આપણે તો શ્રીજીમહારાજની મરજી પ્રમાણે રહેવું, સુખદુ:ખમાં લેવાવું નહીં, તો શ્રીજીમહારાજ રાજી થાય.

૧૪૪

તમે લખો છો કે સેવકને ૧૫ વર્ષ થયા છે, ૧૬ વર્ષ થતાં વ્યવહાર બધો એમને સોંપી ભગવાન ભજવા છે, તો લખવાનું કે મોટા મુક્ત ઘડી પછી શું થશે તે શ્રીહરિ જાણે એમ જીવે છે, કર્તા મહારાજ છે, એમની મરજીમાં આપણે સુખ માન્યું છે. એ આપણા ને આપણે એમના, એ કરે તે ખરું. તેથી આગળથી નિર્ણય કરવામાં કાંઈ વિશેષ નથી!

૧૪૫

જ્ઞાનની સ્થિતિમાં તો પૃથ્વી બધી પ્રભુના ચરણ હેઠે બિરાજે—"નવખંડ ધરતીમાં સ્વામી છતરાયા ચાલે રાજ, અક્ષરના વાસી વા'લો આવ્યા અવની પર." એવું છે.

૧૪૬

આપણે દરરોજ ગાઈએ છીએ: "અડસઠ તીર્થ ચરણે કોટિ ગયા કાશી." એ બરાબર છે. અડસઠ તો શાસ્ત્રમાં લખેલા છે, પણ મહારાજના ચરણમાં તો અનંત તીર્થ છે, આ મૂર્તિ સર્વોપરી છે, તેથી તેના દર્શન થતાં કાંઈ બાકી રહે તેવું ક્યાં છે? મહિમા વચન એવાં છે કે અનંત તીર્થ, અનંત અવતાર, અનંત મુક્ત ને ધામ એ બધાયનો પ્રકાશ ભેળો કરીએ તો ય શ્રી પુરુષોત્તમ નારાયણના એક રોમ જેટલો ય ન થાય. એવા મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાને આપણને પોતાના કર્યા, અનાદિ મુક્તો મળ્યા, મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ મળ્યા અને હજુ મળ્યા જ કરે છે, એવા અવસરમાં આપણે આવી ગયા તે આપણો ફેરો ફાવ્યો. જેને દેહ મૂકીને પામવાના હતા તે છતી દેહે મળ્યા. નિર્ભયની નોબત ને જીતનો ડંકો

વાગ્યો. આત્યંતિક કલ્યાણના કોલ આપ્યા. ખોટના ખાતાં વાળી નાખ્યાં, ને રંગડાની રેલ્યું વાળી, સોનાનો સૂરજ ઊગ્યો, અમૃતના મેહ વરસ્યા. આવું પ્રથમ બોલતા હતા તે બધુંય થઈ ગયું.

૧૪૭

મૂર્તિ મેળવવા લાખો પ્રકારના યત્ન કરવા પડે તેમ શાસ્ત્રમાં લખાણ છે. આપણને મહારાજે વગર મહેનતે કૃપા કરીને દિવ્ય સુખ પમાડયું છે. મૂર્તિના આધારે સુખ. મુક્તો પણ મૂર્તિના આધારે, એટલે :

'સહેજે મળ્યા સહજાનંદ, પુરુષોત્તમ પ્રગટી રે.'

એમ સહજ સ્વભાવે આત્યંતિક મોક્ષનો લાભ મળ્યો છે.

૧૪૮

સાધન કરતાં કૃપાનું કામ જબરું છે. તેથી બાપાશ્રી કહે છે કે તમને કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે, તમારા પર શ્રી સ્વામિનારાયણ ભગવાન અઢળક ઢળ્યા છે, તમને અલભ્ય લાભ મળ્યો છે, તમારે જીતનો ડંકો વાગી ગયો છે, તેથી રાજાધિરાજ ને સર્વેના સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણ ઓળખાણા. સત્સંગના ફળરૂપ એ દિવ્ય મૂર્તિ છે. સદાય તેજોમય છે. આવી દિવ્ય મૂર્તિના જોગે પરભાવમાં પહોંચાય. મહારાજના અનાદિ મુક્તોનું પણ એક જ કામ છે કે જીવને અનેક પ્રકારે મૂર્તિના સુખમાં લઈ જવા, અનાદિ મુક્ત તો કહેવાય, પણ કામ મહારાજ જ કરે, કેમકે એવા મુક્તાને મતે એક મૂર્તિ જ છે. બાપાશ્રી કહે છે કે તમારે આજ શરદઋતુ આવી છે, તમારે અમૃતનું નોતરું આવ્યું છે, તમને ન્યાલકરણ મળ્યા છે. ક્યાં જીવ ને ક્યાં ભગવાન ! એ ન બનવાની વાત બની ગઈ છે. આવા અનેક વચનોથી આપણે પૂર્ણકામ છીએ. પ્રગટ પ્રાપ્તિ વિના જીવમાંથી જીવપણુ જતું નથી અને અનાદિ મુક્ત થવાતું નથી. આવું રહસ્ય

બાપાશ્રીના અનેક વચનોમાં ઓતપ્રોત જણાય છે. આવાં વચનો અધ્ધરથી ઝીલતાં આત્યંતિક મોક્ષરૂપ મહામોંઘી પ્રાપ્તિ મનાય છે.

'દુર્બળના દુઃખ કાપિયા રે,
ન જોઈ જાત કુજાત, પુરુષોત્તમ પ્રગટી રે.'
'હવે હું તો પૂરણ પદવીને પામી,
ભાંગી મારી જન્મોજન્મની ખામી.'
'મારે આનંદનો દિન આજ રે,
પ્રભુ પ્રગટચા કલ્યાણને કાજ રે.'

આવા રહસ્ય વચનોનો મર્મ સમજાય છે. સદ્‌ગુરુઓના વચનોમાં આનંદના ઊભરા જણાયા છે. તેનું કારણ પણ એ જ કે સૌ મૂર્તિના સુખે સુખિયા હતા. અત્યારે પણ જેમને મૂર્તિનો આનંદ છે તેમને બીજાં બધાં વચન નાનાં લાગે. છકી પણ ન જવાય, કારણ સદાય મૂર્તિનો સંબંધ, તેથી એ ધણી વિના બીજું કાંઈ નજરમાં જ ન હોય. તેને બીજું ગમે જ નહીં. રાજાનું રાજ્ય એટલું રાણીનું રાજ્ય. પદવીમાં પણ શ્રીહરિ સાથે સ્વામી–સેવકભાવ. આવી કૃપાનો લાભ મૂકી બહારવૃત્તિ રાખી મ'હારાજના વચનમાં જે નથી વર્તતા તેમને મોટી ખોટ આવે છે. સત્સંગમાં આ વાતનો ખટકો રાખવો તો મહારાજ તથા મોટાની કૃપા આપણા કલ્યાણમાં કામ આવે. બાપાશ્રી કહે છે કે આજ્ઞા લોપે તો મોક્ષ ન થાય, તો તો વૂઠે 'મે'[1]એ કાળ પડચા જેવું થાય. માટે આપણે એ વાતની દૃઢતા કરી આજ્ઞા-ઉપાસના રૂપ દોર પર નજર રાખી સદાય સાવધાન રહેવું.

૧૪૯

માયા ઝેરનું ઝાડવું છે. તેના ફળ - ફૂલ - ડાળા - પાંખડા –

---

૧. વરસાદ.

રસ એ બધું ઝેર; અને ભગવાન ને મુક્ત અમૃતરૂપ. તેમનો જેટલો જોગ-સંબંધ તે બધું અમૃતમય :

'અમૃતના સિંધુ ઊલટચા રે, રંગડાની વાળી છે રેલ,
પુરુષોત્તમ પ્રગટી રે.'
'કોઈ કહે હરિ હો ગયે, કોઇ કહે હોવનહાર;
મુક્ત કહે પ્રભુ પ્રગટ બિન, સબ ભટકત સંસાર.'

આમ જેને સમજણ કે જ્ઞાન નથી તેનાથી કોઈને સમાસ ન થાય. આપણાં ભાગ્ય તો બાપાશ્રી તથા સદ્‌ગુરુ મળ્યા ત્યારથી ઊઘડચાં છે. એટલે કારણમૂર્તિ શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિનો દિવ્યભાવ સમજાણો.

૧૫૦

બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ બાપાશ્રી પાસે એક વખત રમૂજ કરી કહ્યું : "બાપા! આપ અંતર્યામી છો તેથી બધું જાણો છો, એટલે મને ખરેખરું કહેજો. શાસ્ત્રમાં એવાં લખાણ છે કે મોટા ઋષિમુનિઓ મોટી જટાઓ વધારતા, પંચાગ્નિ ધૂણી તાપતા, તપ એવા કરતા કે માથે રાફડા વળી જતા, તોપણ ભગવાન મળતા નહીં, એવું સાંભળ્યું છે. અને મેં તો કાંઈ તપ કર્યું નથી, વ્રત કર્યા નથી, હજી મારી દાઢીયે પૂરી વધી નથી ત્યાં તો મને ભગવાન જેમ છે તેમ ઓળખાયા. એમના અનાદિ મુક્ત મળ્યા, આવડું મારું શું પુણ્ય?" ત્યારે બાપાશ્રી કહે : "એ તો ભગવાન જાણે કાં એમના અનાદિ મુક્ત જાણે!" એમ રમૂજ કરી.

મહારાજ ને મોટા અત્યારે સુગમ થયા છે, તેથી સૌ આનંદમાં રહીએ છીએ ને ગાઈએ છીએ કે :

'તપ રે તીર્થમાં હું કાંઈ નવ જાણું;
સહેજે સહેજે હું તો સુખડાં રે માણું.'

અત્યારે ભગવાન ને મોટા સોંઘા થયા છે તેથી સુખિયા છીએ.

૧૫૧

સાધનિક હજારો હોય પણ તેથી સિદ્ધ મુક્ત જેવું કામ થાય નહિ.

ભગવાનને તો સૌને એક સરખી સ્થિતિ ને એક સરખું સુખ આપવું છે, પણ મળે ક્યારે? તેમના વચન અધ્ધરથી ઝીલે ત્યારે. લાખ લાખનાં મોતી ને ફટકિયા મોતીમાં ફેર કેમ પડ્યો? તેનો વિચાર એકાંતમાં કરો તો સમજાય. બહારવૃત્તિએ તો બારને બાર ચોવીસ વર્ષ પણ ન સમજાય.

૧૫૨

મહારાજે બધાને અનાદિ મુક્ત કર્યાં છે, બહુ મોટી પદવી આપી છે.

'રાંક ટાળીને રે કીધાં અમને રાજવી રે;
દીન ટાળી કીધા છે દાતાર.'

એ ભણતર હજુ ક્યાં ભણ્યા છો? ભણ્યા હશો તો ગણ્યા નહિ હો! આપણા પર શ્રીજીમહારાજ અઢળક ઢળ્યા છે, આપણને ન્યાલકરણ મળ્યા છે, એવું બોલીએ છીએ તે સમજ્યા વિના બોલાય છે કે સમજીને? આપણને તો મૂર્તિના પ્રતાપે :

'અમૃતના સિંધુ ઊલટ્યા રે, રંગડાની વાળી છે રેલ;
નો'તી દીઠી નો'તી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત.'

આવું ગાતાં ગાતાં ગળું બેસી ગયું તોય તેનો કેફ આવ્યો કે કેમ? તેનો હૃદયમાં તપાસ કરવાનો આ સમય છે.

૧૫૩

વ્યવહારમાર્ગમાં રહી વ્યવહારથી જુદા રહેવું, ત્યાગવૃત્તિનો દેખાવ નહીં ને ત્યાગી જેમ રહેવું, એ મહારાજની દયા વિના બનતું નથી.

કથા-કીર્તનમાં મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખીને બધું કરવું જેથી રળેલું ખજીને પડે. બહારવૃત્તિમાં કહેવા–સાંભળવાનું થાય

પણ મૂર્તિમાં વૃત્તિ રહે નહીં અને મૂર્તિમાં વૃત્તિ ન રહે તો ફળ કાંઈ ન થાય, દેહસ્વભાવ ટળે નહિ, ખરું જ્ઞાન થાય નહિ. આ ત્રણે બાબત મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૨૨, ૨૩ ને ૨૪મા વચનામૃતમાં સમજાવી છે, તેનું મનન કરવું.

૧૫૪

વાંચતાં હું વાંચું છું એમ સમજાય તો તે કથા નાની ગણાય, પણ શ્રીજીમહારાજ બોલે છે, મોટા મોટા સંતો તથા હરિભક્તો પ્રશ્ન પૂછે છે, તેના શ્રીહરિ પોતે ઉત્તર કરે છે— એવી દિવ્ય સભામાં આપણે બેઠા છીએ એમ જાણીએ તો દેહભાવને ઘસારો લાગે, પોતાને મુક્તાપણું મનાય. શ્રીજી-મહારાજનાં વચનામૃતો એવા મોટા મુક્ત માટે છે એમ જાણી આવી દિવ્ય કથા વાંચવી.

૧૫૫

આપણા સાચા મા-બાપ તો મહારાજ છે. તેમના સામી સુરતા રાખવી. મૂર્તિ સંભારી બધું કામ કરવું.

મોટામાં મોટું નિયમ એ છે કે મહારાજને ઘડીએ વિસારવા નહીં.

કાઠીઓને મહારાજે શીખડાવ્યું છે કે "હું ને મારો ઠાકોર" તેમ મહારાજ ને આપણે – બે જ, એટલે મહારાજ આપણી ભક્તિ જોઈ રાજી રાજી થાય.

મોટાને ઓળખ્યા પછી જેવા તેવાની વાત સાંભળી અંતરમાં ગોટા ન ઘાલવા.

કામકાજ થઈ રહે કે તરત મહારાજને લઈને બેસવું.

૧૫૬

હેત કરવા જેવા એક શ્રીજીમહારાજ છે અને તેમના મુક્ત પણ છે, છતાં મહારાજ જેવું કોઈને વિષે હેત ન રાખવું, તેમ મહારાજ ભલામણ કરે છે.

જેને મહારાજનો ખરો રાજીપો લેવાની ઉતાવળ હોય તેને બીજાં નામ, બીજાં રૂપ, બીજાં વખાણ–તેમાં ખોટી થાવું નહીં અને સર્વેમાંથી વૃત્તિ તોડી એક મહારાજની મૂર્તિમાં વૃત્તિ જોડવી.

૧૫૭

બહારના દેખાવમાં મૂર્તિનું સુખ ન આવે. સુખ માટે તો મૂર્તિનો સંબંધ જેમ બને તેમ વધુ રાખવો. વૃક્ષમાં ફળ આવે તેમ નમે. ભક્તમાં જેમ મહારાજના ગુણ આવે તેમ નમ્રતા વધે.

૧૫૮

ચંદ્રમા આકાશમાં રહે છે પણ પૃથ્વી પરની બધી ઔષધિઓનું પોષણ કરે છે, તે ઔષધિ એટલે વૃક્ષ, લતા, ફળ, ફૂલ વગેરે. તેને ખબર પડતી નથી, પણ મનુષ્ય આ વાત સમજે છે, તેમ દેહભાવમાં વર્તાતું હોય ત્યાં સુધી શ્રીજીમહારાજની આપણા પર અમૃત નજર છે તેની ખબર પડતી નથી, એ તો જ્યારે મુક્ત થાય ત્યારે સમજાય છે.

૧૫૯

સાધારણ હોય કે દેહના સંબંધવાળા હોય તેના સાથે કામ પૂરતું કામ રાખવું. પણ માંહી ને બહાર મહારાજના કૃપાપાત્ર હોય તેનો સંબંધ રાખવો. આ લોક, ભોગ સર્વે મોક્ષમાર્ગમાં વિઘ્ન કરે તેવા જાણી અરુચિ રાખવી. સાચામાં સાચા શ્રીજીમહારાજ છે તે સર્વોપરી સૌના શિરતાજ છે. તેમને જીવનરૂપ કરી દેવા. માનસીપૂજામાં એ મૂર્તિનો સંબંધ વધુ રહે એટલે એ માર્ગે તેમને સંભાર્યા કરવા તો પ્રગટ જેવું સુખ આવે.

૧૬૦

રસબસ જેવા બીજા દૃષ્ટાંત નહીં, મહારાજ જેવા બીજા ભગવાન નહિ, અનાદિ જેવી બીજી કોઈ સ્થિતિ નહિ.

મહારાજે મોટપ લખી ત્યારે કહ્યું : જેટલું રાજાનું રાજ્ય તેટલું રાણીનું રાજ્ય. આ દષ્ટાંતમાં સ્વામી અને સેવક એ વસ્તુ જુદી છે તેમ અનાદિ મુક્ત અને ભગવાન ઓતપ્રોત, રસબસ સાથે રહે છે, તોય દાસ એ દાસ અને સ્વામી તે સ્વામી.

૧૬૧

મોટાની સહાયતા વિના જીવને કારણશરીર રૂપ માયા મુકાતી નથી, એટલે વજ્રસાર જેવી શાસ્ત્રમાં લખી. તે કારણરૂપ માયા ભગવાન અને મુક્ત મળ્યા વિના કોઈ રીતે જીવને છોડે તેવી નથી.

૧૬૨

અનંત મુક્તો શ્રીજીમહારાજને આધારે છે, અક્ષરધામ પણ મૂર્તિને આધારે છે.

લાખ વર્ષ સુધી તપ કરે, વ્રત કરે, પણ મહારાજ ને મોટા મુક્તના રાજીપા વિના મૂર્તિનું સુખ ન મળે, એમ જાણી એમની પ્રસન્નતાનાં સાધન કરવાં, દાસપણું રાખવું. શ્રીજી-મહારાજને ધર્મ વહાલો છે, તેથી ધર્મમાં દઢતા રાખવી.

૧૬૩

એકાંતિકપણું ક્યારે આવે છે? તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સિદ્ધ કરે તો. એકાંતિક થયા પછી પરમ એકાંતિક-પણું ને અનાદિની સ્થિતિ મહારાજ ને મોટાની દયાથી આવે છે. આવી દુર્લભ પ્રાપ્તિ આપણને થઈ છે તેથી મૂર્તિરૂપે વર્તાય તો જ મહારાજ ને મોટા મુક્ત રાજી થાય.

૧૬૪

વાચ્યાર્થમાં બધું બોલાય-લખાય ત્યાં સુધી ભગવાન પ્રમાણ કરતા નથી. લક્ષ્યાર્થમાં થાય ત્યારે તેમના અવયવ શીતળ શાંત થઈ જાય. વ્યવહાર રહે પણ મહેમાન કોઈને

ત્યાં ગયા હોય ને રહે તેમ રહે. મોટા મુક્તનાં આવાં લખાણ છે, જેથી આપણે ઢાળ ફેરવીને સુખિયા રહેવું.

૧૬૫

અહીં ને અક્ષરધામમાં જે મૂર્તિ શ્રીજીમહારાજની છે તે તો એ એક જેવા એક જ. બીજા રસબસ રહેનારા કે સામું જોઈ રહેનારા અને ઐશ્વર્યાર્થી અનેક છે. એ સર્વકારણ મૂર્તિના સુખભોક્તા સેવક (તેમનું પદ દાસનું જ) અને શ્રી સહજાનંદ સ્વામી ભગવાનનું પદ સ્વામીનું જ. એટલે નદીઓ કોઈ વાર સમુદ્ર ન કહેવાય. સમુદ્રમાં એકત્વભાવે વર્તે છતાં જુદી જણાય. નદી તે નદી જ અને સહજાનંદ સિંધુ તે સિંધુ જ. આત્યંતિક મોક્ષરૂપ મોતી આ સમુદ્ર એટલે સિંધુમાં જ પાકે. બીજા તો તેમના પાસંગમાં ય આવે નહિ. અનંત નદીઓ મળે તો ય સમુદ્ર ન કહેવાય, છતાં સમુદ્ર રૂપ ગણાય, તે તો એ સિંધુની અતિ મોટપ કહેવાય. મહારાજે મધ્યના ૬૭મા વચનામૃતમાં આ અભિપ્રાય સમજાવ્યો છે.

૧૬૬

શ્રીજીમહારાજ કહે છે કે અનંત મુક્ત થઈ ગયા ને થશે પણ મારો પાર પામવા કોઈ સમર્થ નથી ને થશે પણ નહીં.

જ્યારે સત્સંગ થયો હોય ત્યારે સૌના રાજીપાની કેવી ગરજ હોય છે? તેવી ને તેવી ધામમાં જઈએ ત્યાં સુધી ગરજ રાખવી તે ખરું દાસપણું કહેવાય.

૧૬૭

"દેહભાવમાં જણાય દુઃખ, મૂર્તિ આકારે વરત્યે સુખ.
સુખમાં ઊતરે સુખ જ થાય, અંતરમાંહી સ્નેહ ઉભરાય.
મૂર્તિમાં છે દિવ્ય આનંદ, સુખ આપે છે આનંદ કંદ.
એના સામી દષ્ટિ થાય, પ્રાપ્તિ અલૌકિક તો સમજાય.
મૂર્તિમાં છે મુક્ત અનેક, સૌના કારણ સ્વામી એક.
આશ્રય એનો જે જન કરે, મૂર્તિમાં રહી ધ્યાન જ કરે.

તેને લખવાનું નહિ કામ, ભેળા જાણે પૂરણકામ.
પૂરણ પદવી પામ્યા એહ, એને સમજણ આવી તેહ.
પ્રગટ મળ્યા જેને બહુનામી, ભાંગી જન્મોજન્મની ખામી.
પ્રગટ મૂર્તિ પ્રગટ મુક્ત, દિવ્યભાવે જોવાની જુક્ત.
આંહીની ઉપમા લાગે ખોટી, વાત મળી જેને બહુ મોટી.
તેનાં સરિયાં સર્વે કાજ, જેને મળિયા શ્રી મહારાજ.
લૌકિકમાં અલૌકિક વાત, મૂર્તિ પામ્યા જે સાક્ષાત્.
સુરતી જેની ગગને ચડી, તે તો ભૂલે કેમ એક ઘડી.
અન્યને જુવે નહીં એહ, પામ્યા પ્રાપ્તિ પૂરણ તેહ.
પૂરણ પ્રાપ્તિ પૂરણકામ, સદાય સાથે શ્રી ઘનશ્યામ.
મૂર્તિ મનોહર મંગળકારી, તેજોમય છે ભવભયહારી.
એ મૂર્તિમાં રહેવું ગમે, બીજું તનમન ચિત્ત ન ભમે.
ચૈતન્ય તો મૂર્તિમાં રહે, મુક્ત અનાદિ તેને કહે."

૧૬૮

વાચ્યાર્થ ને લક્ષ્યાર્થ એક થાય, દિવ્યભાવમાં સદાય વરતાય તેવો ખટકો રાખવો.

પરોક્ષ કરતાં પ્રત્યક્ષની વાત મોટી છે ને મોટી રહેશે, પણ પ્રત્યક્ષવાળાને 'પંદર દિવસે કાગળ લખતા રહેજો' એમ લખવું ન પડે. 'વહેલા આવજો' એમ લખવાથી પણ શું? પ્રત્યક્ષમાં બધું ય છે. પ્રગટ સૂર્યથી પ્રકાશ થાય છે.

૧૬૯

જીવમાંથી મુક્ત સ્થિતિ દષ્ટિમાત્રે પમાડી તેનું કારણ ભગવાન દયાના સમુદ્ર છે, તેમની જીવો પર કેવળ કૃપા છે, પણ જીવને એવો ખટકો રહેતો નથી, તેથી દેહ-ઈન્દ્રિયોને વશ થઈ સમર્થ ધણીની આજ્ઞા લોપે છે, તેથી મોક્ષ સુગમમાંથી અગમ થઈ જાય છે. કથા-વાર્તામાં આવા ઘણા દાખલાઓ આપણે વાંચીએ છીએ. ખટકો રાખવાની બીજાને વાતો કરીએ છીએ, પણ જીવે ઘણા કાળ વિષયનાં વલખાં કર્યાં છે, તેથી

એના એ માર્ગે વળીને જન્મ ખુવાર કરી નાખે છે. મહારાજની દયાનો વિચાર કરીએ તો તેમને રાજી કરવા ઊભા સુકાઈએ, દરિયામાં દોટ દેવાનું કહે તો કરીએ, અગ્નિમાં પડવાનું કહે તો પડીએ, તો ય થોડું છે.

૧૭૦

આપણે ક્યાંથી આવેલા છીએ અને મહારાજે કેવી મોટી પદવી આપી છે તેનો વિચાર કરવો. આપણને મૂર્તિ આપી છે. મૂર્તિના સુખભોક્તાનો સંબંધ કરાવ્યો છે જેથી ભગવાન ભજવાનો ખટકો બહુ વધારે રાખવો.

૧૭૧

જૂના સંત-હરિભક્તો હતા તેમને એક જ તાન હતું કે ઘડીવાર મહારાજને વિસારવા નહીં, આજ્ઞામાં સાવધાની રાખવી. એકબીજાનો અવગુણ ન આવે, તેવો પણ ખટકો રાખતા. તો તેઓ બહુ બળિયા જણાતા. આપણને પણ એવો જ વખત મળ્યો છે.

૧૭૨

આપણે સદાય મૂર્તિનો આનંદ રાખવો. નિશાન મૂર્તિનું ન હોય ને ગમે તેવું બળમાં બોલે પણ કાંઈ વળે નહિ; ને કાંઈ લખે તો લખતાં ય આવડે નહીં. મોટાએ દષ્ટાંત દીધું છે : મોર કળા પૂરે ત્યારે આગળ સારું લાગે પણ વાંસે શોભે નહીં. તેમ જેને મહારાજની મૂર્તિ વિના બીજે હેત રહે છે તેને મોટી ખોટ આવે છે. સત્સંગમાં કેટલાય દેખાવ કરે છે, મોટા થઈ બેસે છે, પણ તેના અંતરમાં સુખ નથી હોતું. આપણા તો અહોભાગ્ય છે કે મહારાજ તથા મોટાના રાજીપમાં આવી ગયા છીએ, તેથી રાત દિવસ મહારાજને સંભારી સુખિયા રહેવું.

૧૭૩

તમો 'સહજાનંદ ભુવન'માં રહો છો. તેમ ચૈતન્યને સહજાનંદ રૂપ ભુવનમાં રહેવાનું થાય એટલે ખરો આનંદ

આવે, આત્યંતિક મોક્ષ મનાય, જોવા–આવવાની, ભેળા થવાની બધી તાણ પૂરી થઈ જાય. પણ જીવને બહાર-વૃત્તિનો અભ્યાસ ઘણો થયેલ હોવાથી એ રીતે રહી શકાતું નથી. 'વચનામૃત' ને મોટા મુક્તાની વાતોમાં ઘણુંય સમજાવ્યું છે તે વારંવાર વાંચીએ છીએ પણ પાછું તે પ્રમાણે અનુસંધાન રહેતું નથી. આમાં બહારવૃત્તિ નડે છે, જીવને દેહમાં ઓતપ્રોત થઈ જવાણું છે તેને બદલે મહારાજની મૂર્તિમાં ઓતપ્રોત થવું, એ તો નેવાના પાણી મોભે લાવ્યા જેવું છે, છતાં મોટા મુક્તાની પ્રસન્નતાને લીધે એમ વરતી શકાય છે. ખટકો જોઈએ. જેમ શ્રવણ, મનન, નિદિધ્યાસ પછી સાક્ષાત્કાર થાય છે તેમ મોટાના આશીર્વાદ ને રાજીપાથી મૂર્તિ પમાય છે. બાપાશ્રીની વાતોનું મનન થાય તો આ બધું સહેલું છે, કેમકે તેમણે કૃપા કરી આશીર્વાદ આપ્યા છે. મહારાજનો મહિમા સમજાવી ચૈતન્યને શુદ્ધ કર્યો છે, અનાદિ મુક્તાની સ્થિતિ સમજાવી છે, મૂર્તિરૂપ વર્તાય એવા આશીર્વાદ આપ્યા છે, એટલે આપણા અહોભાગ્ય છે.

૧૭૪

બાપાશ્રી કહે છે કે મૂર્તિના સુખનો એક ઝબકારો થાય તો પણ માયા કે બ્રહ્માંડ કોઈ આવરણ કરી શકે નહિ, છતાં આપણા સુખને અર્થે શ્રીજીમહારાજે તેજ, ઐશ્વર્ય, સામર્થ્ય બધું ઢાંકી રાખ્યું છે. તે આપણે નિત્ય નિયમમાં દરરોજ ગાઈએ છીએ કે :

'થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા.'
'નરવિગ્રહ ધર્યો કરુણા કરી રે લોલ.'

એટલે મનુષ્યરૂપ ને પ્રતિમારૂપ એમાં કેવળ કરુણા જ છે, પણ આપણને દર્શન વખતે એ રીતે જોવાની દઢતા રહેતી નથી એટલે 'મારું ધામ રે અક્ષરઅમૃત જેનું નામ' 'અતિ તેજોમય રે રવિશશી કોટિક વારણે જાય,' 'અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત તેજના સમૂહમાં

શ્રીજી' એટલું જ આપણે કરવાનું છે. એમાં બધા ય રાજીપો—આશીર્વાદ છે.

૧૭૫

તમો આશીર્વાદ માટે લખો છો તો જેઓ શ્રીજી-મહારાજના વચનમાં વર્તે છે તેને અખંડ વરદાન અભય હાથથી મહારાજ આપી જ રહ્યા છે : સદા સુખી રહો ! સુખી રહો! એવો એ મહાપ્રભુનો સંકલ્પ છે. તેજોમય દર્શન આપે તો ય એ છે અને મનુષ્યભાવમાં પણ એ છે. ધામમાં જે મૂર્તિ છે તે, મનુષ્યરૂપ છે ને પ્રતિમારૂપ છે, તેમાં જેટલી વૃત્તિ રહે તેટલું સુખ.

૧૭૬

નેત્રવૃત્તિએ ગ્રહણ થાય પણ જ્યારે મૂર્તિ સ્વરૂપે એટલે પુરુષોત્તમરૂપે પોતાના ચૈતન્યને મનાય, ચૈતન્ય મહારાજ જ રહે, ત્યારે ચૈતન્ય પણ સાકાર મૂર્તિમાન સુખભોક્તા અનાદિ મુક્ત જેવો મનાય, ત્યારે સ્થિતપ્રજ્ઞ કહેવાય. અનાદિ મુક્તના ભાવમાં મહારાજ વિના બીજી વસ્તુ જ નથી. એટલે વધુમાં વધુ મૂર્તિના સંબંધેયુક્ત પોતાને માનવું. જેટલું રહેવાય તેટલું મૂર્તિ ભેળું રહેવાય તેમ વર્તવું. બહારદષ્ટિમાં જગત છે. અંતરદષ્ટિમાં મહારાજ છે. એટલે સદ્દગુરુ વૃંદાવનદાસજી સ્વામી કહેતા કે "મહારાજ જ." શ્રીજીમહારાજના મહામુક્તોનું સામર્થ્ય અપાર હતું. તેનું કારણ એ દિવ્યધામના આવેલ હતા. એવા જ મુક્ત વર્તમાન સમયે છે, મહારાજ પણ એના એ છે. આવું મનન કરતાં મહારાજ દયાના સમુદ્ર હોવાથી જેવા આપણને સુખ જોઈએ તેવા આપ્યા કરશે.

૧૭૭

શ્રીજીમહારાજની પ્રસન્નતા જેમ જેમ થતી જાય છે તેમ તેમ અંગ પણ વૃદ્ધિ પામે છે.

મોટાને મૂર્તિનું સુખ હોવાથી સદાય સમૈયા જેવું ગણાય. સમૈયા–ઉત્સવ નવા આદરવાળાને સમાસકર્તા છે. મોટાને તેમાં સમાસ એટલો કે દરેક સંત-હરિભક્તોનો પ્રત્યક્ષ મેળાપ થતાં શ્રીજીમહારાજની કૃપા સૌ ઉપર સહેજે થાય.

૧૭૮

તમે લખો છો કે આમ કરતાં કરતાં અનાદિની સ્થિતિએ પહોંચાશે. તેના કરતાં એમ સમજવું સારું છે કે અનાદિ ભગવાન શ્રીજીમહારાજ નયનગોચર થયા ત્યારથી એમનો એવો સંકલ્પ છે કે મારા દર્શનથી સૌને આવી મોટી સ્થિતિ પ્રાપ્ત થાઓ. આ, સાધનનું ફળ નથી પણ કૃપાનું ફળ છે. તેથી બાપાશ્રી લખે છે કે 'તમને કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે.' આજ શ્રીજીમહારાજ અઢળક ઢળ્યા છે જેથી અનાદિ મુક્તાની સ્થિતિમાં રહી, અનાદિ ભગવાનનું અનુસંધાન અખંડ રાખવું : "રસબસ હોઈ રહી રસિયા સંગ." એ કૃપાની સ્થિતિ અને "મારે આજ પ્રિતમ ઘેર આવશે, મને હેતે કરીને બોલાવશે," એ ભક્તાના પ્રેમની વાત; "આજ સખી આનંદની હેલી, હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી" એ સન્મુખ ભાવની ઉત્તમ સ્થિતિ. આ સ્થિતિ રસબસ ભાવથી ન્યૂન છે, એટલે ઉત્કૃષ્ટ ભાવ જેમાં છે એવી અનાદિની સ્થિતિનું મનન કરવું. આ સ્થિતિ થવાની છે એમ નહિ, પણ થઈ ગયેલ છે. અનાદિનો અર્થ જ એ.

૧૭૯

લોકોમાં કહે છે કે ભણવું ને ગણવું. ગણવું શું? તો, મહારાજમાં કેટલું હેત થયું? મહારાજના વચન પળાય છે કે કેમ? ભગવાનના ભક્તાને જોઈ હેત આવે છે કે કેમ? કોઈનો મન, કર્મ, વચને દ્રોહ ન થઈ જાય તથા દરેક ક્રિયામાં મહારાજની સ્મૃતિ રહે એવો ખટકો રાખવો. આ બધું ગણતાં

રહેવું. આપણે શ્રીજીમહારાજના છીએ, જગતના સાધારણ જીવ જેવા નથી એવી સમજણ દૃઢ કરવી.

૧૮૦

'રાજા બી દુખિયા, રંક બી દુખિયા,
ધનપતિ દુખિત વિકારમેં;
બિના વિવેક, ભેખ સબ દુખિયા,
જૂઠા તન અહંકારમેં'

એવું અવરભાવમાં છે. પરભાવમાં તો

'અખંડ અલૌકિક સુખ તારું,
જોઈ જોઈ મન મોહ્યું મારું,
ધરાધન તમ ઉપર વારું.'

એવું સુખ જ છે. વ્યવહારમાં રહ્યા એટલે વ્યવહાર તો કરવો જ પડે. પણ બધી ક્રિયામાં કર્તા મહારાજ છે, એમ જાણી બધું એમના હાથમાં છે, એવું અનુસંધાન રાખવું.

૧૮૧

વૃક્ષમાં ફૂલફળ આવે છે ને ટાણે ખરી જાય છે. સૃષ્ટિમાંની બધી વસ્તુઓ પર કાળ, કર્મ ને માયા છે, અને આપણો ચૈતન્ય તો અક્ષરધામ રૂપ તખ્તમાં મહારાજ બિરાજે છે એ મૂર્તિમાં છે. ધામની મૂર્તિ, મનુષ્યરૂપ તથા પ્રતિમા ત્રણે એક જ છે. આવો અનુભવ આપણને શ્રીહરિ તથા મોટા મુક્તોએ કરાવ્યો છે. એ વાતોમાં અદ્ભુત આનંદ વર્તે છે. બાકી સર્વત્ર જુદી દૃષ્ટિમાં તો અશાંતિ ને દુઃખ જ જણાય છે, પરંતુ આપણે એ દૃષ્ટિ બદલાવીએ તો દુઃખ ન થાય :

'રવિમંડળમાં રાત તણું દુઃખ નવ રહે,
પારસ પામે ધન દુર્બળતા જાય જો;
તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે,
તેનો મહિમા ભવ બ્રહ્માદિક ગાય જો.'

આવી અલૌકિક વાત પરભાવની છે.

૧૮૨

બાવના ચંદનને નાગ વીંટાઇ રહે છે, પણ મોઢું અધ્ધર રાખે તેથી ઝેર ઊતરતું નથી, નહિ તો બાવના ચંદનમાં એવો ગુણ છે કે એ ચંદનથી ઝેર ઊતરી જાય. તે તો દષ્ટાંત. તેના સિદ્ધાંતમાં મૂર્તિરૂપે વર્તાય તેને મૂર્તિ વિના બીજું કાંઈ રહે જ નહિ. જેટલી વૃત્તિ અધ્ધર પધ્ધર રહે તેટલી ખામી ગણાય.

૧૮૩

મનને કહ્યે ચાલવું નહીં. આપણે કોણ છીએ? તો શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના છીએ. જેમ રાજાના કુંવરને એમ રહે જે હું રાજાનો કુંવર છું તેમ આપણને સદ્ગુરુએ અનાદિ મુક્ત કહી બોલાવ્યા છે તે ભૂલવું ન જોઈએ.

૧૮૪

જીવના મોક્ષ સાધનથી ન થાય. સાધન તો સાંસા ગોટીલા કહેવાય. બાપાશ્રી કહે છે કે સાધન પ્રસન્નતાના કરવાં પણ તેનો ભાર ન રાખવો. -કલ્યાણ તો કૃપાથી જ થાય, જીવને એમ ને એમ કલ્યાણ થાય તેમાં પૂરો વિશ્વાસ ન આવે, જેથી તેમની પાસે થોડુંક કરાવવા બનતાં સાધનો બતાવ્યાં પણ સાધન તો કેવાં છે? તો જેમ કોસ જોડીને વાડી કરે તો એક વાડી પલળે અને કૃપા તો વરસાદ વરસે તેવી. વરસાદ તો ચારે ખાણના જીવને સુખિયા કરે.

૧૮૫

સુખ ભોગવાય તેમ કરવું તે શું? તો બહારવૃત્તિમાંથી અંતરદષ્ટિ કરવી. અંતરદષ્ટિ શું? તો બહાર અથવા માંહી શ્રી ઘનશ્યામ સ્વરૂપ તેજના સમૂહમાં રહ્યા થકા અહીં દેખાય છે એવા ભાવથી પ્રગટ મૂર્તિનું અનુસંધાન રાખવું. એ કર્તા છે એમ કહીએ ને કર્તાપણું આપણું લાવીએ એવી ભૂલ ન થવા દેવી.

૧૮૬

દૂધ, દહીં, છાશ, માખણ થયા પછી ઘી થાય એટલે દૂધનો વિધિ પૂરો થયો, તેમ કથાવાર્તા, ધ્યાનભજન, ભક્તિ, જપ-તપ, તીર્થ, વ્રત, દાન-પુણ્ય, વગેરેનું ફળ મૂર્તિ. જો એ મૂર્તિમાં વૃત્તિ રહેવા માંડે અને એ મૂર્તિમાં મારો ચૈતન્ય છે એમ થાય તો કાંઈ અધૂરું ન રહે. વિધિ બધા પૂરા :

'સાત ધામ ને ચાર પુરી,
ભગવાન મળે પૂરી, નહિ તો અધૂરી !'

'પીધા વિના પ્યાસ ન બૂઝે,
પંડ ઉપર ઢાળે ભલે પાણી રે,
મુક્તાનંદ મોહન સંગ મળતા,
મોજ અમૂલખ માણી રે.'

મોજ મૂર્તિથી મળે છે.

૧૮૭

પોતાને વિષે દેહભાવ રહે છે તેથી મૂર્તિમાં ચોંટાતું નથી. દેહભાવ તો દરેક ક્રિયામાં ખબર પડે છે, જેમાં 'હું' 'હું' થયા કરે તે દેહભાવ. ભક્ત હોય તે તો અખંડ ભજન કરે, ભગવાનને ભૂલે નહિ, દાસપણું દઢ રાખે, અને અનાદિ મુક્તને તો એક મૂર્તિ જ હોય, જેથી એ જ્યાં હોય ત્યાં મૂર્તિ જ મુખ્ય હોય.

૧૮૮

આપણે વ્યવહાર સિદ્ધ કરવાનો ઠરાવ નથી, પણ મૂર્તિ સિદ્ધ કરવી છે.

દયા રાખવાનો દસ્તાવેજ કરાવવા વિષે લખ્યું તો તમારા વિના બીજા કોઈ કરાવતા નથી. એ તો વરસાદની પેઠે વરસ્યા જ કરે છે.

'દયાનિધિ! તમે દાસને નિત્ય આપો છો એ દાન.'

'દયાનાં ભરેલાં એનાં દિલડાં રે લોલ,
આંખડી ભરેલ અમી રેલ રે, શ્રીજીના સ્નેહ મુને સાંભરે.'

'અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો.'

દયાના સાગર શ્રીજીમહારાજે આપણને પોતાના કર્યા છે. ન્યાલકરણ, સુખના સિંધુ, શરણાગત પ્રતિપાળ, દીનબંધુ મહાપ્રભુએ જે દિવસથી આપણો હાથ ઝાલ્યો છે ને પોતાના કર્યા છે, મૂર્તિમાં રાખ્યા છે, તે દિવસથી જ પાકો રજિસ્ટર્ડ દસ્તાવેજ કરી દીધો છે. ઠેઠ હજૂરનો જ ખુલાસો છે. તેથી હવે માગણી કરવાની ક્યાં રહે છે?

૧૮૯

મૂર્તિનો આનંદ કેટલો વર્તે છે એનો નામામેળ કરવો.

નાના-મોટા ઠીક-અઠીક એ બધા આ લોકના શબ્દ છે – તેનો નિવાસ આકાશમાં છે – આપણે તો ચિદાકાશમાં એકરસ ચિદ્‌ઘન તેજ તેમાં દિવ્ય સિંહાસન, તેમાં શ્રીહરિની દિવ્ય મૂર્તિ તેમાં રહ્યા છીએ – એમ માની આનંદમાં રહેવાનું છે.

૧૯૦

સદાય ભેગા છીએ એમ માનવું. જેમ ધણી રાખે તેમ રહેવું અને સદાય આનંદ વર્તે તેમ કરવું. આ લોકનો ફેર ન ચડી જાય એવું ખાસ જાળવવું. સ્વભાવ પણ અનાદિ (મુક્તા)ને ઘટિત રાખવા. પ્રસન્ન પ્રસન્ન રહેવું.

૧૯૧

નાની ઉંમરમાં ભણવા-રમવામાં સુખ માનો પણ એ ખરું સુખ નથી. આ લોકનું ભણવા સાથે શ્રીજીમહારાજ રાજી થાય તેવું દિવ્ય ભણતર ભણવું જોઈએ, એ જરૂરનું છે. આ

લોકની વિદ્યા આ લોકમાં કામ આવે છે જેથી એનો પણ ખટકો જોઈએ.

૧૯૨

શ્રી હરિ પાસે કીર્તનો ગાઈને તેના કર્તાએ શિરપાવ લીધા છે, વરદાન લીધા છે. આ કીર્તનો આપણે ગાઇએ એ પણ એવો જ લાભ ગણાય, પણ મૂર્તિ આકારે થઈને ગાવાં જોઈએ.

૧૯૩

મહારાજ કહે છે કે "જે સાધુ એમ સમજતો હોય કે જેમ દેહને વિષે જીવ રહ્યો છે તેમ મારા જીવને વિષે ભગવાન રહ્યા છે એવા સાધુથી ભગવાન ને ભગવાનના ધામ અણુમાત્ર છેટાં નથી." આપણને રહસ્યાર્થમાં બાપાશ્રીએ એવું સમજાવ્યું કે 'શ્રીજીમહારાજે મારા ચૈતન્યને સાકાર કરી મૂર્તિરૂપ કરી મૂર્તિમાં રાખ્યો છે, એ અનાદિ મુક્તની સ્થિતિ, તે છેલ્લી દાસ પદવી.' આમાં તો

'રસબસ હોઈ રહી રસિયા સંગ,
જ્યૂં મિસરી પય માંહી ભળી.'

એવું છે પ્રથમ સાધન બહુ કરવાં પડતાં. હવે જ્ઞાને કરીને મૂર્તિનો સંબંધ સમજાય છે. આ લોકમાં યંત્રો વધ્યાં તે બધું નજરે દેખાય છે. તમારે ત્યાંથી ચાર કલાકમાં અવાય, ટેલીફોનથી વાતો થાય, પ્રથમ એ ન હતું. શ્રીજીમહારાજનો પત્ર મયારામ ભટ્ટે લોજથી ભૂજ સાત દિવસે પહોંચાડયો હતો. અત્યારે યંત્રથી બધું સુગમ છે, તેમ શ્રીહરિનો દિવ્યભાવ, મોટા મુક્તનો અલૌકિક ભાવ, જ્ઞાને કરીને મોટા મોટાએ સમજાવી દીધો. એવા એવા જ્ઞાનગ્રંથ પ્રવર્તાવ્યા કે બધું સમજાઈ જાય, અનુભવી શકાય. ફેર કેટલો કે સાધન અંગમાં ન દેખાતાં, શોભામાં ન આવે. 'આંખ્યો મિચીને બેઠા ને

મૂર્તિમાં પેઠા' એ વચનથી જાણે જુદુ જ ભાન થાય છે. મૂંગાને ગોળ ખવરાવે એવું આ નથી, આ તો :

**'મનમાં આવે તેમ મુખથી બોલું રે, જાણે બેઠી છું રાનમાં રે,**
**મન મોહ્યું નયણની સાનમાં.**

મુક્તાનંદ કહે થઈ મતવાલી રે, ગિરધરજીના ગાનમાં.'

એવું છે.

૧૯૪

તમારો સૌનો આગ્રહ છે કે મારે દિવાળી પર ત્યાં આવી શ્રીહરિના તથા ત્યાંના મુક્તોનાં દર્શન કરવાં. મારે ત્યાં આવવામાં તમો સર્વેને સમાસ થાય તેમ મને પણ આપ સૌના દર્શનમાં ઘણો લાભ મળે છે... છતાં શ્રીહરિ કર્તા-નિયંતા છે, તેમની મરજી એ આપણું પ્રારબ્ધ છે. એ રાખે ત્યાં રહેવાય છે, તો તેમની મરજીથી ત્યાં અવાય તો ય એટલો આનંદ છે. "ત્યાં" ને "અહીં" આ દષ્ટિથી જણાય છે. શ્રીજીમહારાજના વચનમાં એમ છે કે આ ગઢડું શહેર કે ઓશરી કાંઈ નથી. તમે સર્વે ત્યાં જ – (અક્ષરધામમાં જ) બેઠા છો. પરમકૃપાળુ બાપાશ્રી એમ સમજાવે છે કે તમને અમે મહારાજની મૂર્તિમાં અનાદિ મુક્ત ભેળા રાખ્યા છે આ સમજણે આપણે બધાં સાથે જ છીએ. દિવ્યભાવ સમજાયો હોય તો દિવ્ય છીએ. મહારાજ અને દિવ્યસભા સાથે હોય તે દિવ્ય જ ગણાય.

૧૯૫

આપણે દિવાળી પ્રસંગ નવીન નથી, કેમકે સદ્ગુરુ અ. મુ. બ્રહ્માનંદ સ્વામી સમજાવે છે કે :

**'બ્રહ્માનંદનો નાથ મળતાં, મારે દાડી દાડી દિવાળી !'**

એ રીતે આપણી દિવાળી સદાય છે. જ્યારે ભેળા થઈએ ત્યારે એવું પર્વ સમજવું. દિવ્યભાવમાં તો અ. મુ. અબજીબાપા

સમજાવે છે કે તમને મૂર્તિમાં રાખ્યા છે. સ. ગુ. શ્રી સ્વરૂપાનંદ સ્વામી કહે છે કે એક લીંબડેકે નીચે મનુષ્ય દેખા, એટલે જ્યાં જાય ત્યાં તેમને સભાએ સહિત મૂર્તિ જ દેખાતી. અ. મુ. સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી કહે છે કે અમને તો મહારાજ વિના કાંઈ દેખાતું જ નથી. સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે અમને મૂર્તિ ભુલાય તો તાળવું ફાટી જાય. આવી સ્થિતિ એ ખરી દિવાળી છે. આ પ્રાપ્તિ સાધનથી થતી નથી, મહારાજ અથવા મહારાજના અનાદિ મુક્તથી થાય છે. અનાદિ મુક્તમાં પણ કર્તા મહારાજ જ છે, આપણે આવી સમજણ, આવું જ્ઞાન, આવી સ્થિતિ પ્રાપ્ત કરવા શ્રીહરિની દિવ્ય મૂર્તિનો અખંડ સંબંધ રાખવો. મહારાજ તથા મોટાની કૃપાએ અગમ્ય નથી :

'માયાનો જન તો જ મટે, જો હરિજન શરણે જાય,
બ્રહ્માનંદ કહે વાર ન લાગે, તરત જીવ શિવ થાય.'
'મહાપદ પામે રે પાછો કે' દિ' ન વળે,
હરિજન સંગે રે શ્રીહરિ તરત મળે.'

આમાં કેવળ કૃપા જ છે, સાધન તો ઉપકરણ છે. તે જોઈએ ખરા પણ બધું કામ સાધનથી ન થાય. સાધનથી કૃપા થાય અને કૃપા થતાં પ્રાપ્તિ થાય. આ બધું આપણને સદ્‌ગુરુઓના પ્રતાપે, બાપાશ્રીના પ્રતાપે બની ગયું છે. પણ એવો જોગ કાયમ રહેતો નથી, તેમ એવું મનન થતું નથી એટલે કૃતાર્થ-પણું, પૂર્ણકામપણું અને અહો! અહો! થતું નથી.

૧૯૬

મહારાજ પોતાના આશ્રિત પર અમૃત નજરે જોઈ રહ્યા છે. નિજાશ્રિત માટે જ પ્રગટપણું છે. પોતે કહે છે કે :

'હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ.'

આ રીતે ભગવાન શરણાગત વત્સલ છે; ગરીબનિવાજ છે.

દિવ્યમૂર્તિ મહારાજ ને દિવ્યરૂપ મુક્તો બધાં પોતાના દાસ પર અઢળક ઢળ્યા છે. નવાં નવાં સુખ આપે છે, એ કેવળ કૃપા.

૧૯૭

પરદેશમાં ખૂબ ફર્યા છો તો હવે સ્વદેશમાં ફરવું. સ્વદેશ કયો? તો અક્ષર અમૃત ધામમાં બિરાજમાન અવિનાશી અલબેલ, પુરુષોત્તમ શ્રીજીમહારાજ તથા મૂર્તિરૂપ અનાદિ મહામુક્તો તથા દિવ્યધામ – આ ત્રણેનું દિવ્યભાવે મનન થાય, ચિંતવન કરાય, એ દષ્ટિએ જોવાય – સેવાય, એ સ્વદેશમાં ફર્યા કહેવાય.

મોટા મુક્તોને મતે મૂર્તિ જ હોય છે. સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીની વાતોથી આ બધું સમજાય તેવું છે. બાપાશ્રી ટૂંકમાં કહે છે કે: 'આંખો વિંચીને બેઠા ને મૂર્તિમાં પેઠા.' એમ મહારાજની દિવ્યમૂર્તિનો આલોચ રાખવો.

૧૯૮

બાપાશ્રી કહે છે કે સુખના સમુદ્રમાં ઝીલવું, તે ઝિલાય છે? એક મૂર્તિ રાખો, તે રખાય છે? તમારે કપિલા છઠ આવી છે, તે મનાય છે? તમારે વાદળી છૂટી પડી છે, તે વાદળી ચૈતન્યને પલાળે છે? તમને ન્યાલકરણ મળ્યા છે, તે ન્યાલ થવાયું છે? તમારે જીતનો ડંકો વાગી ગયો છે, તે નાદ સંભળાય છે? તમને મૂર્તિમાં રાખ્યા છે, તે સ્મરણ ચાલુ રહે છે? અક્ષરધામની જાનમાં પુરુષોત્તમપતિ આવ્યા છે, તે પતિનું અનુસંધાન રહે છે? – આ બધી પરભાવની વાતો છે.

૧૯૯

'શ્રીજીમહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે, શ્રીજીમહારાજ છે.' આ મંત્રમાં દિવ્ય આનંદ છે. મૂર્તિ આકારે વૃત્તિ થયા પછી 'સ્વામિનારાયણ' એ

મહામંત્રથી પણ એ દિવ્ય મૂર્તિ સાથે જ ભાસે. સત્સંગમાં સત્સંગ તે આ છે. મહાન કૃપાળુ અબજીબાપાએ આ મંત્રને વિસ્તાર્યો. નંદ પદવીના મહાન સદ્ગુરુઓમાં પરસ્પર આ સ્થિતિનું ભાન રહેવા જ્ઞાનગોષ્ટિ થતી હશે કારણ તેમને પ્રગટ શ્રીહરિ દષ્ટિગોચર હોવાથી આ સ્થિતિમાં સહેજે વર્તાય. એમના ગ્રંથોમાં આ રહસ્ય વધારે પ્રમાણમાં કેમ નહિ હોય એવી શંકા થાય, પણ એ શંકા ન્યૂન સ્થિતિવાળાને મને છે. પણ

'જ્યાં દેખું ત્યાં રામજી, બીજું કાંઈ ન ભાસે રે.'

એ સ્થિતિમાં તો કર્તા મહારાજ હોય, એટલે એ તો શરણાગતને જેમ સમાસ થાય તેમ સમજાવે કેમકે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ સર્વજ્ઞ છે. એમના ચરિત્રમાં બધું જોવામાં આવે છે. બાળલીલા, તપશ્ચર્યા અને ગાદીભિષેક પછીના ચરિત્રોમાં ઘણું નવું નવું જણાય છે. જ્ઞાનભાગમાં પણ એક જ રીત નથી. તેનું કારણ જેવા સામે પાત્ર. મહારાજ તથા મુક્તોએ એ પ્રમાણે બધાં કાર્યો બતાવ્યાં છે. બાળકને ઉછેરવામાં અનુક્રમથી જ બધું થાય. ભણવામાં પણ એ જ રીત. સત્સંગમાં આવનાર અને સ્થિતપ્રજ્ઞ એમાં દરેક વખતે ક્રિયાનો તફાવત જ હોય. અવસ્થામાં પણ બાળકથી વૃદ્ધ સુધીની દરેક ક્રિયામાં જુદું જુદું જ હોય છે, તે રીતે મહારાજ તથા મોટા મુક્તો જેમ જેમ પાત્રાપણું વધતું જાય તેમ તેમ સમજાવવાની રીત ફેરવતા જાય. શિક્ષણમાં વર્ગ પણ જુદા હોય છે તેમ મહારાજ તથા મોટા મુક્તો પાત્ર પ્રમાણે સૌને સમજાવે છે. અ.મુ. બાપાશ્રીએ અધ્યાત્મ રહસ્યજ્ઞાનનો વિસ્તાર વધુ સમજાવ્યો પણ વાતો તથા વચનામૃત રહસ્યાર્થમાં જ્યાં જેમ ઘટે તેમ બરાબર વાતો કરી છે. તેનું હાર્દ એ જ કે આવા મહાન સ્વરૂપમાં "કર્તા મહારાજ" એટલે એ તો બરાબર જ સમજાવે. શ્રીહરિની દિવ્ય મૂર્તિ સાથે એકતા

થયા પછી આ બધું જેમ છે તેમ સમજાય. આપણે તો દરેક પ્રસંગે શ્રીજીમહારાજ સાથે જ છે, એ વાત દઢ કરવી. ઘરમાં પણ આ ઉત્તમ સ્થિતિની વાતો કરવી. બીજા બધાં જ્ઞાનનો તથા ઘણા પ્રકારની ન્યૂનાધિક સ્થિતિનો અનાદિની દઢતામાં સમાવેશ થઈ જાય છે.

૨૦૦

મૂર્તિ એ જ સુખ. સુખનું સ્થાન મૂર્તિ છે. સાકર આવે એટલે ગળપણ જુદુ નહિ, તેમ મહારાજની મૂર્તિ એ જ સુખ. ચિંતામણિ આવી તો બધું ય આવ્યું. તેથી જ મહારાજે પ્રથમના પહેલા વચનામૃતમાં પોતાની મૂર્તિમાં વૃત્તિ રાખતાં કાંઈ જાણવા – પામવાનું કે જોવાનું બાકી રહેતું નથી, એમ સમજાવ્યું છે. અવરભાવમાં વૃત્તિ છે એટલે એમ જ સમજાવાય, પણ મૂર્તિ આકારે રહેવાય તેમાં તો કાંઈ બાકી જ નહિ. આવી સ્થિતિ સમજાવવા – પમાડવાની બાપાશ્રીએ દયા કરી, એમ કહીએ છીએ તેમાં પણ મહારાજે જ દયા કરી. એટલું સમજવાનું છે, કેમ કે મહારાજ એક જ એવા છે કે તેમાં બીજાં બધાં સ્વરૂપોની લીનતા થાય છે, એટલે બીજાં બધાં સ્વરૂપો, એ એક જ ધણીનાં ગીત ગાય છે.

૨૦૧

સૌને શ્રીહરિને રાજી કરવાનું તાન છે, પણ મોટા મુક્તોની કૃપામાં જે જે આવી જાય છે તેને બહુ લાભ મળે છે. આવું આપણા દરેક શાસ્ત્રોમાં વર્ણન આવે છે. આપણે તો કારણમૂર્તિ શ્રીજીમહારાજ સામી નજર રાખવી. મહારાજ આપણા આધાર છે, આપણા આત્માને દિવ્ય સાકાર કરી આપણને મૂર્તિ ભેળા જ રાખ્યા છે. અનેક મહામુક્તો એ રીતે મૂર્તિના સુખે સુખિયા રહે છે. એમને એક મૂર્તિ જ હોય છે. આ સમયે શ્રીજી-મહારાજ પોતાના આશ્રિત પર અઢળક ઢળ્યા છે. એટલે સૌને દિવ્ય સાકાર કરી મૂર્તિનું સુખ આપે છે. આપણે તો શેરડી

વાંસે એરંડી પણ પાણી પીવે એવું છે. પ્રથમના મુક્તોના ચરિત્ર-પ્રતાપ વિચારીએ છીએ ત્યારે આપણે તેમની આગળ કાંઈ લેખામાં જ નથી. એમના ચરિત્રો તથા સત્તા-સામર્થ્યનો નિર્ણય કોઈથી થાય નહીં. એવા શ્રીહરિના લાડીલા મુક્તો મળ્યા, જેથી શ્રીજીમહારાજનો દિવ્યભાવ આપણને સમજાણો. સત્સંગમાં ઘણા જૂના સંત-હરિભક્તો છે, પણ મોટાના જોગ વિના જેવો છે તેવો શ્રીહરિનો મહિમા જાણી શકતા નથી. મહિમા શું? તો શ્રીજીમહારાજ એક જ સર્વ અવતારના અવતારી ને કારણના કારણ છે. એમના મહિમાનો કોઈ પાર પામી શકતા નથી. એવા સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાને આપણો હાથ ઝાલ્યો છે, ખોટના ખાતાં વાળી નાખ્યા છે. આ બ્રહ્માંડમાં શ્રીહરિએ ભક્તિમાતાને સુખ દેવા દર્શન આપ્યાં, તેમાં અસંખ્ય જીવનો આત્યંતિક મોક્ષ થયો. આપણને પણ છેલ્લી પ્રાપ્તિ ને છેલ્લો મોક્ષ મળ્યો છે. બાપાશ્રી કહે છે કે "કોઈ મૂર્તિ લ્યો! કોઈ મૂર્તિ લ્યો! અમારે ઘેર મૂર્તિનો વેપાર છે." આવા મૂર્તિના આપનારા આવ્યા. એવા જોગમાં આપણું કામ થઈ ગયું. અનંત કોટિ બ્રહ્માંડના કારણ શ્રીજીમહારાજ તેમની પાસે અલ્પ જેવા જીવ શું લેખામાં! તો ય કૃપા કરી જીવો પર અમૃત નજર કરે છે, એટલે જીવો કૃતાર્થ ને પૂર્ણકામ બને છે. અનંતને પરચા-ચમત્કારથી સુખિયા કર્યા. અનેકને દેહને અંતે અનંત દિવ્ય સામગ્રી ને દિવ્ય સભા લઈ તેડવા પધાર્યા. અનેક જ્ઞાનવાર્તાઓ કરી પોતાના દિવ્ય સ્વરૂપનું ભાન કરાવી પૂર્ણકામ કર્યા, તાર્યા, ઉદ્ધાર્યા, એમ ન્યાલ કર્યા. અનેક દિવ્ય શાસ્ત્રો રચ્યાં. અનેક મંદિરો કરી પોતાના સ્વરૂપો પધરાવ્યા. વળી એ મૂર્તિનો સાક્ષાત્કાર કરાવવા, ધામની મૂર્તિ તથા પોતાની મનુષ્યરૂપ મૂર્તિ તથા પોતાની પ્રતિમા એ ત્રણેમાં એક રોમનો ફેર નથી એવી એકતા સમજાવી. મૂર્તિનો સાક્ષાત્કાર થવા તથા

દિવ્યભાવે મહિમા સમજાવવા મહામુક્તો પાસે કીર્તનો કરાવ્યાં. આ બધું કરવામાં સર્વોપરી શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન એક જ કર્તા છે. એ જ કારણ ને સૌના સુખદાતા છે તેથી એમના જેવા બીજા કોઈ ન કહેવાય એટલે મોટામુક્ત મહારાજને અજોડ કહે છે. મોટા મુક્તના જોગ સમાગમથી આવો મહિમા સમજાય છે કેમ કે એ અનુભવથી કહે છે. મહારાજે કહ્યું છે કે અમારા ધામમાં જેવી દિવ્યસભા છે તે તુલ્ય કોઈ ધામમાં સભા નથી, આ તો પુરુષોત્તમ ભગવાનની સભા છે. આ સભા અલૌકિક દિવ્ય છે આવું જ્ઞાન સમજાય તો સદાય આનંદ વર્તે. બાપાશ્રી કહે છે કે આપણે તો મહારાજ, મુક્ત, સંત-હરિભક્તો સર્વેને દિવ્ય જાણવા તો દિવ્ય થવાય :

'મારી મૂર્તિ રે, મારા લોક, ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત.'

શ્રીહરિ સદાય દિવ્ય તેજોમય ધામમાં અનંત મુક્તમંડળની સભામાં દર્શન દે છે. એ જ મહાપ્રભુ અહીં મૂર્તિરૂપે (પ્રતિમા સ્વરૂપે) દેખાય છે. શ્રીજીમહારાજમાં ત્યાગ-ભાગ નથી. અનંત મહામુક્તો એ મૂર્તિના દિવ્યસુખનું પાન કરે છે. બાપાશ્રી કહે છે કે આપણે પણ એ દિવ્યસુખનાં પારણાં કરવાં. એ દિવ્ય અમૃતનું પાન કરવું, અને આનંદના સમુદ્રમાં ઝીલવું. આવા વચનોનો વિચાર કરતાંય સુખ, સુખ ને શાંતિ થઈ જાય તો મૂર્તિ આકારે રહેવામાં કેટલું સુખ થતું હશે? મોટા મુક્તોના અભિપ્રાયમાં તો મૂર્તિ વિના કોઈની સારપ જણાતી નથી. એમને તો એ કારણ મૂર્તિનો જ આધાર હોય તેવું તેમના લખાણ પરથી સમજાય છે. આવું વિચારી શ્રીહરિની અલૌકિક દિવ્ય મૂર્તિનું જ પ્રધાનપણું રાખવાની તાણ રાખવી. ક્યાં ભગવાન! ને ક્યાં જીવ! એ ન બનાવાની વાત બની ગઇ છે, તેથી આપણા ધન્ય ભાગ્ય છે. શ્રીજી-મહારાજે આપણો હાથ ઝાલ્યો ને અનેક જન્મના કર્મ બાળ્યા,

પોતાની દિવ્ય મૂર્તિ આપી, નિર્ભય કર્યા :

'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,
આજ ધર્મવંશીને દ્વાર,
આવો પ્રગટ પ્રભુને પગે લાગવા રે લોલ,
વા'લો તરત ઉતારે ભવપાર.'

આવું એમનું બિરદ છે. જેથી આપણે કહીએ છીએ કે હે શ્રીજીમહારાજ! હે ન્યાલકરણ! આપને પ્રતાપે અમોને આનંદ આનંદ વર્તે છે. વધુ શું કહીએ!

*

આપણું બેસતું વર્ષ

આપણું દિવાળી પર્વ

શું ?

## આપણું બેસતું વર્ષ

તા. ૨૩–૧૦–૧૯૫૨ : નવું વર્ષ, સંવત ૨૦૦૯.

શ્રીજીમહારાજે આપણને મૂર્તિમાં રાખ્યા છે તેથી એ દિવ્ય મનોહર મૂર્તિમાં ચૈતન્યને રસબસ કરી સળંગ-તદ્રૂપ – તલ્લીન – ઓતપ્રોત રહેવું. એ ભાવ ભુલાય નહીં તો આપણે મહારાજના ખરેખરા કૃપાપાત્ર છીએ એમ મનાય. સત્સંગ દિવ્ય છે, મુક્તો તેજોમય દિવ્ય છે એમ કહીએ છીએ પણ બધા મૂર્તિના આધારે છે. આપણો ચૈતન્ય અનાદિ મુક્તના ભાવે સળંગ મૂર્તિ આકારે થઈ મૂર્તિને જુવે એટલે સત્સંગનો ખરો દિવ્યભાવ સમજાયો કહેવાય. બાપાશ્રીની પ્રસન્નતાનું ફળ એ છે. શ્રીજીમહારાજે અનાદિ મુક્તની સ્થિતિ કરાવવા અનાદિની સ્થિતિ પોતે બનાવી તેથી આ અગમ વાત સુગમ બની છે. આપણને તો કારણમૂર્તિ મળી છે. મહારાજ પોતે જ એવાં દર્શન દઈ અનુભવ કરાવે છે. અનાદિ તો મૂર્તિમાં જ છે. બાપાશ્રીના તથા સદ્ગુરુઓના જોગ-સમાગમથી આ વાત બરાબર સમજાણી. અ.મુ. સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી આદિ સંતો તથા અ.મુ. પર્વતભાઈ જેવા મહામુક્તોને પણ મૂર્તિમાં જ જોવા. આપણા ચૈતન્યને એક મૂર્તિ જ છે, ત્યારે એમને તો હોય જ.

આ જ આપણું બેસતું વર્ષ :—'મૂર્તિ'!

શ્રીજીમહારાજનું અખંડ દર્શન
ચૈતન્યમાં રહે,
અખંડ અનાદિની સ્થિતિ
અનુભવાય એ જ પ્રાર્થના.

શ્રીજીમહારાજ તથા અનાદિ મહામુક્તોની અનહદ કૃપાથી ઉપર મુજબનું અનુસંધાન અખંડ રહો.

તા. ૨૯—૧૦—૧૯૫૪ : શુક્રવાર ૨૦૧૧

## મંગળ પ્રભાત

મંગળ રૂપ મહારાજનું, મંગળ મુક્ત સદાય;
શ્રીહરિ સહજાનંદ પ્રભુ, મંગળ અમૃત પાય. ૧
મંગળ સંબંધ જેહને, મંગળ નૂતન વર્ણ;
મંગળ એક જ પ્રાપ્તિ, મંગળ એ જ સુહર્ણ. ૨
મંગળ નિશદિન એહને, મંગળ પ્રભાત ઝળહળે;
મંગળ સર્વે શ્રીહરિ જોતાં, અમંગળતા સહુ ટળે. ૩
સ્વામિનારાયણ સર્વોપરી, મંગલમૂર્તિ એક છે;
અચળ એનો આશરો, તે એક મંગળ ટેક છે. ૪
ધન્ય ધન્ય મંગળમૂર્તિ, ધન્ય ધન્ય દિવસ આજ;
ધન્ય ધન્ય ધર્મકુંવર પ્રભુ, ધન્ય મંગળ મહારાજ. ૫

: જય શ્રી સ્વામિનારાયણ :

તા. ૧૫—૧૧—૧૯૫૫ : સંવત ૨૦૧૨

## મંગળ ધ્યાન

મંગળમય પ્રભુ શ્રીહરિ, દિવ્ય મનોહર રૂપ;
મંગળકારક મુક્તવૃંદ, અક્ષરધામ અનુપ. ૧
મંગળ જ્યોતિ ઝળહળે, તે મધ્યે પ્રભુ સાકાર;
મંગળ નૌતમ મહાપ્રભુ, કિશોર નર આકાર. ૨
મંગળ સત્સંગમાં રહ્યા, મંગળ કરવા કાજ;
મંગળ કારણ મૂર્તિ જે, સહજાનંદ મહારાજ. ૩
મંગળ કરવા કારણે, મંગળ ભૂમિ પર શ્યામ;
મંગળ યશ વિસ્તારિયા, નામ ધરી ઘનશ્યામ. ૪
મંગળ અનુપમ મૂર્તિનું, રૂપ હૃદયમાં ધારવું;
મંગળ કરણ મનહરણ, રૂપ સદા સંભારવું. ૫

મંગળ પ્રભાતે શ્રીહરિ આપ સર્વેનું દિવ્ય મંગળ કરો એ પ્રાર્થના.

તા. ૨-૧૧-૧૯૫૬ : સંવત ૨૦૧૩

## નૂતન વર્ષની મંગળ પ્રભાતે

### શ્રીહરિ પ્રાર્થના

તેજ તેજ અંબારમાં, તેજોમય મહારાજ,
આવ્યા અવની ઉપરે, કરવા જનના કાજ. ૧
જયકારી જય જય પ્રભુ, નામ ધર્યું ઘનશ્યામ,
પ્રગટ પ્રતાપ જણાવિયો, પોતે પૂરણ કામ. ૨
અવતારી અવતારના, સ્વામી સહજાનંદ,
નામ અનંત બહુનામીના, લેતાં થાય આનંદ. ૩
દિવ્ય અલૌકિક મૂરતિ, મહિમા અપરંપાર,
મુક્તવૃંદ સાથે ઘણાં, દિવ્ય સદા સાકાર. ૪
મંગળ એવા મહાપ્રભુ, મંગળ વર્ષ દિન માસ,
કરો મંગળ સૌ દાસનું, સદાય રહીને પાસ. ૫

આજના મંગળ પ્રભાતે શ્રીહરિનું ધ્યાન કરી આપણે પ્રાર્થના કરીએ કે હે મહાપ્રભુ! આપના શરણાગત એવા જે અમો તેમને પોતાના બાળ જાણી અમૃત નજરે સેવજો.

તા. ૨૦-૧૦-૧૯૫૭ : સંવત ૨૦૧૪, ગુરુવાર

## મંગળ વર્ષ

અક્ષર પર આનંદઘન, અવિનાશી અલબેલ,
ભક્તિધર્મ સુત શ્રીહરિ, સુંદરવર રંગ છેલ;
સહજાનંદ આનંદ કંદ, હરિકૃષ્ણ ઘનશ્યામ,
દિવ્ય મનોહર મૂર્તિ, સર્વોપરી સુખધામ.

અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિ સહજાનંદ સ્વામી ભગવાન પોતાના દિવ્યધામને વિષે અનંત કોટિ મુક્તોએ સેવ્યા થકા બિરાજમાન છે, એવા શ્રીહરિની નૂતન વર્ષે આપ સર્વે પર અમૃત નજર રહો, અને નવા વર્ષના મંગળ પ્રભાતે આપ સર્વેનું હરેક પ્રકારે મંગળ થાઓ, એ જ અભ્યર્થના.

તા. ૧૨-૧૧-૧૯૫૮ : સંવત ૨૦૧૫, કારતક સુદ ૧

## મંગળ પ્રભાત

મંગલમય ઘનશ્યામ શ્યામ સૌના દિવ્યાકૃતિ છે સદા,
મુક્ત અનાદિ દિવ્ય નાથ સાથે મૂર્તિરૂપે સર્વદા;
તદ્રૂપ રસબસભાવ તલ્લીન રહે સાકાર જેમ શ્રીહરિ,
અવતારી અવતાર રીત ન્યારી મૂર્તિ રહ્યા છે ધરી. (૧)
અક્ષરધામ અખંડ તેજ જ્યોતિ અંબાર છે તેજનું,
મધ્યે મનોહર મોક્ષરૂપ મૂર્તિ નરરૂપ દિવ્યતનું;
સહજાનંદ આનંદ કંદ સહુનાં સર્વોપરી રાજતા,
સુખના સાગર પ્રાણરૂપ પ્રભુ ત્યાં અખંડ બિરાજતા. (૨)
શોભેમુક્ત સદાય શ્યામ સન્મુખ અગણિત તેજેભર્યા,
પરમ એકાંતિક નામ ધામમાંહી સુખસુખમાં જે ઠર્યા;
એવા દાસ અખંડ દિવ્યરૂપે ધામે સભા એહની,
સર્વાંગે જ્યાં તેજ તેજ ઝળકે અદ્ભુત શોભા બની. (૩)
એકાંતિક પણ ધામરૂપ થઈને સત્સંગમાં સૌ રહ્યા,
ભક્તિ ધર્મ ને જ્ઞાન સિદ્ધ કરતાં વૈરાગ્યવંત જે થયા;
આવો દિવ્ય સમૂહ ધામ કેરો સત્સંગમાં જાણવો,
અંતર આનંદકંદરૂપ રાખી આનંદ પરમાણવો. (૪)
આજે મંગળ વર્ષ માસ મંગળ, મંગળ દિવસ આવિયો,
મંગળમય મહારાજ રાજ રાજે, ઉમંગ ઉલટાવિયો;
મંગળ કરવા કાજ આજ આવ્યા હરિકૃષ્ણ કરુણાનિધિ,
દિવ્યરૂપ ઘનશ્યામ શ્યામ પોતે સંભાળ સૌની લીધી. (૫)

આજના મંગળ પ્રભાતથી શ્રીજીમહારાજની નમો સહકુટુંબ પર અમૃત નજર રહો.

તા. ૧૧૧-૧-૧૯૫૯ : સં. ૨૦૧૬ ના
કારતક સુદ ૧૧, બુધવાર

## દેવદિવાળીના સમૈયાની મંગળ પ્રભાતે

શ્રી ઘનશ્યામ પૂરણ કામ, અક્ષરધામ જે હરિ રાજતા;
નરદેહ રૂપ નવીનધારી, પુર છપૈયે બિરાજતા.
પિતા ધર્મ ને માત ભક્તિ, ભ્રાત રામપ્રતાપ છે;
ભાઈ નાના શ્યામ હરિના, નામ ઈચ્છારામ છે.
એ ધર્મકુળ પરિવારમાં, ભૂતળ ધર્મને સ્થાપવા;
પ્રગટ્યા પ્રભુ સર્વોપરી, સુખ દિવ્ય અલૌકિક આપવા.
ભુવન વર્ષ અગિયાર રહીને, બાળ લીલા બહુ કરી;
વન વિકટ સાત વર્ષ ફર્યા, નીલકંઠ મૂર્તિ માધુરી.
જીવ અનંતને ઉદ્ધારવા, હરિ મોક્ષ કરવા કારણે;
ધર્યું નામ સહજાનંદ સ્વામી, પામર પતિત જન તારણે.
શ્રી સ્વામિનારાયણ સ્વયં, પ્રભુ સર્વ કારણ શ્રીહરિ;
એ જ્ઞાન સૌને આપવા, રીત નવીન અદ્ભુત આદરી.
સંપ્રદાય ઉજ્જવળ સ્થાપિયો, સંત અનંત સંગે બતાવિયા;
પ્રથમ વ્રત કરડાં ચલાવી, એ મુક્તાને પણ તાવિયા.
દિવ્ય સુખ અલૌકિક આપવા, પછી સર્વ પર કરુણા કરી;
દેશવિદેશમાં વિચરણ કર્યું, ન્યાલકરણ પ્રભુ એ શ્રીહરિ.
એ મૂર્તિ આનંદ કંદની, અખંડ દિવ્ય ધામે રહે;
પુર છપૈયે પ્રગટ થયા તે, મૂર્તિ રૂપે સૌ કહે.
એ સ્વરૂપ ત્રણે એક છે, ફેર રોમનો જેમાં નહિ;
શ્રીમુખ વચનામૃત વિષે, એ વાત સૌ જનને કહી.

: જય શ્રી સ્વામિનારાયણ :

તા. ૨૦-૧૦-'૬૦ : સં. ૨૦૧૭, કારતક સુદ ૧, શુક્રવાર

## મંગળ પ્રભાત

અક્ષરધામ સમાન આ ભૂમિ વિષે, રાજે સ્વયં શ્રી હરિ;
જેણે રૂપ અનુપ દિવ્ય ધરિયું, કરુણા અતિશય કરી.
છપૈયાપુર સર્વ શ્રેષ્ઠ જાણો, જ્યાં દષ્ટિ સૌની ઠરે;
પિતા ધર્મ ભક્તિ માત ભુવને, પ્રભુ બાળલીલા કરે.
કરતા નૌતમ ખેલ છેલ રસિયો, ઘનશ્યામ નામે હરિ;
જેણે રૂપ અનુપ એહ જોયું, મૂર્તિ નવીન માધુરી.
અમૃત ઘન નવનીત રંગ રસના, સર્વત્ર વરસાવિયા;
આજે મંગળ વર્ષ માસ દિન મંગળ, મંગળ પ્રભુ આવિયા.
નીરખી નૌતમ નાથ મુક્ત સાથે, ઉમંગ અંતર ભર્યો;
સુખના સાગર દિવ્ય મોજ દેતા, ધન્ય ન્યાલ મુજને કર્યો.

*

અગણિત વિશ્વની રે, ઉત્પતિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.

—શ્રીજીમહારાજ

આવા અક્ષરાતીત અવિનાશી શ્રી સહજાનંદ સ્વામી ભગવાનની આજે બેસતા વર્ષના મંગળ પ્રભાતથી આપ સહકુટુંબ પર અમૃત નજર રહો.

અભયવરદાતા અવિનાશી મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની સ્મૃતિએ સહિત......

તા. ૬-૧૧-'૬૧: સંવત ૨૦૧૮ના કારતક સુદ ૧, ગુરુવાર

(ભુજ - કચ્છથી)

## નૂતન વર્ષાભિનંદન

નૂતન વર્ષે નવનિધિ, દિવ્ય ચિંતામણિ જેહ;
અક્ષરધામના અધિપતિ, પુરુષોત્તમ પ્રભુ તેહ.
સ્વામિનારાયણ નામ જે, સ્વામી સહજાનંદ;
મનોહર સુંદર મૂરતિ, સદાય આનંદકંદ.
અવતારી સર્વોપરી, સર્વ નિયંતા રાજ;
મંગળ દિન પ્રભુ આજનો, મહેર કરો મહારાજ.
વંદન કરી સ્તવન કરું, ધરું અંતર ધ્યાન;
દર્શન દેજો દાસને, ભક્તવત્સલ ભગવાન.
જન્મ ધરે કરોડો કદિ, તપ કરે યુગ અપાર;
અવિનાશી પ્રભુ ન મળે, એવા ધર્મકુમાર.
ભક્તિધર્મના ભુવનમાં, ખેલ કરે ઘનશ્યામ;
અખંડ તેજોમય શ્રીહરિ, સુંદર સુખના ધામ.
ઉત્તમ દિન પ્રભુ જાણીને, આવો શ્રી પરમેશ;
અનંત મુક્તના મધ્યમાં, શોભો નટવર વેશ.
કૃપા કરો કરુણાનિધિ, મહેર કરો મુનિભૂપ;
પ્રૌઢ પ્રતાપ જણાવતાં, સુંદરવર સુખરૂપ.

: જય શ્રી સ્વામિનારાયણ :

* * *

તા. ૨૯-૧૦-૧૯૬૨ : સં. ૨૦૧૯ના
કારતક સુદ ૧, સોમવાર

## નૂતન વર્ષાભિનંદન

દિવ્ય સિંહાસને રાજતા, દિવ્ય તેજોમય અંગ;
વસ્ત્ર આભૂષણ દિવ્ય જે, દિવ્ય મુક્તવૃંદ સંગ.
અક્ષરધામ સ્વતેજમાં, દિવ્ય રૂપ સાકાર;
પુરુષોત્તમ પ્રગટ પ્રભુ, શ્રીહરિ સર્વાધાર.
અનંત ધામના અધિપતિ, નિર્ગુણ રૂપ સદાય;
દિવ્ય મનોહર મૂરતિ, નિગમ નેતિ કહી ગાય.
કર્તા નિયંતા મહાપ્રભુ, સૌના કારણ શ્યામ;
અક્ષરાતીત અગમ અતિ, સ્વામિનારાયણ નામ.
અનાદિ મુક્ત અદૃશ્ય રહે, પરમ એકાંતિક પાસ;
સૌના કારણ શ્રીહરિ, મુક્તવૃંદ સહુ દાસ.

આજના મંગળ પ્રભાતથી આપ સહકુટુંબ તથા સ્નેહીવર્ગને શ્રીજીમહારાજ સદાય સુખી રાખે એ જ પ્રાર્થના.

"અવતારી સર્વોપરી, સર્વ નિયંતા રાજ,
મંગળદિન પ્રભુ આજનો, મહેર કરો મહારાજ."

* * *

તા. ૧૫–૧૦–૧૯૬૩ : સંવત ૨૦૨૦

## મંગલ પ્રભાત

નવીન વર્ષ દિન આજનો, ઉત્તમ પર્વ ગણાય;
અવસર ઉત્તમ જાણીને, સૌ જન આવે જાય. ૧
ચંદન છાંટયા ચોકમાં, ભભકે ઘર ને દ્વાર;
ધજા પતાકા તોરણે, શોભે ભુવન અપાર. ૨
અવિનાશી આવ્યા આંગણે, ધર્મકુંવર હરિરાય;
હર્ષભર્યા હરિજન જુવે, જય જય મુખથી ગાય. ૩
પાઘ સોનેરી શિર પરે, છોગું મુગટ અનુસાર;
ચંદન ચર્ચ્યા ભાલમાં, કુમકુમ ચંદ્ર ઉદાર. ૪
તોરા બાજુ કપૂરના, અર્પ્યા હેત સહિત;
મૂર્તિ ઉતારે મીટથી, નીરખે થઈ પુલકિત. ૫
જોતાં સૌ નયણાં ભરી, કોટિ ભુવન શિરતાજ;
દિવ્યરૂપ મૂર્તિ સદા, તેજોમય મહારાજ. ૬
વિધ વિધ વાજાં વાગતાં, ઢોલ ત્રાંસા શરણાઈ;
મૂર્તિ મનોહર જોઈને, સૌ બોલે હર્ષ વધાઈ. ૭
પ્રીતમ પધાર્યા આંગણે, મંગળ વર્ષ શુભ દિન;
મંગળકારી મહાપ્રભુ, ધન્ય ધન્ય વર્ષ નવીન. ૮

મંગળ વર્ષના ઉત્તમ દિવસે શ્રીહરિની સ્મૃતિએ સહિત આપ મુક્તમંડળ સહકુટુંબ સર્વેને સ્નેહપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૪ | ૨૧ | હરિક્તાને | હરિભક્તાને |
| ૧૬ | ૧૭ | માહમા | મહિમા |
| ૧૭ | ૨૯ | મૂર્તાનો | મૂર્તિનો |
| ૨૩ | ૧૩ | વૃદાવનદાસજી | વૃંદાવનદાસજી |
| ૩૩ | ૧૯ | સાને | સૌને |
| ૪૬ | ૧૬ | સહ્ગુરુ | સદ્ગુરુ |
| ૪૭ | ૧૦ | બાપાશ્રો | બાપાશ્રી |
| ૫૦ | ૨૯ | મુક્તાને | મુક્તોને |
| ૭૪ | ૯ | સાધનથા | સાધનથી |
| ૮૪ | ૧૩ | વાંચવા | વાંચવી |
| ૧૦૪ | ૨૭ | બનાવાની | બનવાની |

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
# શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે —

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ–બહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો – ઔષધાલયો સ્થાપવાં –ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતા મંદિરો, સત્પુરુષોના સ્મારક કેન્દ્રો, વગેરેના નિર્માણ – નિભાવ – વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસ-કાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં – ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વ સમન્વય સધાય એવા સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાન વિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં; અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું.

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમા સદાચાર અને નીતિના ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદયભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ જનસમુદાય ઊર્ધ્વગામી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

*